# લુપ્તપ્રાય આદિકાલીન જૈન તત્ત્વજ્ઞાનના ગૂઢ સંકેતો+

(જૈન આગમોનું ઐતિહાસિક વિશ્લેષણ)

બંસીધર ભટ્ટ*

## પ્રાસ્તાવિક :

ભારતનો પ્રાચીન વૈદિકધર્મ અને ઈ.સ. પૂર્વે આશરે ચોથી સદીથી અસ્તિત્વમાં આવેલા જૈન અને બૌદ્ધ ધર્મો; આ ત્રણે ધર્મોની વિચારસરણીમાં ક્યાં પરસ્પર સામ્ય મળી આવે છે અને ક્યાં, કોની, કોના પર કઈ રીતે અસર થવા પામી છે તે વિષે છેલ્લી એક સદીથી લગભગ ૫૦-૬૦ વિદ્વાનોનાં નાનાં મોટાં ૭૦-૮૦ સંશોધનો પ્રસિદ્ધ થયાં છે. આવા સંશોધન-સાહિત્યના ઈતિહાસની રૂપરેખાનો કાંઈ પરિચય આપવાનું અહીં આવશ્યક નથી. પરંતુ, જૈન-જૈનેતર ધર્મોમાં સમવિષમતા દર્શાવવા કે જૈનધર્મના આદિકાળની વિચારસરણી પ્રકાશમાં લાવવા પાછળ આમાંના કેટલાક મુખ્ય વિદ્વાનોનું કયું અગત્યનું દૃષ્ટિબિંદુ હતું તે અહીં સંક્ષેપમાં સ્પષ્ટ કરવું આવશ્યક છે. ૧૮૮૫ માં એર્ન્સ્ટ લૉયમાને જૈન આગમોમાંથી - રાજપ્રશ્નીમાંથી પાયાસી-કથા અને જ્ઞાતાધર્મકથામાંથી દ્રૌપદી-કૃષ્ણની કથાઓ, તેમ જ સૂર્યપ્રજ્ઞપ્તિમાંથી જ્યોતિષશાસ્ત્ર અને અપ્રાપ્ય બારમા અંગ દૃષ્ટિવાદની કાલ્પનિક વિષયાનુક્રમણીમાંથી તંત્રશાસ્ત્ર વગેરે વિષયવસ્તુની સમાનતા બ્રાહ્મણ પરંપરાનાં કયાં શાસ્ત્રોમાં મળી આવે છે તે જણાવ્યું. ૧૯૦૨ માં એફ. ઓટ્ટો શ્રાડરે પ્રાચીન જૈન અને બૌદ્ધ સાહિત્યમાં મળી આવતા ક્રિયાવાદ, અક્રિયાવાદ, અજ્ઞાનવાદ, વિનયવાદ, જેવા વિષયો વિષે ચર્ચા કરતાં પ્રસંગોપાત્ત બ્રાહ્મણ પરંપરાના સાહિત્યમાં મળી આવતા તે તે વિષયોના કેટલાક વિચારો સાથે સામ્ય દર્શાવ્યું. ૧૯૧૫ માં હેરમાન ઓલ્ડેનબેર્ગે ઉપનિષદોના અને બૌદ્ધોના વિચારોની જે તુલના કરી છે તે જૈન વિચારસરણી માટે એટલી જ આવકારદાયક થઈ પડી છે. ૧૯૩૫ માં એ.એમ. ઘાટગેએ જૈન આગમોમાં ઉત્તરાધ્યયન, ઉપાસકદશા, ભગવતી (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ), જ્ઞાતાધર્મકથા વગેરેમાં, અને બૌદ્ધ સાહિત્યમાં તથા જાતકકથાઓમાં મળી આવતી સમાનતા વિષે લેખ લખ્યો, અને જૈન આગમોનાં વૃત્તાંતો જાતકકથાઓ કરતાંય પ્રાચીન અને મૌલિક છે તેમ જણાવ્યું. અહીં ઘાટગેએ જાર્લ શારપેન્ટીઅરની (૧૯૨૨) ઉત્તરાધ્યયનની આવૃત્તિનો ઉપયોગ કર્યો હોવા છતાં પણ, ઉત્તરાધ્યયનનાં આદિ-મૂળ જૈનેતર જાતકકથાઓમાં રહ્યાં છે તેવું પુરવાર કરતી શારપેન્ટીઅરની સંશોધન પ્રક્રિયામાં કયાં દોષ રહી ગયો છે તે (ઘાટગેએ) દર્શાવ્યું પણ નથી અને આગળ સંશોધન પણ કર્યું નથી, તથા શારપેન્ટીઅરે કેટલીક જાતકથાઓની અને બૌદ્ધગ્રંથોની, તો કેટલીક ઉત્તરાધ્યયનની ગાથાઓમાં અનેક રીતે સામ્ય દર્શાવ્યાં છે તે બાબતે કોઈ ઉલ્લેખેય કર્યો નથી ! ૧૯૫૭ માં ગોવિંદ ચંદ્ર પાંડેની Studies in the Origins and History of Buddhism નામે એક કૃતિ પ્રકાશિત થઈ. ભારતીય વિદ્વાનોને તેના વિષયવસ્તુનાં વિવેચન એટલાં આકર્ષક થઈ પડયાં કે તેની ૧૯૭૪ માં બીજી અને ૧૯૮૩ માં ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધિમાં આવી. આ કૃતિમાં પાંડેએ વૈદિક અને જૈન-બૌદ્ધ વિચારોમાં જણાતી સમવિષમતા વિષે વિસ્તારથી ચર્ચા કરી, તથા સંસારત્યાગના આદર્શની પ્રણાલી વૈદિક વિચારધારાથી ભિન્ન છે, અને આર્યો ભારતમાં આવ્યા તે પહેલાંથી તે આદર્શનો આદિસ્રોત શ્રમણ કે આર્હત પરંપરામાંથી ચાલ્યો આવતો હતો, જે આજે જૈન-બૌદ્ધ સાહિત્યમાં સૌ પ્રથમ વાર પ્રતિબિંબિત થયો છે, તેવું સિદ્ધ કરવા પ્રયાસ કર્યો છે. શ્રમણ પરંપરાના આગ્રહી બૌદ્ધ અને જૈન વિદ્વાનોને ઉપકારક વિષયસામગ્રી પૂરી પાડતી પાંડેની આ કૃતિ એક શાસ્ત્રગ્રંથરૂપ થઈ પડી છે. ૧૯૫૭ પછીથી પ્રસ્તુત મુદ્દાઓની ચર્ચા કરતાં પ્રકાશિત થયેલાં કેટલાંક મુખ્ય સંશોધનોના ઉલ્લેખ કરી, પાંડેએ પોતાની કૃતિની નવી આવૃત્તિઓમાં તે તે સંશોધનો પર ક્યાંય સમીક્ષા કરી હોય તેવું જણાતું નથી. ૧૯૬૫ માં દલસુખભાઈ માલવણીઆએ आगमयुग का जैन दर्शन નામે એક કૃતિ હિંદી ભાષામાં પ્રસિદ્ધ કરી અને ૧૯૮૫ માં Beginnings of Jaina

+ભો. જે. વિદ્યાભવનમાં 'ભારતીય સંસ્કૃતિ વ્યાખ્યાન માળા'ના ઉપક્રમે તા. ૨૫-૨-૧૯૯૩ ના રોજ અપાયેલ વ્યાખ્યાન.

*પ્રોફેસર, વેસ્ટફાલિયા યુનિવર્સિટી, મ્યુન્સ્ટર (જર્મની)

Philosophy in the Ācārāṅga નામે એક લેખ લખ્યો, જેમાં જૈન દર્શનના સિદ્ધાંતોની આચારાંગમાં મળી આવતી પ્રાથમિક ભૂમિકા દર્શાવતાં, સાથે સાથે ઔપનિષદ વિચારસરણીનો પણ કાંઈક ઉલ્લેખ કર્યો. આ જ અરસામાં, ૧૯૬૧થી લુદ્‌વીગ આલ્સદોર્ફે ઘણા લેખો લખી જૈનોના ઉત્તરાધ્યયનનાં ઘણાં અધ્યયનોનો ઉદ્‌ભવ મૂળ પ્રાચીન જાતકકથાઓમાંથી થયો છે તેમ દર્શાવી જાર્લ શારપેન્ટીઅરની ઉત્તરાધ્યયનની આવૃત્તિમાં રહી ગયેલા દોષો દૂર કર્યા. ૧૯૬૭ થી જાપાનના હાજીમે નાકામુરાએ જાપાની ભાષામાં પ્રાચીન ભારતીય ધર્મોની સમીક્ષા કરી અને ૧૯૮૩ માં આચાર, સૂત્રકૃતાંગ, ઋષિભાષિતાનિ, તત્ત્વાર્થસૂત્ર, ઇત્યાદિ જૈન શાસ્ત્રગ્રંથોમાંથી અને કેટલાક બૌદ્ધ શાસ્ત્રગ્રંથોમાંથી પરસ્પર શબ્દસામ્ય સાથે વિચારસામ્ય પણ દર્શાવ્યું. ૧૯૭૮માં કે.કે. દીક્ષિતે પશ્ચિમના કેટલાક વિદ્વાનોનાં મંતવ્યો સાથે જૈન આગમોમાં મળતી વિચારસરણીની પ્રાચીનતા દર્શાવવા ચર્ચા કરી.

જૈનોના આગમોમાં આચાર, સૂત્રકૃતાંગ, દશવૈકાલિક અને ઉત્તરાધ્યયન પ્રાચીન ગણાય છે. તેમાં આચારનો પહેલો શ્રુતસ્કંધ સૌથી પ્રાચીન છે. આ બધાનું અધ્યયન કરતાં સામાન્ય કક્ષાના વાચકને પણ એક સત્યની તો અવશ્ય અને સહેજે ઝાંખી થઈ જાય છે કે જે સિદ્ધાંતો માટે જૈન દર્શન જાણીતું થયું છે તે સિદ્ધાંતો, જેવા કે જીવ-અજીવાદિ ૭-૯ તત્ત્વો, ૫ સમિતિઓ, ૫ અસ્તિકાયો, ૩ ગુપ્તિ, ૫ જ્ઞાન, ૮ કર્મપ્રકૃતિ, ૪ કષાયો, સપ્તભંગી અને નય, ઉપરાંત, ૨૪ તીર્થંકરોની કલ્પના કે તેમનાં નામોનો ઉલ્લેખ, ઇત્યાદિ ઇત્યાદિ આચારના પહેલા શ્રુતસ્કંધમાં તો મળતાં જ નથી, પણ બીજા પ્રાચીન આગમોમાંયે તે બધાં દૃષ્ટિગોચર થતાં નથી. પરંતુ, જૈન તત્ત્વદર્શન સંબંધી કોઈ કોઈ વિચારો જે સંકેતરૂપે પ્રાચીન જૈન આગમોમાં આમ તેમ ગૂઢ વિખરાયેલા પડયા છે, તેમને સંશોધનો દ્વારા પ્રકાશમાં લાવવાની દિશામાં હજી સુધી કોઈપણ વિદ્વાને શરૂઆત કરી નથી. આ વિચારો પ્રાચીનતમ છે અને તત્કાલીન ઔપનિષદ દર્શન સાથે શબ્દસામ્ય કે વિચારસામ્ય ધરાવે છે એટલું જ નહીં, પરંતુ તે આજે મળી આવતા પ્રચલિત જૈન દર્શનથી તદ્દન ભિન્ન તરી આવતા એક અજ્ઞાત પ્રાચીનતમ જૈન દર્શનની કોઈ નવી જ દિશા સૂચવે છે. ૧૯૮૯ માં ઇટલીથી પ્રસિદ્ધ થયેલા મારા લેખમાં જૈન દર્શનના આવા ગૂઢ વિચારો મેં પ્રકાશિત કર્યા હતા (ભટ્ટ ૧૯૮૯), તે હું અહીં વિસ્તારથી રજૂ કરવા માગું છું.

### § ૦૧. જૈન આગમો

જૈન આગમોની વિષય-ગૂંથણી તદ્દન અટપટી અને ક્લિષ્ટ છે. તેમાંના કોઈ એક મુદ્દાની અપેક્ષાએ ઇતર મુદ્દાની પ્રાચીનતા પુરવાર કરવાનું કાર્ય પણ એટલું જ અટપટું અને વિકટ બની જાય છે. તેમ છતાં, પ્રાચીન પુરવાર થએલા જૈન આગમ ગ્રંથોની અને તેમાંના કેટલાક વિભાગોની કે ફકરાઓની સ્પષ્ટ સમજી શકાય એ રીતે મેં સમીક્ષા કરી છે. અહીં ચર્ચા કરવામાં આવતા વિભાગોની આવાં વિશિષ્ટ દૃષ્ટિબિંદુથી કોઈ વિદ્વાને સમીક્ષા કરી નથી. આ પ્રકારનો અભ્યાસ આ લેખમાં કોઈ એક સૂત્રગ્રંથને કદાચ સંપૂર્ણ ન આવરી શકે, તો પણ જે નવા દૃષ્ટિકોણથી અહીં એની સમીક્ષા કરવામાં આવી છે તે ભવિષ્યમાં જૈન દર્શનના બીજા કોઈ મુદ્દાઓની પણ સમીક્ષા આ પ્રકારે આગળ વધારવા એક નવો માર્ગ ચીંધશે એમ હું માનું છું. આ સમીક્ષામાં જૈન વિચારોના વિકાસનાં સોપાનોની એક ઐતિહાસિક પરંપરાનો પણ ખ્યાલ આપવામાં આવ્યો છે; અને બ્રાહ્મણ વિચારધારા સાથેના તેના ઘનિષ્ઠ સંબંધો અને સમાનતા પણ સ્પષ્ટ કરવામાં આવ્યાં છે. દિગંબર જૈનોના પ્રાચીન ગ્રંથો અહીં વિવેચન માટે સ્વીકૃત શ્વેતાંબરોના આગમ ગ્રંથો કરતાં નવા છે, જેથી દિગંબર ગ્રંથોને આ લેખમાં મહત્ત્વ આપવામાં આવ્યું નથી.

### § ૧. આચાર : પ્રથમ શ્રુતસ્કંધ - બ્રહ્મચર્યા (આચાર I)

જૈન આગમોમાં જીવ વિષેની કલ્પના આત્મતત્ત્વનાં ગૂઢ ચિંતનોમાંથી ઉદ્‌ભવી નથી, પરંતુ જૈનોના દૈનિક જીવનના અનુભવોમાંથી રૂઢ થયેલી છે, આવા પ્રકારના હેરમાન યાકોબીના[1] મંતવ્ય પાછળ જે તથ્ય રહ્યું છે તે તપાસવા માટે જૈન શાસ્ત્રગ્રંથોમાં સૌથી પ્રાચીન ગણાતા શ્વેતાંબર જૈનોના આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધની સમીક્ષા આવશ્યક થઈ પડે છે. આ શ્રુતસ્કંધને બંભચેર (બ્રહ્મચર્યા, જુઓ § ૧.૮) કહે છે, જે ઇ.સ. પૂર્વે આશરે ત્રીજી કે બીજી સદી જેટલું પ્રાચીન કહી શકાય. આચારના બ્રહ્મચર્યામાં કુલ ૮ અધ્યયનો મળે છે, પણ મહાપરિણ્ણા-

મહાપરિજ્ઞા નામે તેનું એક અધ્યયન જૈન પરંપરામાંથી લુપ્ત થયું છે, તેવું શ્વેતાંબરો માને છે. સુગમતાને કારણે અહીં મુનિ જંબૂવિજયજીની આચારસૂત્રની આવૃત્તિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં બધાં સૂત્રોની સંખ્યા સળંગ આપવામાં આવી છે. વળી, સરળતાના કારણે, અહીં પ્રાકૃત ભાષાનાં નામોનું સંસ્કૃત ભાષામાં રૂપાંતર કરવામાં આવ્યું છે તથા પ્રાકૃત કે સંસ્કૃત ભાષાનાં નામો નાગરી લિપિને બદલે ગુજરાતી લિપિમાં દર્શાવ્યાં છે, અને ગાથા શબ્દ સામાન્ય રીતે કોઈપણ પદ્યરચના માટે વાપર્યો છે.

## § ૧.૧. આચાર-બ્રહ્મચર્યા-શસ્ત્રપરિજ્ઞા (આચાર ૧)

બ્રહ્મચર્યાના પહેલા અધ્યયન સત્થપરિણ્ણા-શસ્ત્રપરિજ્ઞામાં કુલ સાત ઉદ્દેશો (અધ્યયનના પેટાવિભાગ) આવે છે. તેના પહેલા ઉદ્દેશમાં બાકીના છ ઉદ્દેશોની પૂર્વભૂમિકારૂપે જીવાત્મા, હિંસક કર્મ વ.નો ઉલ્લેખ કર્યો છે. સમગ્ર રીતે જોતાં, શસ્ત્રપરિજ્ઞામાં જીવ માટે પ્રાણ શબ્દનો જ પ્રયોગ મળે છે. જો કે શારીરિક જીવાત્માના અર્થમાં ત્યાં આયા-આત્મા શબ્દ ૧૦ વાર આવે છે. જ્યારે ફક્ત ૪ વાર જ્યાં જીવ શબ્દ એક સામાન્ય અર્થમાં વપરાયો છે, એ બધાં સૂત્રો ક્ષેપક છે (જુઓ § ૧.૧.૨). પરંતુ પ્રાણ શબ્દ શસ્ત્રપરિજ્ઞામાં ૨૧ વાર યોજવામાં આવ્યો છે. તેમાં પશુ, પંખી, વનસ્પતિ, અને માનવજાત સમાઈ જાય છે. વળી, આ અધ્યયનમાં વ્યક્તિગત શારીરિક જીવાત્માની વિચારણા કરવામાં આવી છે (જેમ કે... मे आया...મારો આત્મા. આચાર ૧.૧..અનુકૂળતાને લીધે આ લેખમાં પ્રાણ શબ્દ માટે ગુજરાતીમાં સામાન્ય અર્થમાં જીવ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.)

મનુષ્યને **कम्म समारंभा** ની - હિંસાત્મક કર્મની પરિણ્ણા - પરિજ્ઞા (સંપૂર્ણ જ્ઞાન અને સંન્યાસ) ન થાય ત્યાં સુધી તે અનેક જન્મોમાંથી પસાર થયા કરે છે અને **विरूवरूवे फासे पडिसंवेदेति** – અનેક પ્રકારનાં દુઃખસ્પર્શની લાગણી અનુભવે છે. પણ કર્મ-સમારંભોનું પૂરું જ્ઞાન થતાં જ તે જન્મ-મરણના બંધનમાંથી છૂટે છે (**जातिमरणमोयणं**. આચાર ૧.૫-૭). અહીં અને અન્યત્ર આવતો સમારંભ શબ્દ વૈદિક છે. વૈદિક સાહિત્યમાં યજ્ઞની પરિભાષામાં પશુહિંસા માટે હિંસા શબ્દને બદલે "પકડવાના" અર્થમાં **आलभते–आरभते** જેવો શબ્દપ્રયોગ થતો. અશોકના શિલાલેખોમાં (..**नो किंचि जीवे आलभितु पजोहितविये**..) અને ગૌતમધર્મસૂત્રમાં (..**अनारम्भी**...૩.૨૪) પણ આરંભ-આલભ શબ્દ હિંસાના અર્થમાં વપરાયો છે. વૈદિક યજ્ઞની પરિભાષાનો સમારંભ શબ્દ જૈનોના આચારમાં શા માટે વપરાયો હશે એવી શ્મિતહાઉસેને શંકા વ્યક્ત કરીને આ શબ્દનો શૂબ્રીંગે કરેલો અર્થ (..to have to do..દશવૈકાલિક, ૬.૨૯, પૃ. ૨૧૭) યોગ્ય નથી એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે (શ્મિતહાઉસેન પૃ.૯-૧૦). આનું કારણ સ્પષ્ટ છે કે પ્રાચીન જૈન વિચારકોને વૈદિક વિચારધારા કે યજ્ઞયાગાદિક ક્રિયાઓ સાથે કોઈ વિરોધ નહોતો.[૨]

## § ૧.૧.૧. "છ જીવ-નિકાયો" (આચાર ૧.૨-૭)

શસ્ત્રપરિજ્ઞાના બાકીના છ (૨-૭) ઉદ્દેશોમાં છ પ્રકારની હિંસાત્મક ક્રિયાઓ અને તેની પરિજ્ઞા વિષે વિવેચન થયું છે. અહીં છ સમારંભોનાં વર્ણન વ્યાવહારિક જીવનમાંથી લેવામાં આવ્યાં છે. જે પદાર્થના ઉપયોગથી તે પદાર્થમાં રહેતા જીવોની હિંસા સંકળાયેલી હોય તેવા પદાર્થના નામ ઉપરથી એ સમારંભનું નામ આપવામાં આવ્યું છે. આવા પદાર્થોમાં પૃથ્વી, ઉદક (પાણી), અગ્નિ, વનસ્પતિ, ત્રસ-કાય અને વાયુની ગણના થઈ છે. શસ્ત્રપરિજ્ઞા જણાવે છે કે કેટલાક લોકો પરિવંદન, માન અને પૂજન માટે તથા જાતિ-મરણમાંથી છૂટવા હિંસક કર્મો આદરે છે (૧.૬, ૨.૧૩, ૩.૨૪, ૪.૩૫, ૫.૪૩, ૬.૫૧, ૭.૫૮). આ બધા ઉદ્દેશોમાં ફક્ત સાધુઓનાં જ, અને તે પણ ફક્ત પાંચ કર્મોની જ ચર્ચા છે-પાપ કે પુણ્યવાળાં સમગ્ર કર્મોની અહીં ચર્ચા નથી (સરખાવોઃ **अणगारा मो त्ति एगे पवयमाणा... विहिंसंति**- અમે ભિક્ષુ છીએ એમ રટ્યા કરી કેટલાક...હિંસા આદરે છે. ૨.૧૨, ૩.૨૩, ૪.૩૪, ૫.૪૨, ૬.૫૦, ૭.૫૭ જૈનોની અને બૌદ્ધોની પરિભાષામાં હિંસા શબ્દના સ્થાને વિહિંસા શબ્દ પ્રચલિત છે.). ગૌતમ ધર્મસૂત્ર પ્ર.૩ (પૃ. ૩૫-૩૬)માં અગ્નિ પ્રજ્વલન (૩.૨૬), માંસાહાર (૩.૩૦), ચામડાનાં

વસ્ત્રો કે વલ્કલ ધારણ કરવા (૩.૩૩) બાબતે જે જે ઉલ્લેખો આવે છે તે શસ્ત્રપરિજ્ઞાનાં આવાં વિધાનો સાથે સરખાવી શકાય. કૌષીતકિ બ્રાહ્મણ ઉપનિષદમાં (૨.૩-૫) પણ આવા પ્રકારનું વર્ણન આવે છે. બીજા ઉદ્દેશ પૃથ્વીશસ્ત્રમાં (૨.૧૫) કાપવાના અર્થમાં **भिद्** તથા તેની ઉપર આચાર-નિર્યુક્તિમાં (૯૭, પૃ. ૨૨) છેદવાના અર્થમાં **छिद्** ક્રિયાપદો યોજ્યાં છે. તેમાં પૃથ્વીની અંદર રહેતા જીવોની હિંસાનું વર્ણન સહજ સ્પષ્ટ થાય છે. આચાર નિર્યુક્તિ ૧૦૩ પણ ''પૃથ્વીમાં (**तन्निस्सिए**) રહેતા જીવો'' એવો પૃથ્વીશસ્ત્રનો અર્થ કરે છે. આચાર નિર્યુક્તિ ૯૫ માં પૃથ્વીકાય-શસ્ત્રમાં (**हलकुलियविसकुद्दाल...एवं तु समासओ सत्थं**) હળ, કુલિક, કોદાળી વગેરે સાધનોની ગણતરી કરી છે. વળી, આચારચૂર્ણિએ (પૃ. ૧૯-૨૦) પણ આ વિષે તેવું જ મંતવ્ય વ્યક્ત કર્યું છે. એટલે કે હળ, કોદાળી જેવાં શસ્ત્રોનો ઉપયોગ કરવામાં પૃથ્વીમાં રહેતાં જીવજંતુની હિંસા થાય છે તેને 'પૃથ્વીકાય-શસ્ત્ર કે પૃથ્વી-કર્મ-સમારંભ કહે છે. આ વર્ણનોમાંથી પૃથ્વીકાય જીવો હોય તેવો અર્થ સંભવતો નથી.

ઉદકશસ્ત્ર (પાણી પીવું, નહાવું, ધોવું, ઈત્યાદિ) નામે ત્રીજા ઉદ્દેશમાં સૂત્ર ૨૬ (**संति पाणा उदयणिस्सिया जीवा अणेगा.** જુઓ હ ૧.૧.૨.) પણ **उदयणिस्सिया (उदक-निःसृताः** કે **उदक-निश्रिताः)** પદ દ્વારા સ્પષ્ટ કરે છે કે અહીં ''પાણીમાંથી નીકળતા'' કે ''પાણીમાં રહેતા'' જીવોની ચર્ચા છે. તેમાંથી પાણી જીવ છે એવો, એટલે કે ઉદકકાય જીવો જેવો અર્થ નીકળતો નથી. આ કારણે જૈન મુનિઓ પાણીનો ઉપયોગ ન છૂટકે જ કરે છે અને વિયડ (વિકૃત - કોઈ ગૃહસ્થીએ ઉકાળીને ઠારી રાખેલું) પાણી પીએ છે[૩] (સરખાવોઃ **वस्त्रपूतं जलं पिबेत्**-મનુસ્મૃતિ, ૬.૪૬ અને બૌધાયન ધર્મસૂત્ર, ૨.૬.૧૧.૨૪). તેવી રીતે ચોથો ઉદ્દેશ-અગ્નિશસ્ત્ર જણાવે છે કે આગ લગાડવાથી પૃથ્વી, તણખલાં, પાંદડાં, લાકડાં, ગોબર અને કાદવ જેવામાં ભરાઈ રહેલાં (**पुढवि-णिस्सिया तण-णि० पत्त-णि० कट्ठ-णि० गोमय-णि० कयवर-णि०** ૪.૩૭) જીવજંતુની હિંસા થાય છે. માટે અગ્નિકર્મ સમારંભ ન આચરવો, અગ્નિશસ્ત્રનો ઉપયોગ ન કરવો. આ સંદર્ભમાં જીવજંતુને સંપાતિમા (જુઓ પિશેલ § ૬૦૨) કહ્યાં છે. એટલે કે હવામાં ઊડતાં જીવજંતુ પણ અગ્નિ સ્પર્શ થતાં (**अगणि पुट्ठा**) મરી જાય છે. અગ્નિકાયશસ્ત્ર અને ત્રસકાયશસ્ત્રમાં (ઉદ્દેશ ૬) **णिस्सिय** - શબ્દપ્રયોગ થયો છે. આચાર નિર્યુક્તિ ૧૨૩ પણ જણાવે છે કે અગ્નિશસ્ત્રથી પૃથ્વી, પાણી કે વનસ્પતિમાં ભરાઈ રહેલાં અને ત્રસકાય જીવજંતુ (આગળ જુઓ) મરી જાય છે. આ જીવો સ્વયં અગ્નિકાય હોય એવું ઘટી શકતું નથી. વનસ્પતિશસ્ત્ર વિષેના પાંચમા ઉદ્દેશમાં વનસ્પતિનું વિશિષ્ટ પ્રકારે વર્ણન થયું છે. વનસ્પતિની હિંસાનો પ્રતિષેધ પ્રાચીન વૈદિક કાળથી થતો રહ્યો છે. (જેમ કે, **वर्जयेद्बीजवधम्**[૪] ગૌતમ ધર્મસૂત્ર ૩.૨૨). આ મુદ્દાનો આગળ (§ ૨.૧.૨) વિચાર કરવામાં આવશે. ત્રસકાયશસ્ત્ર નામે છઠ્ઠા ઉદ્દેશમાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે ''જતા'' કે ''ભય પામતા'' ત્રસ(કાય) જીવોનું વર્ણન આવે છે. તેમાં (૬.૫૨) જણાવ્યું છે કે કેટલાક પૂજા કે પ્રતિષ્ઠા ખાતર (**अच्चाए**), મૃગચર્મ, માંસ કે લોહી માટે (**अजिणाए...मंसाए...सोणिताए**) જીવોનો વધ કરે છે (**वधेंति**). આવા સંદર્ભમાં અહીં એક નવા **वध्** ક્રિયાપદનો વિશિષ્ટ પ્રયોગ થયો છે. આથી સ્પષ્ટ કહી શકાય કે અહીં શિકાર જેવાં હિંસક કર્મોની સાથે સાથે બાણ કે એવું ત્રસ-શસ્ત્ર સંકળાયેલું છે. આ શસ્ત્રો એક ઠેકાણેથી બીજે ઠેકાણે ''ગતિ કરે છે'' (**त्रस्**) અને જીવોનો વધ કરતાં હોવાથી તેમને ''ભય ઉપજાવે છે'' (**तसंति पाणा पदिसो दिसासु य** ૬.૪૯), આથી આવાં શસ્ત્રોને ત્રસકાયશસ્ત્ર કહે છે. આ ઉદ્દેશમાં ત્રસ (કાય) જીવો (**तसा पाणा**) અને ત્રસકાય શસ્ત્ર, બંને શબ્દો જુદા જુદા સંદર્ભમાં સંકળાયેલા છે. ત્રસકાયશસ્ત્ર હિંસક શસ્ત્રના અર્થમાં આવે છે. પણ **तसा पाणा** ઈંડાંમાંથી કે વગર ઈંડે કે ગર્ભમાંથી જન્મતા (અંડજ, જરાયુજ, પોતજ) ચર જીવો માટે વપરાય છે. ત્રસ અને સ્થાવર જેવા જીવોના બે વિભાગો પ્રાચીન વૈદિક કાળથી ચાલ્યા આવે છે.[૫] અહીં ત્રસ-એટલે કે હલનચલન કરતા જીવોમાં, નાના જીવોઃ અંડજ, રસજ (પ્રવાહીમાં ગરમીની વિક્રિયાથી ઉદ્ભવ પામતાં), સ્વેદજ, સંમૂર્ચ્છિમ (? સ્ત્રીપુરુષના સમાગમ વિના જન્મતાં ? કદાચ, સમુચ્છિન્ન ? અથવા, ઠંડીથી ઘટ્ટ બનેલો પ્રવાહીનો ગઠ્ઠો ?), ઉદ્ભિજ્જ (વનસ્પતિ) અને મોટા જીવોઃ પોતજ, જરાયુજ અને ઔપપાતિક (મુખ્યત્વે સંસારી જીવો, દેવ, મનુષ્ય, ઈત્યાદિ) ઉપરાંત સ્થાવર-એટલે કે વનસ્પતિ જેવા સ્થિર જીવો

(જુઓ આચાર નિર્યુક્તિ ૧૫૪.). ચોથા ઉદ્દેશમાં અગ્નિશસ્ત્ર માટે જે અર્થમાં સંપાતિમા શબ્દ આવ્યો હતો તે જ અર્થમાં તે સાતમા ઉદ્દેશ વાયુશસ્ત્ર માટે પણ યોજાયો છે. પવન ફુંકાય કે હવા વેગવંત બનતાં - વાયુ વાવાથી-હવામાં ઊડતાં જીવજંતુ મરી જાય છે (**संति संपाइमा पाणा आहच्च संपतंति य** ૭.૬૦), આ પ્રકારના કર્મસમારંભને વાયુકાયશસ્ત્ર કહે છે. અહીં, વાયુ હિંસાનું એક સાધન છે, પણ તે સ્વયં જીવ છે તેવો અર્થ ઘટી શકતો નથી.

### § ૧.૧.૨. શસ્ત્રપરિજ્ઞાની વિચારધારા અને પરિભાષા

સમગ્ર શસ્ત્રપરિજ્ઞા અધ્યયનમાં પ્રાણ શબ્દનો પ્રયોગ વિશેષ તરી આવે છે, પણ જીવ શબ્દ ઉપયોગમાં લીધો નથી. ઉપનિષદોમાં પણ પ્રાણ શબ્દ જીવના અર્થમાં વપરાયો છે, જેમ કે **सर्वे प्राणाः** (કૌષીતકિ ઉપનિષદ ૩.૨), **प्राणोऽस्मि प्रज्ञात्मा**[૬]...(કૌષીતકિ બ્રાહ્મણ ઉપનિષદ). પ્રાણ શબ્દપ્રયોગ જીવશબ્દ કરતાં પ્રાચીન છે. બ્રહ્મચર્યાના બીજા અધ્યયન લોગવિજય (લોકવિચય)માં પ્રાણ શબ્દ બેયમાં અને ચારપગાં પ્રાણીઓ માટે પણ વપરાયો છે (જુઓ ઉદ્દેશ ૩, સૂત્રો ૭૮-૭૯, સરખાવો દશવૈકાલિક ૬.૧૧.). આમ, ચર અને સ્થાવર, મનુષ્યો અને પશુ,-બધા પ્રકારના જીવો માટે પ્રાણ શબ્દ પ્રયોગ થયો છે. જૈન દર્શનમાં હિંસા માટે પ્રાચીન શબ્દ **प्राणातिपात**- પ્રાણાતિપાત પ્રચલિત છે, તેમાં પણ પ્રાણ શબ્દથી બધા જીવો આવરી લીધા છે. શસ્ત્રપરિજ્ઞા જણાવે છે કે પ્રાણો પૃથક્ પૃથક્ - વિવિધ સ્થળે રહેલા છે (**संति पाणा पुढो-सिया** ૨.૧૧,૬.૪૯), શૂબ્રીંગે ૨.૧૧-૧૨ને ધ્રુવગંડિકા તરીકે ગણ્યા છે. શસ્ત્રપરિજ્ઞાની કોઈ પ્રાચીન વાચનામાં અમુક અમુક સ્થળે આ ધ્રુવગંડિકાની પુનરુક્તિ થતી રહેતી, તેવું આચારચૂર્ણિના આધારે (પૃ.૩૦,૩૭) નિશ્ચિત થાય છે, પણ અત્યારે મળી આવતી આચારની બધી આવૃત્તિઓમાંથી વાચનાકારોએ આવી ધ્રુવગંડિકા કેટલાક પાઠમાંથી દૂર કરી છે (શૂબ્રીંગ-આચાર, પૃ.૫૭). આ ધ્રુવગંડિકા સૂત્રકૃતાંગ I ૧૦.૪. માં પણ પુનરાવર્તન પામી છે.

શસ્ત્રપરિજ્ઞામાં ત્રણ સ્થળે (૩.૨૬ બેવાર, ૬.૪૯, ૭.૬૨ ચાર વાર)[૭] આવતા જીવ શબ્દ વિષે અહીં ચર્ચા કરવાની જરૂર છે. **संति पाणा उदयनिस्सिया जीवा अणेगा** (૩.૨૬ પ્રાણો, પાણીમાંથી નીકળતા જીવો અનેક છે)માં પ્રાણ શબ્દ જીવના જ અર્થમાં હોવાથી જીવ શબ્દ અહીં નિરર્થક થઈ પડે છે. આ સૂત્ર પછી આવતું સૂત્ર- **इहं च खलु भो अणगाराणं उदयं जीवा वियाहिया** (૩.૨૬ ભિક્ષુઓ માટે અહીં પાણીને જીવો કહ્યા છે)માં એક નવું ''આગવું મંતવ્ય'' રજૂ થયું છે, અને તે સમગ્ર ઉદ્દેશ ૩ માં મૂળ સળંગ ચાલી આવતાં વર્ણનોમાં ક્ષતિ પહોંચાડે છે. આ સૂત્ર મૌલિક નથી, પાછળથી પ્રક્ષિપ્ત થયું હોય એમ લાગે છે. છઠ્ઠા ઉદ્દેશના સૂત્ર ૪૯ માં (**...एस संसारे त्ति पवुच्चति...सव्वेसिं पाणाणं..भूताणं..जीवाणं..सत्ताणं..**) પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વ જેવા નિરર્થક સમાનાર્થ ''શબ્દાડંબર'' (cliche[૭]- ક્લીશે), **संसार, निज्झाइत्ता, परिणिव्वाण, महब्भयं दुक्खं** જેવા નવા શબ્દોની ગૂંથણી અને તેમાંથી વ્યક્ત થતો નવો વિચાર, વગેરે બાબતો આખા શસ્ત્રપરિજ્ઞામાં તદ્દન અલગ પડી જાય છે. વળી, દરેક ઉદ્દેશ સંપૂર્ણ પૂરો થયા પછી, તે ઉદ્દેશના અંતે **इति बेमि** જેવું ઇતિશ્રી આવે છે. પરંતુ ૬.૪૯ માં આ પ્રણાલીનું ઉલ્લંઘન થયું છે. તેમાં **इति बेमि** ઉદ્દેશની અંદરના ભાગમાં આવ્યું છે. આમ, **एस संसारे...ति बेमि** (સૂત્ર ૪૯)પ્રક્ષિપ્ત છે. તેમાં **सव्वेसिं पाणाणं...ति बेमि** સુધીનો ભાગ આચાર ૪.૨.૧૩૯ માંથી ઊતરી આવ્યો હોય તેમ જણાય છે.

સૂત્ર ૭.૬૨ કાંઈક વિશેષ સ્પષ્ટતા માગી લે છે. શસ્ત્રપરિજ્ઞામાં છ જીવનિકાયો-છ પ્રકારના જીવો-હોય એવાં વર્ણન નથી, પરંતુ જીવોની હિંસાના છ પ્રકારનાં વર્ણનો છે તે હકીકત, ઉપરનાં વિવેચનોથી (§ ૧.૧.૧) પ્રકાશમાં આવી શકી. આખા શસ્ત્રપરિજ્ઞામાં ક્યાંય **छज्जीवनिकाय** (છ પ્રકારના જીવો) શબ્દ મળતો નથી. તે સાતમા ઉદ્દેશને અંતે ફક્ત સૂત્ર ૬૨માં ચારવાર આવે છે. સામાન્ય રીતે ઉપર જણાવ્યા મુજબ દરેક ઉદ્દેશ પૂરાં થતાં જ અંતે **इति बेमि** જેવી ઇતિશ્રી મૂકીને તે ઉદ્દેશ પૂર્ણ થયો તેમ દર્શાવ્યું છે. તે પ્રમાણે સાતમા ઉદ્દેશમાં સૂત્ર ૬૧માં **इति बेमि** થી તે ઉદ્દેશ પૂર્ણ થયો છે તેવું નિશ્ચિત થવા છતાં, સૂત્ર ૬૨માં **इति बेमि** નું પુનરાવર્તન જોવા મળે છે ! સમગ્ર શસ્ત્રપરિજ્ઞાના ઉપદેશનો નિષ્કર્ષ દર્શાવતું સૂત્ર ૬૨ પાછળથી અહીં પ્રક્ષિપ્ત છે (જુઓ રિ.૭).

શસ્ત્રપરિજ્ઞામાં છ-જીવ-નિકાયની-પૃથ્વી(કાય)જીવ, ઉદક(કાય)જીવ, અગ્નિ(કાય)જીવ, વનસ્પતિ(કાય)જીવ, ત્રસકાયજીવ અને વાયુ(કાય)જીવની-એક નવી વિચારસરણી જન્મી છે એવું જૈન ટીકાકારો અને તેઓને અનુસરીને જૈન દર્શનના દરેક સંશોધકો જણાવે છે, તે ભૂલભરેલું છે. જો કે ત્રસકાય જીવો વિષે ઉપર સ્પષ્ટતા કરી છે (§ ૧.૧.૧.) અને વનસ્પતિકાય વિષે આગળ વિચારણા કરવામાં આવશે. દશવૈકાલિકના ચોથા અધ્યયનનાં ગદ્યસૂત્રોમાં ૩ વાર જીવનિકાય શબ્દને બદલે **जीवणिया** (જીવનિકા ''જીવન નિર્વાહનું સાધન'') શબ્દ આવે છે. શૂબ્રીંગે તેની આવૃત્તિમાં આ બાબતની નોંધ લીધી છે (પૃ.૨૪૦), અને તેના મતને અમારા વિવેચનથી પુષ્ટિ મળે છે. આ ઉપરાંત, શૂબ્રીંગે સંશોધનોના આધારે જણાવ્યું છે કે શસ્ત્રપરિજ્ઞામાં કર્મસમારંભોનો મૂળ ક્રમ-પૃથ્વી (ઉદ્દેશ ૨), ઉદક (ઉદ્દેશ ૩), અગ્નિ (ઉદ્દેશ ૪), વાયુ (ઉદ્દેશ ૭), વનસ્પતિ (ઉદ્દેશ ૫), ત્રસકાય (ઉદ્દેશ ૬) - આ રીતે હોવો જોઈએ, જે શસ્ત્રપરિજ્ઞામાં અસ્તવ્યસ્ત થઈ ગયો છે - ઉદ્દેશ ૭ (વાયુ) છેલ્લે મૂક્યો છે (જુઓ. શૂબ્રીંગ-આચાર પૃ.૫૮ અને આવશ્યક ચૂર્ણિભાગ ૨, પૃ. ૩૦૨).

શસ્ત્રપરિજ્ઞામાં આત્મા શબ્દ ઉપનિષદોની વિચારધારામાંથી અપનાવ્યો હોય એમ લાગે છે. જો કે શસ્ત્રપરિજ્ઞાના આ પ્રાચીન અધ્યયનમાંથી જીવ અને આત્મા શબ્દ વચ્ચેનો કાંઈ ભેદ સ્પષ્ટ થતો નથી. વળી, અહીં પ્રાણ શબ્દ જીવના અર્થમાં આવ્યો છે, જ્યારે આખા બ્રહ્મચર્ય શ્રુતસ્કંધમાં પ્રાણી (પ્રાણવાળો = જીવ) શબ્દ ફક્ત એક જ વાર (**णो पाणिणं पाणे समारभेज्जासि** ૩.૨.૧૨૧ પ્રાણીઓના પ્રાણની હિંસા ન કરે ! **समारभेज्जासि** માટે જુઓ પિશેલ § ૪૬૦) આવે છે. પ્રાણ શબ્દનો વિશિષ્ટ અર્થ પહેલાં જીવ થતો હતો, તે બદલાઈને અહીં સામાન્ય પ્રાણી જેવા અર્થમાં રૂઢ થયો છે. ઉપર્યુક્ત સૂત્ર ૩.૨.૧૨૧ અહીં ઉલ્લેખ પામેલા ત્રિષ્ટુભ શ્લોકોની એક પંક્તિ છે (શૂબ્રીંગ-આચાર પૃ. ૧૫.૫૪). શસ્ત્રપરિજ્ઞાની પરિભાષામાં **फास** - સ્પર્શ અને **पडिसंवेदयति** / ટૂંકમાં વેદના જેવા અગત્યના શબ્દો જોવા મળે છે, જે પ્રાચીન ઔપનિષદ વિચારધારામાંથી પ્રચલિત થયા છે (જુઓ, ફ્રાઉવાલ્નેરની વિસ્તૃત ચર્ચા. I. પૃ. ૧૧થી, તથા આલ્સદોર્ફ ઇત્થિપરિન્ના ૧.૨૮ પર વિવેચન Kl. Sch., પૃ. ૨૧૦-૨૧૧).

આ બધાં વિવેચનોના આધારે એમ કહી શકાય કે પ્રાચીન જૈન વિચારધારામાં પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ જેવાં તત્ત્વોને જીવંત ગણવામાં આવતાં નહોતાં, પણ ફક્ત વનસ્પતિ જ જીવંત છે એમ મનાતું. તેથી શસ્ત્રપરિજ્ઞા અધ્યયનના પાંચમા ઉદ્દેશમાં વનસ્પતિશસ્ત્રનું વર્ણન વિશિષ્ટ પ્રકારનું છે. તેની તથા યાસ્કના નિરુકતની અહીં તુલના કરવાથી તે સ્પષ્ટ થશે. નિરુકત ૧.૨ જણાવે છે કેઃ **षड् भावविकारा भवन्तीति वार्ष्यायणिः, जायतेऽस्ति विपरिणमते वर्धतेऽपक्षीयते विनश्यति** । પતંજલિએ પણ તેના મહાભાષ્યમાં (૧.૩.૧.૧૧) આનો ઉલ્લેખ કર્યો છે. આ છ ભાવવિકારોને શસ્ત્રપરિજ્ઞાના વનસ્પતિશસ્ત્ર સાથે આ પ્રમાણે સરખાવી શકાયઃ-

| **નિરુકત ૧.૨ (वार्ष्यायणि)** | | **શસ્ત્રપરિજ્ઞા ૫.૪૫** |
|---|---|---|
| १ | जायते, | जातिधम्मयं- |
| २ | अस्ति, | ? |
| ३ | विपरिणमते, | विपरिणामधम्मयं, चयोवचइयं- |
| ४ | वर्धते, | वुड्ढिधम्मयं- |
| ५ | अपक्षीयते, | छिण्णं मिलाति- |
| ६ | विनश्यति, | अणितियं, असासयं- |

પાંચમા ઉદ્દેશમાં વનસ્પતિ જીવંત છે તેવું સ્પષ્ટ વર્ણન થયું છે, અને તે પર છ ભાવવિકારોના વિચારની અસર થઈ છે. પ્રાચીન વૈદિક સાહિત્યમાં વનસ્પતિ જીવંત છે તેમ મનાતું હતું (જુઓ વેઝ્લેર ૧૯૮૬, વાલ્તેર સ્લાયે; Bewusstsein und Wahrnehmungsvermoegen von Pflanzen aus hinduistischer Sicht - હિંદુ દૃષ્ટિએ વનસ્પતિનાં અંતઃકરણ અને ઇંદ્રિયપ્રત્યક્ષની ક્ષમતા, ગ્રાઝ ૧૯૮૯ પૃ. ૧૪૭-૧૬૯). વનસ્પતિને કાપવામાં

વનસ્પતિ-જીવની હિંસા થાય છે અને તે વનસ્પતિમાં વળગી રહેલાં ઇતર જીવજંતુની પણ હિંસા થાય છે એવો આ ઉદ્દેશનો આશય હોય એમ લાગે છે.

શસ્ત્રપરિજ્ઞામાં લોક શબ્દ જીવોના આશ્રયસ્થાન તરીકે ગણાય છે. ૪.૩૨ મુજબ લોકનું અને આત્માનું અસ્તિત્વ નકારી શકાતું નથી (णेव सयं लोगं अब्भाइक्खेज्जा णेव अत्ताणं अब्भाइक्खेज्जा) આત્મવાદી લોકસત્તાને નકારે છે અને લોકવાદી આત્મસત્તાને નકારે છે, તેથી પાપકર્મ થાય છે, અને બંને તે પાપકર્મમાંથી છૂટતા નથી. કારણ કે લોકસત્તા નકારવામાં લોકમાં રહેતા જીવોના અસ્તિત્વ વિષે બેદરકારી થાય છે (अयं लोको नास्ति पर इति मानी पुनः पुनः वशमापद्यते કઠ ઉપનિષદ, ૧.૨.૬.) અને આત્મસત્તા નકારવામાં સર્વે પ્રાણીઓની હિંસા થાય છે. (લોકવાદી અને આત્મવાદી માટે જુઓ શ્રાડર પૃ. ૩૮થી તથા ૫૨થી.). લોક દુઃખથી ભરપૂર છે અને સાચું જ્ઞાન તેમાં થતું નથી. તેનાથી તો બંધન (गंथ = ग्रंथि) થાય છે, મોહ થાય છે, પાપકર્મ થાય છે (૧.૬) માટે મુનિએ કર્મની પરિજ્ઞા-વિવેક જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ કે હિંસા કેવી રીતે થાય છે અને તે કેમ ટળે. પરિજ્ઞા એટલે શસ્ત્રનો અસમારંભ, જ્ઞાન, વિવેક (सत्थं असमारंभमाणस्स इच्चेते आरंभा परिण्णाया भवंति ૨.૧૬, ૩.૨૯, ૪.૩૮. ૫.૪૬, ૬.૫૩, ૭.૬૦) આથી કર્મસમારંભ ન કરવો, ન કરવા દેવો કે ન કરાવવો (૧.૪, ૨.૧૩, ૧૭, ૩.૨૪, ૩૦, ૪.૩૫, ૫.૪૩, ૪૭, ૬.૫૧, ૫૪, ૭.૫૮, ૬૧), તે જ મુખ્ય માર્ગ છે. અહીં સર્વત્ર પાપકર્મ ઉપર જ ભાર મૂકયો છે. આ પાપ કર્મો જીવને અનેક જન્મોની પરંપરા સાથે જોડે છે (संधेति ૧.૬, - संधि). સાધુઓને પોતાનાં દૈનિક કે નિત્ય-નૈમિત્તિક કર્મો તો કરવાનાં જ રહે છે (સરખાવો આવશ્યક ચૂર્ણિ, પૃ. ૯૭ अनेन...शुभेषु पवत्तति, असुभेषु निवत्तति). ભિક્ષુ થયા પછી ભિક્ષુને તેના નિયમોનું પાલન આવશ્યક છે (अणुपालिय- ૩.૨૦). તેણે સરળ સ્વભાવે, દગો કર્યા વગર વર્તવું જોઈએ (उज्जुकडे...अमायं कुव्वमाणे ૩.૧૯) અને ધર્મની આજ્ઞામાં (आणा-૩.૨૨) રહેવું જોઈએ. આવા વિચારો આરુણિ ઉપનિષદ (૧.૫) અને પરમહંસ ઉપનિષદમાં (૨.૪) માં આવે છે. મુમુક્ષુએ લોકમાં રહેલાં હિંસાનાં ક્ષેત્રોની વિચારણા કરવી જોઈએ અને તે રીતે અશસ્ત્રનાં (અહિંસા) ક્ષેત્રો પણ જાણી લેવાં જોઈએ. આવા સદા અપ્રમત્ત અને સંયમી મુમુક્ષુને અહીં વીર કહીને પ્રશંસા કરી છે (૪.૩૨,૩૩). આ સૂત્રમાં પહેલી વાર जाणइ-पासइ જેવો ''શબ્દાડંબર'' (cliche) આવે છે જે ઉત્તરકાલીન જૈન દર્શનશાસ્ત્રીઓ માટે વિવરણનો મોટો વિષય થઈ પડયો છે. (जाणइ-पासइ નું પુનરાવર્તન આચાર I.૨.૧.૭૧ તથા ૫.૬.૧૭૫માં થયું છે.). આચારના બ્રહ્મચર્યમાં ''શબ્દાડંબર'' (cliche) ની યોજના વિસ્તૃત થઈ તે પહેલાં ''કીએસમસ'' (chiasmas: ''શબ્દોની ઊલટ-સૂલટ-ચોકડી x પ્રકારની રચના'') ની યોજના પ્રચલિત હતી, જેનો પ્રાચીન વૈદિક સાહિત્યમાં પણ પ્રયોગ થતો હતો.

શસ્ત્રપરિજ્ઞામાં બંધનના અર્થમાં ગુણ શબ્દનો પ્રયોગ થયો છે. રૂપ, શબ્દ, વગેરે ગુણના વિષયો છે. લોકો ગૃહસ્થાશ્રમમાં ગુણોથી અગુપ્ત (अगुत्त, અસંરક્ષિત) રહે છે, તેઓ ગુણોથી આકર્ષાય છે અને ભ્રમિત થાય છે. (૫.૪૧). પ્રમત્ત થઈ ગુણોમાં રચ્યા રહેવું તેનું નામ હિંસા-દંડ (૪.૩૩). જે ગુણ છે તે આવર્ત-જન્મમરણના ફેરા છે (जे गुणे से आवट्ट जे आवट्ट से गुणे ૫.૪૧- કીએસમસ !). ગુણ શબ્દથી થતાં આવાં સાંસારિક વર્ણનો દ્વારા લોક શબ્દમાંથી સંસારની ભાવનાનો ઉદ્ભવ થતો જણાય છે. સંસારી - ગૃહસ્થ-દશામાં લોકો પોતાનું રક્ષણ કરવા કે ધર્મપાલન કરવા સમર્થ નથી, તેઓ તો ગુણોના આસ્વાદ માત્રમાં રચ્યા રહે છે. (गुणासाते...૫.૪૧). શસ્ત્રપરિજ્ઞામાં સંસાર શબ્દ અજ્ઞાત લાગે છે. પણ તેને અનુરૂપ પરિભાષામાં પ્રાચીન આવર્ત (आवट्ट- ૫.૪૧ - જન્મમરણની ઘટમાળ) શબ્દનો પ્રયોગ થયો છે. બ્રહ્મચર્યનું લોકવિચય નામે બીજું અધ્યયન જણાવે છે કે અજ્ઞાની જન્મમરણના ફેરામાં અટવાયા કરે છે (जातीमरणं अणुपरियट्टमाणे ૨.૩.૭૭) કે દુઃખોના આવર્તમાં - સંસારચક્રમાં - ભમ્યા કરે છે (दुक्खाणमेव आवट्टं अणुरियट्टति ૨.૩.૮૦, ૨.૬.૧૦૫, સરખાવો ૫.૧.૧૫૧). કર્મસમારંભ

ગ્રંથ-ગ્રંથિ (गंथे, ગાંઠ, બંધન) છે; मोह, मृत्यु (मार) અને નરક (निरए) છે. તેમાં જ લોકો જકડાયેલા (गढिए - ग्रथित, બંધાયેલા) રચ્યા રહે છે (૨.૧૪, ૩.૧૫, ૪.૩૬, ૫.૪૪, ૬.૫૨, ૭.૫૯) ત્રીજા અધ્યયન શીતોષ્ણીયમાં આવી સાંસારિક દશાને આવર્ત-સ્રોતની (आवट्ट सोए ૩.૧.૧૦૭) સંજ્ઞા આપી છે. આવર્ત શબ્દ કોઈવાર ગુણો સાથે અને કોઈવાર सोए स्रोतस्, સ્રોત, પ્રવાહ) સાથે સંકળાએલો છે. (સરખાવો - ''उड्ढं सोता अहे सोता तिरियं सोता...एते सोता...जेहिं संगं ति...आवट्टमेयं तु...'' ૫.૬.૧૭૪). સ્રોતને બદલે ઓઘ (ધસમસતો પ્રવાહ, પૂર) શબ્દનો પ્રયોગ પણ થયો છે, જેમકે एस ओघंतरे मुणी (૨.૬.૯૯ = ૫.૩.૧૬૧ : પૂર પ્રવાહ તરી જનાર એ મુનિ છે...). શ્વેતાશ્વતર ઉપનિષદમાં પણ આવી જ પરિભાષા યોજાઈ છે. તેમાં સંસારના વર્ણન માટે યોનિ (કારણ), સ્રોત, આવર્ત, ઓઘ, પર્વ (ગ્રંથિ - ગાંઠ, બંધન), ગુણ, જેવા શબ્દપ્રયોગો થયા છે. જેમકેઃ पंचस्रोतोऽम्बुं...पंचावर्तां पंचदुःखौघवेगां...पंचपर्वामधीम । अस्मिन् हंसो भ्राम्यते ब्रह्मचक्रे (૧.૫,૬), स्रोतांसि सर्वाणि...प्रतरेत विद्वान् (૨.૮), आरभ्य कर्माणि गुणान्वितानि...(૬.૪)[૯].

આચાર બ્રહ્મચર્યાનાં બાકીનાં અધ્યયનો (૨-૮) શસ્ત્રપરિજ્ઞાની આવી પ્રાચીન વિચારધારાને અનુસરે છે અને વત્તે ઓછે અંશે તેમાં વિકાસ કરતાં રહ્યાં છે. તેના ફક્ત ધ્યાન દોરે એવા વિશિષ્ટ મુદ્દા જ હવે આગળ દર્શાવવામાં આવશે.

**§ ૧.૨ આચાર - બ્રહ્મચર્ય - લોકવિચય (આચાર ૨. ઉદ્દેશો ૧-૬)**

શસ્ત્રપરિજ્ઞા અધ્યયનમાં મુનિઓને કેંદ્રમાં રાખીને તત્ત્વવિચારણા કરી હતી, પરંતુ બીજા અધ્યયન લોકવિચયમાં (''લોકની પરીક્ષા'' : સરખાવો- गढिए लोए...૨.૧.૬૩ લોકવિચય માટે જુઓ ભટ્ટ-૧૯૮૧) સંસારી જીવોને કેંદ્રમાં રાખીને વિચારણા કરી છે અને પાપ કર્મોના સમારંભના ત્યાગ દ્વારા મુક્તિનો માર્ગ દર્શાવતો શસ્ત્રપરિજ્ઞાનો આદર્શ સંસારી લોકોમાં પહોંચાડયો છે. માતાપિતા, ભાઈબહેન, પતિપત્ની, બાળકો, મિત્રો, વગેરેને પોતાનાં સ્વજન માની તેમના જીવનનિર્વાહ માટે, અથવા તો પોતાના ઉત્કર્ષ માટે જે કાંઈ કર્મ કરવામાં આવે છે તે બધાં પાપકર્મ ગણાય છે. જીવનકાળ દરમિયાન તેનાથી સુખ પણ મળતું નથી કે મૃત્યુ બાદ તેનાથી મુક્ત પણ થવાતું નથી. તે કર્મોથી કોઈ પણ આદર્શ સિદ્ધ થઈ શકતો નથી (૨.૧.૬૪,૬૬,૬૭ઃ સરખાવો સૂત્રકૃતાંગ I:૨.૧.૧૬-૨૨; I:૨.૩.૧૬-૧૭, I.૩.૨.૨.૧૮; I.૧૧.૩.૬). ભાગ્યવશ ઇંદ્રયો શિથિલ થઈ જતાં કે ધનમિલકતનો ઉપભોગ પણ ન થઈ શકતાં, સ્વજનો અને બધા લોકો તેની નિંદા કરશે (૨.૧.૬૪). તે સ્વયં રોગગ્રસ્ત થતાં તેના સ્વજનો જ તેને તરછોડશે (સરખાવો ૨.૧.૬૭, ૨.૨.૮૧). કટોકટીના પ્રસંગોમાં જરૂર આવી પડતાં સ્વજનો, મિત્રો કે ધનવૈભવ ; કોઈ કોઈનું રક્ષણ નહીં કરી શકે (नालं ते तव ताणाए वा सरणाए वा तुमं पि तेसिं जालं ताणाए वा सरणाए वा...૨.૧.૬૪, ૬૭. ૨.૪.૮૧ સરખાવો ૨.૩.૭૯; ૨.૩.૮૨; સૂત્રકૃતાંગઃ- I.૨.૩.૧૬, I.૯.૩-૫; I.૧૦.૧૯-૨૦, ઉત્તરાધ્યયન ૬.૩ સુત્તનિપાત ૩૪.૬ તથા ભટ્ટ ૧૯૯૩). ગર્ભ ઉપનિષદ પણ જણાવે છે કે 'यन्मया परिजनस्यार्थे कृतं कर्म शुभाशुभम्, एकाकी तेन दह्येऽहं गतास्ते फलभोजितः (કુટુંબીઓ માટે મેં જે શુભ-અશુભ કામ કર્યું તે મને એકલાને જ બાળી રહ્યું છે, પણ તેનાં ફળ ભોગવનારા ચાલ્યા ગયા !'' ૪.૧૭). મનુસ્મૃતિ (૪.૨૩) કહે છે કે नामुत्र हि सहायार्थं पिता माता च तिष्ठतः, न पुत्रदारा न ज्ञातिर्धर्मस्तिष्ठति केवलः (પરલોકમાં મદદ માટે માતપિતા રહેતાં નથી. પુત્રપત્ની પણ નહીં અને જ્ઞાતિજનો પણ નહીં; ધર્મ એકલો જ રહે છે.) આ રીતે લોકની - સંસારની - સમીક્ષા કરીને કર્મસમારંભ ન આચરવો. કારણકે, બધાં પ્રાણીઓને જીવવું ગમે છે, પોતાનો જીવ પ્રિય હોય છે (सव्वे पाणा...पियजीविणो जीविउकामा, सव्वेसिं जीवियं पियं ૨.૩.૭૮, સરખાવો દશવૈકાલિક ૬.૧૧; આચાર ૪.૨.૧૩૯. મહાભારત અનુશાસનપર્વ ૧૧૩.૧૨ઃ न हि प्राणात्प्रियतरं लोके किंचन विद्यते - લોકમાં પ્રાણથી વધારે પ્રિય કંઈ હોતું નથી). આ પાપ કર્મોના મૂળમાં ગુણો - શબ્દ, સ્પર્શ, વગેરે - રહ્યા છે (जे गुणे से मूलट्ठाणे,...૨.૧.૬૩). ધીરપુરુષે આ કર્મોને દુઃખરૂપ જાણી તેનો ત્યાગ કરવામાં પ્રમાદ ન કરવો (૨.૧.૬૫), પણ આત્માર્થે (आयट्ठं ૨.૧.૬૮) સમ્યક્ આચરણ કરવું. સૂત્રકૃતાંગ પણ જણાવે છે કે તેઓ ઓઘ સંસારપ્રવાહ - તરી જાય છે (જુઓ I.૩.૪.૧૮ एते ओघं तरिस्संति).

વિમુક્ત લોકો અલોભથી લોભને જીતે છે અને અનુકૂળ વિષય કામનાઓનો પણ સ્વીકાર-ઉપભોગ કરતા નથી (विमुत्ता...पारगामिणो. लोभं अलोभेण दुगुंछमाणे लद्धे कामे नाभिगाहति), તેઓ જ ભિક્ષુ કહેવાય છે (૨.૨.૭૧). પાપકર્મોની પરિજ્ઞા કરી તે ન કરવાં, ન કરાવવાં કે તે માટે અનુમોદન પણ ન આપવું, જેથી કુશળ સાધક તેનાથી લેપાતો નથી (..कुसले नोवलिप्पेजासि ૨.૨.૭૪ = ૨.૫.૮૯). આવા પશ્યને (पासग, જોનાર, હકીકત સમજનાર) કોઈ ઉદ્દેશ - ઉપદેશ/વ્યવહાર હોતો નથી (उद्देसो पासगस्स नत्थि ૨.૩.૮૦). કુશળ બંધાયેલો પણ નથી અને મુક્ત પણ નથી (कुसले पुण नो बद्धे नो मुक्के ૨.૬.૧૦૪). તેઓ સાંસારિક પરિગ્રહને બંધનરૂપ ગણે છે (..आरिए...अयं संधी ति अदक्खु ૨.૫.૮૮) અને તે બધું છોડી દઈ ફક્ત વસ્ત્ર, કાંબળો, કટાસન, વગેરે જેવી જરૂરી સામગ્રી રાખે છે (૨.૫.૮૯). તેણે કંઈક મળતાં ખુશી કે ન મળતાં શોક ન કરવો. (लाभो त्ति न मज्जेज्जा अलाभो त्ति न सोयए ૨.૫.૮૯, સરખાવો ૨.૪.૮૬). નારદપરિવ્રાજક ઉપનિષદ કહે છે કે अलाभे न विषादी स्याल्लाभे चैव न हृष्यते (૫.૭). ⁄ से भिक्खू...छित्ता तियाइ (૨.૫.૮૮), સુધીની પંક્તિ ૮.૩.૨૧૦ સૂત્રમાંથી અહીં લીધી છે. અહીં (૨.૫.૮૮), તે જુદા જ વિષયની હોય એમ સ્પષ્ટ તરી આવે છે. આને કર્મ-પરિજ્ઞા કહે છે, જેથી કર્મોથી ઉપશાંત થવાય છે. તે વ્યક્તિને મમત્વ હોતું નથી (..परिण्णा...कम्मोवसंती...ममाइयमतिं जहाति...૨.૬.૯૭). તેણે લોકને - સંસારને - ઠીક જાણી લીધો છે. તે બુદ્ધિશાળીએ સંસાર ત્યાગ કર્યો છે. તે વીર ખેદરહિત (अविमणे) હોવાથી રાગ વગરનો છે (जम्हा अविमणे वीरे, तम्हा वीरे न रज्जई ૨.૬.૯૮, આ બધાં સૂત્રોમાં ''કર્મોમાં રાગ'' અને કર્મોના લેપ'' વિષેના ઉલ્લેખો ધ્યાન ખેંચે એવા છે. આગળ જતાં આ બાબત વધારે સ્પષ્ટ કરી છે (भिदुरेसु न रज्जेज्जा कामेसु बहुतरेसु वि. ૮.૮.૨૫૧ - નશ્વરમાં કે વિવિધ વિષય કામનાઓમાં રાગ ન રાખવો) આર્યોએ દર્શાવેલો આ માર્ગ અપનાવતાં કુશળને કર્મસમારંભનો લેપ લાગતો નથી (૨.૫.૮૯). કુશળ સાધક કર્મમાત્રને સંપૂર્ણ જાણે છે અને સંસારી લોકોનાં દુઃખોની પરિજ્ઞા જણાવે છે (૨.૬.૧૦૧, ૪.૩.૧૪૦). તે મમત્વરહિત, ખેદ વગરનો છે - (૨.૨.૭૪, ૨.૪.૮૫, ૨.૬.૯૭, ૯૮; ઉપર જુઓ). તે લોક - સંસાર - સાથેના સંયોગથી પર છે, અનન્યદર્શી છે, અનન્ય-આરામ છે (..अच्वेति लोगसंजोसं...अणण्णदंसी...अणण्णारामे...૨.૬.૧૦૧). તેને મન તુચ્છ (અધમ, પાપ ?) અને પૂર્ણ (પુણ્ય ?), બંને સરખા છે (जहा पुण्णस्सं कथ्थति तहा तुच्छस्स कथ्थति ૨.૬.૧૦૨, જુઓ શૂબ્રીંગ-આચાર પૃ.૭૩, कथ्थति માટે જુઓ પિશેલ § ૫૪૩). સર્વત્ર-સર્વ દિશામાં - પરિજ્ઞચારી (સંપૂર્ણ જ્ઞાન-વિવેકથી આચરનાર) તે વીર બંધન પામેલા જીવને મુક્ત કરે છે (વીર માટે જુઓ શૂબ્રીંગ-વો.મ.પૃ.૮૦ અને યજીમા-૧૯૮૧, નોંધ ૨૧) અને હિંસાથી (હિંસાના પ્રસંગે) લેપાતો નથી (एस वीरे...जे बद्धे पडिमोयए. उड्ढं अहं तिरियं दिसासु; से सव्वओ सव्वपरिन्नचारी न लिप्पई छणपएण वीरे. ૨.૬.૧૦૩, छण માટે જુઓ પિશેલ § ૩૧૮). આ સંદર્ભમાં આચાર-ચૂર્ણિ (પૃ.૯૯) જણાવે છે કે સર્વપરિજ્ઞા મુજબ શાસ્ત્રાનુસાર-આચરનાર હિંસાથી લેપાતો નથી (...विहीए करेंतो ण छणेण लिप्पति). શીલાંક પણ કહે છે કે...થયેલી હિંસાથી (પાપકર્મથી) તે વીર લેપાતો નથી (શીલાંક-આચાર પૃ.૯૮). આવાં વિધાનો પ્રાચીન વૈદિક કે ઔપનિષદ સાહિત્યમાં પણ જોવા મળે છેઃ न स ह तैरव्याचरन् पाप्मना लिप्यते शुद्धः -તે કર્મોથી આચરણ કરતો તે શુદ્ધ પાપથી લેપાતો નથી (છાંદોગ્ય ઉપનિષદ ૫.૧૦.૧૦), उभेउ ह.एव.एष.एते तरति, नैनं कृताकृते तपतः - તે ખરેખર બંનેને (પાપ-પુણ્ય, વ.) તરી જાય છે, એને કરેલું અને નહીં કરેલું (કર્મ) દુઃખ દેતાં નથી. (બૃહદારણ્યક ઉપનિષદ ૪.૪.૨૨).

⁄ विद्यान...

⁄ पुण्यपापे विधूय निरंजनः परमं साम्यमुपैति - પુણ્ય અને પાપ ખંખેરી નાખી તે નિરંજન (નિર્લેપી) જ્ઞાની પરમ સામ્ય પામે છે (મુંડક ઉપનિષદ, ૩.૩), ગીતા પણ કહે છે કે આ સર્વ લોકને મારવા છતાં તે (જ્ઞાની) મારતો નથી, બંધન પામતો નથી (૧૮.૧૭).[૧૦]

આનું કારણ લોકવિચય જણાવે છે કે તે કુશળ મેધાવી અહિંસાના ક્ષેત્રને જાણનાર - ક્ષેત્રજ્ઞ - અને બંધમોક્ષનો વિવેક કરનાર - અન્વેષણ કરનાર - જ્ઞાની, નથી બદ્ધ કે નથી મુક્ત (તે अणुग्घातस्स खेतण्णे[11]...बंधपमोक्खमण्णेसी, कुसले पुण णो बद्धे णो मुक्के २.६.१०४).

§ ૧.૩ આચાર - બ્રહ્મચર્ય - શીતોષ્ણીય (આચાર-૩, ઉદ્દેશો ૧-૪)

શીતોષ્ણીય અધ્યયનનું નામ सीओसिणच्चागी (શીત અને ઉષ્ણનો - સુખ અને દુઃખનો ત્યાગ કરનાર; ૩.૧.૧૦૭) જેવા શબ્દો ઉપરથી આવ્યું છે. આ અધ્યયનમાં પણ શસ્ત્રપરિજ્ઞાના વિચારોનું પુનરાવર્તન થયું છે. તેના વિશિષ્ટ વિચારો સંક્ષેપમાં અહીં જણાવીએ છીએ.

ધર્મની બાબતમાં લોકો - અમુનિ - સૂતા (બેદરકાર) હોય છે, પણ મુનિઓ સતત જાગતા હોય છે (सुत्ता अमुनि, मुणिणो सचयं जागरंति ૩.૧.૧૦૫, સરખાવો :- या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी...જે સર્વ પ્રાણીઓની રાત છે તેમાં સંયમી જાગતો હોય છે...ગીતા ૨.૬૯ मुनाति, જે જાણે છે તે મુનિઃ સુત્તનિપાત ૫૨૭). જેણે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ જાણ્યા છે તે આત્મવિદ - વેદવિદ - બ્રહ્મવિદ છે (પાઠાંતર - વિદને બદલે - વાન્ વળી સરખાવો આચાર ૪.૪.૧૪૫ અને तं चान्तर्यामिणमिति स ब्रह्मवित् – वेदवित् – आत्मवित्...બૃહદારણ્યક ઉપનિષદ, ૩.૭.૧). ઋજુ અને ધર્મવિદ મુનિ આવર્તસ્રોત (આવાગમનનો પ્રવાહ) અને સંગ જાણે છે. શીત અને ઉષ્ણને ત્યાગ કરનાર - રતિઅરતિ (સુખ દુઃખ) સહન કરનાર તે નિર્ગ્રંથને (ગ્રંથ-બંધનરહિત) સ્પર્શવેદના હોતાં નથી. આમ તે મુક્ત બને છે (૩.૧.૧૦૭). શબ્દ,રૂપ, ઇત્યાદિની ઉપેક્ષા કરનાર તે...મરણમાંથી છૂટી જાય છે (उवेहमाणे सद्दरूवेसु...मरणा पमुच्चइ ૩.૧.૧૦૮). તે કામરહિત, અપ્રમાદી, પાપકર્મોથી ઉપશાંત, આત્મગુપ્ત, વીર અને ક્ષેત્રજ્ઞ[12] છે (૩.૧.૧૦૯). અકર્મને વ્યવહાર હોતો નથી (સરખાવો - સૂત્રકૃતાંગ I. ૨.૫,૩,૫,૭,૧૧,૫૦), કર્મથી ઉપાધિ જન્મે છે (अकम्मस्य ववहारो न विज्जइ, कम्मुणा उवाही जायइ ૩.૧.૧૧૦). આમ, કર્મ કે કર્મનું મૂળ હિંસા છે તેમ જાણી - ગ્રહણ કરી, જન્મમરણની (ગતિ-આગતિની) બે અંતિમ બાજુઓથી અદશ્ય (૫૨) થઈ સંસારત્યાગ કરવો (૩.૧.૧૧૧, સરખાવો.૩.૩.૧૨૩). આવા સંદર્ભમાં ધીર પુરુષને નૈષ્કર્મ્યદર્શી (णिक्कम्मदंसी ૩.૨.૧૧૫, ૪.૪.૧૪૫, સરખાવો ગીતા ૩.૪,૧૮.૪૯), અને ઉપશાંત (૩.૨.૧૧૬) કહ્યો છે, તથા સત્યમાં જ ધૃતિ રાખવા જણાવ્યું છે (सच्चंमि धिइं कुव्वहा. ૩.૨.૧૧૭). આગળ જતાં, સત્યને જ ઓળખવા આદેશ આપ્યો છે અને સત્યની આજ્ઞામાં રહેવાની તે મેધાવી મૃત્યુ તરી જાય છે તેમ જણાવ્યું છે (सच्चमेव समभिजाणाहि ! सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरइ. ૩.૩.૧૨૭). અહીંયાં જૈનોના વ્રત તરીકે સત્યનું વિધાન થયું નથી. પણ તેનું એક પરમ તત્ત્વ તરીકે વિધાન થયું છે (વળી, જુઓ આચાર ૪.૪.૧૪૬).

લોક-સંધિ (સાંસારિક-બંધન સંધિ જાણીને આત્મામાંથી બહાર જોવું જોઈએ. તેમ થતાં, તે ન હણનાર છે કે ન હણાવનાર (संधिं लोगस्स जाणित्ता आयओ बहिया पास; तम्हा न हंता न वि घायए ૩.૩.૧૨૨ = ૫.૫.૧૭૦, જુઓ ઉપર § ૧.૨ અને આગળ § ૧.૫; સંધિ = ''સતત ચિંતન'') સર્વત્ર આત્મરૂપે આચરવું જોઈએ એવું આ સંદર્ભમાં શીલાંક જણાવે છે (सर्वत्र – आत्मौपम्यं समाचरेत्...શીલાંક આચાર પૃ. ૧૧૦, સરખાવો-આચાર-ચૂર્ણિ પૃ.૧૧૮). સૂત્રકૃતાંગ I.૨.૩.૧૨ (आय–तुले पाणेहिं संजए, જુઓ બોલ્લે II. પૃ.૭૭-૭૮) અને I. ૧૨.૧૮ (ते आत्तओ पासइ सव्वलोए, જુઓ §.૩) પણ સર્વત્ર આત્મરૂપે જોવાનું જણાવે છે. દશવૈકાલિક તો સ્પષ્ટ જણાવે છે કે सव्वभूयप्पभूयस्स सम्मं भूयाइ पासओ,...पावं कम्म न बंधई (સર્વે પ્રાણીઓ તેના આત્મરૂપ થયાં છે તેવાને,-પ્રાણીઓને સમ્યક્ જોનારને...પાપકર્મ બાંધતું નથી. ૪.૯). ઈશ ઉપનિષદ પણ કહે છે કે यस्तु सर्वाणि भूतान्यात्मन्येवानुपश्यति, सर्वभूतेषु आत्मानं ततो न विजुगुप्सते (જે કોઈ સર્વ પ્રાણીઓને પોતાનામાં અને સર્વ પ્રાણીઓમાં પોતાને જુએ છે, તેનાથી તે-આત્મા-છુપાવવા ઇચ્છતો નથી. એટલે કે તેને

આત્મદર્શન સહજ થાય છેઃ ૬; જુઓ થીમે પૃ.૯૩.૯૪, સરખાવો કઠ ઉપનિષદ ૪.૫, બૃહદારહયક ઉપનિષદ ૪.૪.૨૩), તે રીતે ગીતા કહે છે કે **सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते** (૫.૭), સરખાવો- **अत्तानं उपमं कत्वा न हनेय्य न घातये.** (સુત્રનિપાત ૩૭.૨૭). આવાં વિધાનોમાં પ્રધાન સૂર એ છે કે કર્મનાં બંધનમાંથી છૂટવા આત્મદર્શન આવશ્યક છે. શીતોષ્ણીયના ઉપર્યુક્ત ઉલ્લેખોમાં તથા અન્યત્ર આચાર-બ્રહ્મચર્યમાં કર્મો ખપાવવાનો (કર્મ-ક્ષપણ) કોઈ આદેશ નથી. સૂત્ર ૩.૩.૧૨૫ - **तुमं एव तुमं-मित्तं, किं बहिया मित्तमिच्छसि?** (તું જ તારો મિત્ર છે, બહાર કોઈ મિત્રની કેમ ઇચ્છા રાખે છે ?) ગીતાના **आत्मैव ह्यात्मनो बंधुः** અને **बंधुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः** (૬.૫-૬ – જેણે પોતે પોતાને જીત્યો છે તેના પોતાનો પોતે મિત્ર છે) જેવા આદેશનું સૂચન કરે છે આત્માને જ પકડી રાખતાં દુઃખથી છૂટી શકાય છે (સરખાવો - **अत्ताणमेव अभिनिगिज्झ, एवं दुक्खा पमोक्खसि** ૩.૩.૧૨૬), તેમ ઇશ ઉપનિષદ પણ કહે છે **यस्मिन्सर्वाणि भूतान्यात्मैवाभूद् विजानतः, तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः**, – જ્ઞાનીના જેમાં (આત્મામાં) બધાં પ્રાણીઓ આત્મરૂપ થયાં છે, (આત્માનું) એકત્વ જોનારને ત્યાં (આત્માની બાબતમાં) મોહ શો, શોક શો ? (૭ સરખાવો **ऐतदात्म्यमिदं सर्वम्**...છાંદોગ્ય ઉપનિષદ ૬.૧૫.૩, **आत्मात्मनि गृह्यते**..શ્વેતાશ્વતર ઉપનિષદ-૧.૧.૧૫).

શીતોષ્ણીય અધ્યયનમાં ક્રોધ, માન, માયા, લોભ જેવા ચાર શબ્દોનો ઉલ્લેખ પહેલી વાર થયો છે (૩.૪.૧૨૮ : તેવા ઉલ્લેખો ઉપરથી આગળ જતાં જૈનદર્શનમાં કષાયનો વિચાર રૂઢ થયો છે). સૂત્ર ૩.૪.૧૨૯માં ફરીથી એકત્વની વિચારણા કરી છેઃ **जे एगं जाणइ, से सव्वं जाणइ;...सव्वओ अप्पमत्तस्स नत्थि भयं** (જે એકને જાણે છે તે સર્વને જાણે છે;...સર્વત્ર અપ્રમત્તને ભય હોતો નથી), તે છાંદોગ્ય ઉપનિષદ ૬.૧.૪ (...**एकेन मृत्पिडेन सर्वं मृण्मयं विज्ञातं स्यात्**... ઇત્યાદિ) તથા બૃહદારણ્યક ઉપનિષદ ૨.૪.૫ (...**आत्मा..द्रष्टव्यः...निदिध्यासितव्यः...आत्मनः...दर्शनेन...विज्ञानेनेदं सर्वं विदितम्**) સાથે સરખાવી શકાય. શૂબ્રીંગને (વો.મ.પૃ.૮૫) **जे एगणामे से बहुणामे**...(૩.૪.૧૨૯) ના અર્થમાં મુશ્કેલી પડે છે. પણ અહીં ''એક''નો અર્થ ''આત્મા'' કરવાનો રહે છે; અને તે પૂર્વાપરના સંદર્ભમાં યથાર્થ છે. આ સૂત્ર, **एकं सद्विप्रा बहुधा वदन्ति** (એક સત્‌ને વિદ્વાન બહુપ્રકારે જણાવે છે) અને **एको देवो बहुधा निविष्टः, तं भर्तारं तमु गोप्तारमाहुः** (એક દેવ બહુપ્રકારે રહ્યો છે, તેને ભર્તા, વળી તેને ગોપ્તા કહે છે. તૈત્તિરીય આરણ્યક ૩.૧૪) જેવો આદેશ આપે છે. આવા પશ્યને (સત્ય જોનાર-સમજનારને) કોઈપણ ઉપાધિ હોતી નથી (૩.૪.૧૩૧). સરખાવો: બૌદ્ધ-પરિભાષા-"ધર્મ"

શીતોષ્ણીયમાં તથાગત (૩.૩.૧૨૪, ઉપરાંત સૂત્રકૃતાંગ I. ૨.૨.૧૮) અને મહાયાન (**महाजाणं** ૩.૪.૧૨૯) જેવા શબ્દો બૌદ્ધદર્શનની પરિભાષા સાથે સરખાવી શકાય. વળી, સૂત્ર ૩.૪.૧૩૦ માં ક્રોધથી શરૂ કરીને દુઃખ સુધીની અન્યોન્યનાં કારણ-કાર્યની હારમાળા જેવી શબ્દોની ગૂંથણીને બૌદ્ધોના પ્રતીત્યસમુત્પાદના ઉપદેશ (-ભવ-જાતિ-દુઃખ-સ્કંધ, ઇત્યાદિ) સાથે સરખાવી શકાય. શૂબ્રીંગ વો.મ ઉપરની સમીક્ષામાં એન્ર્ટ લોયમાને પણ આ મુદ્દાની નોંધ કરી છે (ZII. ૧૯૨૯,-પૃ.૧૬૦). ''તથાગત'' શબ્દ આર્ય ભાષાનો નથી એવા ઇ.જે થોમસના મંતવ્યમાં શંકા વ્યક્ત કરી કે.આર. નોર્મને તે શબ્દની ''સુગત'' શબ્દના આધારે વ્યુત્પત્તિ દર્શાવી છે (Journal of the Pali Text Society 15, પૃ. ૧૫૪). આવા મુદ્દાઓની ફાઉવાલનરે (I.પૃ. ૧૯૭-૧૯૮) વિસ્તારથી ચર્ચા કરી છે. શીતોષ્ણીયમાં આવતી. ક્રોધ...દુઃખ સુધીના શબ્દોની હારમાળા મૌલિક અને બૌદ્ધદર્શનથી સ્વતંત્ર વિકસી છે.

### § ૧.૪ આચાર-બ્રહ્મચર્ય-સમ્યક્ત્વ (આચાર ૪, ઉદ્દેશો ૧-૪)

લોકવિચય અધ્યયનમાં સૂત્ર ૨.૬.૯૬ (**सिया नत्थ..अण्णयरम्मि कप्पति**) દ્વારા શસ્ત્રપરિજ્ઞા અધ્યયનનું સૂચન થયું છે. આ રીતે શીતોષ્ણીય અધ્યયનમાં **समयं लोगस्स जाणित्ता** (૩.૧.૧૦૬) ઉપરાંત **लोगंसि जाण** (૩.૧.૧૦૬), **विदित्ता लोगं, वंता लोगसण्णं** (૩.૧.૧૧૧), **लोगस्स संजोगं** (૩.૪.૧૨૯) ઇત્યાદિ વિધાનો દ્વારા

લોકવિચય અધ્યયનની સ્પષ્ટ અસર જણાય છે. વળી શીતોષ્ણીયમાં ''પર્યાય'' (पज्जवजात – ૩.૧.૧૦૯), ''કાળની આકાંક્ષા રાખનાર'' કે ''જીવનની ઝંખના વગરનો'' (૩.૨.૧૧૬, ૩.૪.૧૨૯, જુઓ આગળ § ૧.૬.૨), ''પ્રાણીઓના પ્રાણ'' (૩.૨.૧૨૧), ''લોક-અલોક-પ્રપંચ'' (૩.૩.૧૨૭) જેવી નવી પરિભાષા જોવા મળે છે. (શસ્ત્રપરિજ્ઞા અને લોકવિચય અધ્યયનો આવી પરિભાષાથી અપરિચિત છે.) પરંતુ સમ્યક્ત્વ નામનું ચોથું અધ્યયન તો શસ્ત્રપરિજ્ઞા અધ્યયનની પરિપકવ ભૂમિકા ઉપર રચાયું છે. તેમાં વર્ણન કરવાની એક નવી રીત અપનાવી છે. એનાં પૂર્વવર્તી અધ્યયનોમાં અનેક સ્થળે ''त्ति बेमि'' (એમ હું કહું છું), તથા ''भगवता...पवेदितं'' (ભગવાને..જણાવ્યું છે, આચાર ૧.૧.૭, ૧.૨.૧૩, ૧.૩.૨૪, ૧.૪.૩૫, ૧.૫.૪૩, ૧.૬.૫૧, ૧.૭.૫૮) એવું જણાવી, ''અમે અનગાર - ભિક્ષુ - છીએ એવો દાવો કરતા ''ઢોંગી'' ભિક્ષુઓ'' ઇત્યાદિ વર્ણનો (આચાર ૧.૨.૧૨, ૧.૩.૨૩, ૧.૪.૩૪, ૧.૫.૪૨, ૧.૬.૫૦, ૧.૭.૫૭) જે રીતે શરૂ થયાં હતાં તેને અહીં જુદી રીતે રજૂ કર્યાં છે, જેમ કે, से बेमि – जे य अइया...पडुप्पन्ना...आगमिस्सा अरहंता भगवंतो, सव्वे ते एवमाइक्खंति...(તે હું કહું છું-જે અતીત-થઈ ગયેલા-ભાવિમાં આવનાર અર્હત ભગવાન, તે બધા આમ જણાવે છે-૪.૧.૧૩૨ - સરખાવો ઉત્તરાધ્યયન ૩.૪૫), आवंती केय्-आवंती लोगंसि समणा य माहणा य पुढो विवायं वयंति...सव्वे पाणा..हंतव्वा...अणारिय-वयणमेयं. (કેટલાયે શ્રમણ અને બ્રાહ્મણ પૃથક્ વિવાદ કરે છે કે...સર્વે જીવોની...હિંસા કરવી જોઈએ...આ અનાર્ય વચન છે. ૪.૨.૧૩૬, તથા જુઓ ૪.૨.૧૩૭). આ પછીના સૂત્રમાં ''આર્ય વચન'' માટે ''અમે'' (પ્રથમ પુરુષ બહુવચન, સરખાવો: ''त्ति बेमि'' માં પ્રથમપુરુષ એક વચન !) શબ્દથી કોઈ જુદી જ વ્યક્તિ વિધાનો રજૂ કરે છે (वयं-पुण एवं आइक्खामो..आरिय वयणमेयं. ૪.૨.૧૩૮). આ અધ્યયનમાં આવતાં આવાં વર્ણનોની શૈલી કંઈક નવી લાગે છે. તેમાંય आवंती केय्-आवंती થી શરૂ થતાં સૂત્રો ઉપર તો પાંચમા અધ્યયન લોકસારની (૫.૧.૧૪૭) સ્પષ્ટ અસર થઈ છે. વળી, આ ઉપરાંત, સમ્યકત્વમાં જીવના અર્થમાં પ્રાણ-જીવ-ભૂત-સત્ત્વ (૪.૧.૧૩૨-૧૩૮) જાણવાના અર્થમાં દૃષ્ટ-શ્રુત-મત-વિજ્ઞાત (૪.૧.૧૩૩, ૪.૨.૧૩૬, સરખાવો ૪.૨.૧૩૭-સરખાવો બૃહદારણ્યક ઉપનિષદ ૪.૫.૬ आत्मनि...दृष्टे श्रुते मते विज्ञाते – इदं सर्वं विदितम्), કહેવાના અર્થમાં आइक्खंति – भासंति – पन्नवेंति – परूवेंति (૪.૧.૧૩૨, ૪.૨.૧૩૭-૧૩૮), હણવાના અર્થમાં हंतव्वा – अज्जावेयव्वा – परिघेत्तव्वा – परियावेयव्वा – उद्दवेयव्वा (૪.૧.૧૩૨, ૪.૨.૧૩૬-૧૩૮) જેવા ''શબ્દાડંબરો''નો (cliche) અનેકવાર પ્રયોગ, તથા આસવ-પરિસવ અને શ્રમણ-બ્રાહ્મણ (૪.૨.૧૩૪, ૧૩૬, જુઓ આગળ § ૧.૮), સંસાર (૪.૨.૧૩૪) જેવા નવા શબ્દો, વગેરેના આધારે એમ કહી શકાય કે પૂર્વવર્તી અધ્યયનોની વિચારસરણી રજૂ કરવાની સમ્યકત્વ અધ્યયનની રીત-શૈલી જુદી જ તરી આવે છે. આખું શસ્ત્રપરિજ્ઞા અધ્યયન સમ્યક્ત્વને પરિચિત હતું તે બાબતનું સમ્યક્ત્વ અધ્યયનમાં પણ સમર્થન મળી આવે છે. पुव्वं निकाय-समयं (=પૂર્વકાલીન છ નિકાયની વિચારણા-સમય, ૪.૨.૧૩૯) જેવા શબ્દોથી સમગ્ર શસ્ત્રપરિજ્ઞા અધ્યયનનો અહીં ઉલ્લેખ થયો છે (જુઓ શૂબ્રીંગ.વો.મ. પૃ.૮૮, ટિ.૧)[૧૩]. આ રીતે परिण्णा–विवेगे भासिते (=શસ્ત્રપરિજ્ઞાનો વિવેક જણાવ્યો છે: આચાર ૫.૩ ૧૫૯), परिण्णा–समयंमि (=શસ્ત્રપરિજ્ઞાની વિચારણા-સમયમાં આચાર II.૧૬.૮૦૧) જેવાં આચારાંગમાં આવતાં વિધાનોમાં શસ્ત્રપરિજ્ઞા અધ્યયનનો સ્પષ્ટ સંદર્ભ દર્શાવ્યો હોય છે. સૂત્રકૃતાંગમાં પણ अहिंसा–समय (I.૧.૪.૧૦,I.૧૧.૧૦) શબ્દથી શસ્ત્રપરિજ્ઞાનો નિર્દેશ થયો છે.

જૈન પરંપરાએ બ્રહ્મચર્યના આ ચોથા અધ્યયનનું નામ સમ્યક્ત્વ ક્યા કારણે રાખ્યું હશે તે આ અધ્યયન ઉપરથી સ્પષ્ટ કહી શકાતું નથી. સમ્યક્ત્વ જણાવે છે કે દૃષ્ટમાત્રથી - આ લોકથી - નિર્વેદ (ખિન્ન, વિરક્ત)-દશા પામવી, સંસારની ઉપેક્ષા કરવી, અને લોકૈષણા ન રાખવી (दिट्ठेहिं निव्वेयं जच्छेज्जा, नो लोगस्सेसणं चरे. ૪.૧.૧૩૩.) તે રીતે લોકવિચય અધ્યયનમાં પણ આનંદથી (૨.૬.૯૯ = ૩.૨.૧૧૯) તથા આદાનથી (=કર્મોથી ૨.૪.૮૬) નિર્વેદ પ્રાપ્ત કરવાનું વિધાન છે. આવા વિચારો વૈદિક સાહિત્યમાં પણ પ્રાયઃ શબ્દશઃ મળે છે. કર્મના

સમૂહરૂપ લોકની પરીક્ષા કરીને બ્રાહ્મણે (સંસારથી) નિર્વેદ પામવાનું મુંડક ઉપનિષદનું વચન છે (**परीक्ष्य लोकान् कर्मचितान् ब्राह्मणो निर्वेदमायात्** ૧.૨.૧૨). મુંડક ઉપનિષદ જૈન-બૌદ્ધ મત કરતાંય પ્રાચીન છે અને તેની ઉપર જૈન-બૌદ્ધોની અસર નથી તેમ હેર્ટેલ (પૃ.૬૫-૬૭) અને સૅલૉમૅન (પૃ.૧૦૧-૧૦૨) પણ જણાવે છે. ગીતા (૨.૫૨) પણ મોહ દૂર થતાં નિર્વેદ પામવાનું (**गन्तासि निर्वेदं..**) જણાવે છે. બૃહદારણ્યક ઉપનિષદ જણાવે છે કે - **तमात्मानं विदित्वा ब्राह्मणाः...लोकैषणायाश्च व्युत्थाय भिक्षाचर्यं चरन्ति...तस्मात्...बाल्यं तुं पांडित्यं च निर्विद्याथ मुनिः मौनं चामौनं च निर्विद्याथ ब्राह्मणः** (તે આત્માને જાણીને બ્રાહ્મણો - બ્રહ્મને જાણનારા - લોકૈષણામાંથી છૂટી જઈ ભિક્ષાચર્યા - ગૃહત્યાગ - આચરે છે...તેથી બાળકબુદ્ધિ અને પંડિતાઈથી નિર્વેદ પામીને મુનિએ, મુનિત્વ તથા અમુનિત્વથી નિર્વેદ પામીને બ્રહ્મ-જાણનાર-બ્રાહ્મણ-થવું જોઈએ. ૩.૫.૧). થીમેના મતે (પૃ.૯૫) આ ઉપનિષદના વિચારો મૂળે પ્રાચીન ઇશ ઉપનિષદ ૯-૧૦ ના આધારે વિકસ્યા છે. (મૌન એટલે ''મુનિનું આચરણ'', આચાર ચૂર્ણિ-પૃ.૭૬-પણ આ જ અર્થ જણાવે છે.) સૂત્ર ૪.૪.૧૪૫માં (**जस्स णत्थि पुरे पच्छा मज्झे तस्स कुओ सिया** - જેને પહેલાં કે પછી - જ્ઞાન - નથી હોતું, તેને મધ્ય-ગાળામાં તો ક્યાંથી હોય ?) આવતી તર્ક-પ્રક્રિયાને માંડૂક્ય ઉપનિષદ - કારિકાની (વૈતથ્ય પ્રકરણ-૬ : **आदावन्ते च यन्नास्ति वर्तमानेऽपि तत्तथा** - જે શરૂઆતમાં અને અંતે નથી તે વર્તમાનમાં પણ તેમ જ હોય છે) તર્ક-પ્રક્રિયા સાથે સરખાવી શકાય (વળી જુઓ: તેજોબિંદુ ઉપનિષદ - **अंतर्यदि बहिः सत्यमन्ताभावे बहिर्न च.** ૫.૨૮; વળી સરખાવો **यस्य पुरे च पच्छा च मज्झे च नत्थि किंचन**, સુત્તનિપાત ૩૫.૫૨

બ્રહ્મચર્યમાં રહી જે સમુચ્છ્રય - શરીર - ખંખેરી દે છે તે વીર છે - **एस...वीरे जे धुणाति समुस्सयं वसित्ता बंभचेरंसि** (૪.૪.૧૪૩, જુઓ ૫.૨.૧૫૫, ૬.૨.૧૮૩, ૬.૪.૧૯૦). બૌદ્ધ પરિભાષામાં પણ સમુચ્છ્રયને શરીર કહ્યું છે (બ્રહ્મચર્ય માટે જુઓ શૂબ્રીંગ વો.મ. પૃ.૮૯). કઠ ઉપનિષદ પણ બ્રહ્મચર્યનું માહાત્મ્ય દર્શાવે છે (દા.ત. **यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति** ૨.૧૫, વિસ્તાર માટે જુઓ આગળ § ૧.૮).

સમ્યક્ત્વ અધ્યયનમાં કોઈવાર સંલેખનાનો (આમરણ અનશન વ્રત) નિર્દેશ મળે છે. ૪.૩.૧૪૧માં પોતાને કસવું અને જીર્ણ કરી દેવું અને જેમ જીર્ણ કાષ્ઠને હવ્યવાહ (અગ્નિ, વૈદિક યજ્ઞયાગાદિકની પરિભાષા !) બાળી મૂકે છે તેમ શરીર ખંખેરી દેવું, એવો આદેશ આપ્યો છે. આના સંકેતો લોકવિચય અધ્યયનમાં (..**धूणे कम्मसरीरगं** ૨.૬.૯૯ = ૫.૩.૧૬૧) અને શીતોષ્ણીય અધ્યયનમાં (**कालकंखी परिव्वए** ૩.૨.૧૧૬, = **उत्तराध्ययन** ૬.૧૪, **नावकंखंति जीवियं** ૩.૪.૧૨૯, જુઓ ૫.૫.૧૬૬, સૂત્રકૃતાંગ- I. ૩.૨.૧૩, I.૩.૪.૧૫, I.૫.૨.૨૫) પણ મળે છે. તે રીતે નારદપરિવ્રાજક ઉપનિષદ પણ કાળની પ્રતીક્ષા કરવાનું (**कालमेव प्रतीक्षेत** ૩.૬૧) જણાવે છે. જો કે બ્રહ્મચર્ય શ્રુતસ્કંધમાં બ્રહ્મચર્ય અપનાવી સંસારત્યાગ કરવાના આદર્શ પ્રત્યે વધારે ઝોક આપ્યો છે[૧૪], પરંતુ કોઈ કોઈ સ્થળે આમરણ અનશનનો પણ ઉલ્લેખ થયો છે, બ્રહ્મચર્યાના ધૂત અને વિમોક્ષ નામે અધ્યયનોનાં મૂળ આવા અનશનના ઉલ્લેખોમાં રહ્યાં છે તે વિષે આગળ (§ ૧.૬. ૧-૨) વિચાર કરવામાં આવશે.

### § ૧.૫ આચાર-બ્રહ્મચર્ય-લોકસાર (આચાર ૫, ઉદ્દેશો ૧-૬)

બ્રહ્મચર્ય શ્રુતસ્કંધના પાંચમા અધ્યયન લોકસારનું બીજું નામ આવંતી છે, કારણ કે તેનાં કેટલાંય સૂત્રોની શરૂઆત **आवंती केय्-आवंती** (''કેટલાક'' ૫.૧.૧૪૭, ૧૫૦; ૫.૨.૧૫૨,૧૫૪; ૫.૩.૧૫૭) જેવા શબ્દોથી થાય છે. આવા પ્રકારની શરૂઆત આચાર ૧.૧.૫,૮માં (**एयावंती सव्वावंती...**) જોવા મળે છે. લોકસાર સૂત્ર ૫.૨.૧૫૩ (**...अधुवं...विपरिणामधम्मं**) પણ આચાર ૧.૫.૪૫નું પુનરાવર્તન કરે છે. લોકસાર અધ્યયનના પહેલા સૂત્રમાં લોક-પરામર્શ કે તેનો સાર રજૂ કરવાનું સૂચવ્યું છે. (**...लोयंसि विप्परामुसंती...विप्परामुसंती.** ૫-૧-૧૪૭) તેના આધારે પણ આ અધ્યયનનું નામ લોકસાર રાખ્યું હોય.

શસ્ત્રપરિજ્ઞા અને તે પછીનાં બીજાં અધ્યયનોની વિચારધારા સર્વત્ર પ્રચલિત થઈ ગયા પછી, લોકસાર અધ્યયનની વિચારસરણી લાંબા કાળે પ્રકાશમાં આવી લાગે છે. તે શસ્ત્રપરિજ્ઞા અધ્યયનના આધારે વિકસી છે, તેમાં શસ્ત્રપરિજ્ઞાનો ઉલ્લેખ (...**परिण्णा-विवेगे भासिते.** ૫.૩.૧૫૯, જુઓ ઉપર § ૧.૪) પણ થયો છે અને તેનાં કેટલાંક સૂત્રો ઉપર શસ્ત્રપરિજ્ઞાનાં કેટલાંક સૂત્રોની (૧.૧.૫,૮ અને ૧.૫.૪૫, ઉપર જુઓ) સ્પષ્ટ અસર થઈ છે. શસ્ત્રપરિજ્ઞાના વિચારોની સાથે સાથે સમગ્ર લોકસારમાં, અને ખાસ તો તેના ચોથા, પાંચમા અને છઠ્ઠા ઉદ્દેશોમાં નવેનવા ભિક્ષુવૃત્તિ અપનાવતા (દીક્ષિત થયેલા) સાધકને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. તેની શરૂઆત તો ત્રીજા ઉદ્દેશના અંતિમ સૂત્રથી (..**पंतं लूहं च**...૫.૩.૧૬૧) થઈ છે. નવેનવા ભિક્ષુએ ગામેગામ વિહાર કરતી વખતે કેટલાક લોકોના વિચિત્ર વ્યવહાર ટાળવા શું કરવું, અને ભિક્ષા લેવા જતાં કેમ વર્તવું, વગેરે આ બધા ઉદ્દેશોમાં જણાવ્યું છે. આ ઉદ્દેશોની પરિભાષા જુદી તરી આવે છે; જેમ કે **पंतं लूहं**...(૫.૩.૧૬૧), **गामाणुगामं दूइज्जमाणस्स**..., **तद्दिट्ठी-तम्मुत्ती-तप्पुरक्कार**...**जयं विहारी**...**अभिक्कममाणे**..**पसारेमाणे**...(૫.૪.૧૬૨, સરખાવો ૫.૬.૧૭૨). ઇત્યાદિ. એણે પોતાની ઇંદ્રિયોને સંસારસ્રોતમાં (કાચબાની જેમ) સર્વત્ર સંકેલી લેવી (૫.૫.૧૬૬). વળી, ૫.૪.૧૬૨માં ઈર્યા સમિતિ તથા ૫.૪.૧૬૪માં અવમોદરિકા (અનશન વ્રતનો એક પ્રકાર), વગેરેનાં વર્ણનો એકદમ દૃષ્ટિગોચર થયાં છે (સરખાવો - ઉત્તરાધ્યયન ૨૪.૮). ઉપરાંત, કર્મકોવિદ (૫.૧.૧૫૧), વિગ્રહ (=શરીર, ૫.૨.૧૫૨), શીલ (૫.૩.૧૫૮), જન (૫.૪.૧૬૪), યુદ્ધાર્હ (૫.૩.૧૫૯), આગારિય (=ગૃહસ્થ, ૫.૧.૧૪૯), વગેરે જેવા શબ્દો આ અધ્યયનમાં નવા છે.

તેમ છતાં પણ શસ્ત્રપરિજ્ઞાના વિચારો લોકસાર અધ્યયનમાં ઠેકઠેકાણે રજૂ થયા છે. તેમાં જણાવ્યું છે કે અવિદ્યામાંથી છૂટયા વગર જેઓ મોક્ષની વાત કરે છે (**जे अणुवरत्ता अविज्जाए पलिमोक्खमाहु**...) તેઓ જન્મમરણના ફેરામાં અટવાયા કરે છે (૫.૧.૧૫૧). બંધ અને મોક્ષ મનુષ્યની અંદર જ છે (**बंधपमोक्खो तुज्झऽज्झत्थेव** ૫.૨.૧૫૫). **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः** (મૈત્રાયણિ ઉપનિષદ ૪.૧૧ : મન જ મનુષ્યનાં બંધ અને મોક્ષનું કારણ છે).

વિરત થયેલો મુનિ લાંબા કાળ સુધી તિતિક્ષા કરે છે (**तितिक्खते** ૫.૨.૧૫૬), અને સંસાર-ઓઘ તરી જાય છે (૫.૩.૧૬૧). મુનિએ વાણી ઉપર સંયમ રાખવો અને પોતાનામાં સુરક્ષિત રહેવું (**वइगुत्ते अज्झप्पसंवुडे**- સૂત્રકૃતાંગ I.૨.૨.૧૨ માંથી અહીં પ્રક્ષિપ્ત) અને પાપ ત્યજી દેવાં; આ રીતે મુનિવૃત્તિ અપનાવવી (૫.૪.૧૬૫). સૂત્રકૃતાંગ પણ સર્વ સંગોને છોડી, સર્વ દુઃખો સહન કરતાં અ-સંસારી થવાનું કહે છે (I.૭.૨૮, I.૮.૨૬, ૫૧). સૂત્ર ૫.૫.૧૭૦ અને ૫.૫.૧૭૧ - એ બંને સૂત્રો સ્થાન ફેર થયાં છે, તે બંનેનું યોગ્ય સ્થાન કદાચ સૂત્ર ૫.૫.૧૬૬ પછી હોય એમ શૂબ્રીંગે સૂચવ્યું છે (વો.મ. પૃ.૯૫-ટિ.૭ અને પૃ.૯૬). આ સૂત્રોમાં વૈદિક વિચારોનાં દર્શન થાય છે એવી મુનિ જંબૂવિજયે પણ એમની આચાર-આવૃત્તિમાં નોંધ કરી છે (**अस्य तुलना 'तत् त्वमसि' इति वैदिकेषु प्रसिद्धेन वाक्येन सह विधेया.** આચાર પૃ.૫૫, ટિ.૧). તે સૂત્રો જણાવે છેઃ "સાચે, તું જ તે છે કે જેને તારે હણવું છે તેમ તું માને છે...તે (મરનાર અથવા મારનાર) ઋજુ અને પ્રતિબુદ્ધજીવી (જીવંત તત્ત્વ) છે. તેથી તું ન હણનાર છે, (કે) ન હણાવનાર પણ છે." (**तुमं सि नाम तं चेव जं हंतव्वं ति मन्नसि...अंजू चेयं-पडिबुद्ध-जीवी. तम्हा न हंता न वि घायए**). આચાર ૩.૩.૧૨૨માં (**आततो बहिया पास. तम्हा न हंता न वि घायए** - આત્માથી - આત્મરૂપે - બહાર જો. તેથી ન તો હણનાર છે કે ન હણાવનાર પણ છે) પણ આવો જ આશય સ્પષ્ટ છે (જુઓ ઉપર § ૧.૩)[૧૫]. કઠ ઉપનિષદ પણ કંઈક આવા જ શબ્દોમાં આવો જ વિચાર વ્યક્ત કરે છેઃ **हन्ता चेन्मन्यते हन्तुं हतश्चेन्मन्यते हतम्...नायं हन्ति न हन्यते.** હણનાર જો (આત્માને) હણવાનું માને અને હણાયેલો જો (આત્માને) હણેલો (હણાયેલો) માને...તે હણતો નથી અને હણાતો નથી (કઠ ઉપનિષદ ૧.૧૯, સરખાવો - **कं घातयति हन्ति कम्.** ગીતા ૨.૨૧ વિસ્તાર માટે જુઓ થીમેની નોંધ, પૃ. ૯૭) લોકસાર આગળ જણાવે

(તથા મોર્ટન સ્મિથ : પા.૧૫૦; નોંધ ૯)

છે કે જે આત્મા છે તે વિજ્ઞાતા છે...જેનાથી તે જાણે છે તે આત્મા છે, તે આત્મવાદી...કહેવાય છે (जे आया से विन्नाया,...जेण विजाणइ से आया...एस आयावाई...वियाहिए. ૫.૫.૧૭૧). છાંદોગ્ય ઉપનિષદ (૭.૭.૧) પણ કહે છે કે लोकममुं च विज्ञानेनैव विजानाति (આ લોકને તે વિજ્ઞાનથી જ જાણે છે). લોકસાર અધ્યયનના અંતે (૫.૬.૧૭૬) ઔપનિષદ તત્ત્વજ્ઞાનની પરાકાષ્ઠા દર્શાવતી વિચારસરણી વ્યક્ત થઈ છે, જેમ કે, "અહીં આગતિ-ગતિ જાણીને વિખ્યાતમાં (=આત્મતત્ત્વમાં) રાચેલો તે જન્મમરણનો માર્ગ ઓળંગી જાય છે." (इह...अच्चेइ जाइ-मरणस्स वट्टुमगं विक्खायरए). "सर्वे स्मरण (અથવા જન્મ-સર, અથવા વાણી-સ્વર) નિવૃત્ત થાય છે. તર્ક જ્યાં હોતા નથી, ત્યાં મતિ ગ્રહણ કરતી નથી." (सव्वे सरा नियट्टंति. तक्का जत्थ न विज्जई, मई तत्थ न गाहिया). કઠ ઉપનિષદ જણાવે છે કે अतर्क्यम्..नैषा तर्केण मतिरापनेया (૨.૯. એનો તર્ક થઈ શકતો નથી. તે મતિ તર્કથી પ્રાપ્ત થઈ શકતી નથી.),- नायमात्मा प्रवचनेन लभ्यः (૨.૨૨ = મુંડક ઉપનિષદ ૩.૨.૩. આ આત્મા પ્રવચનથી પ્રાપ્ત થઈ શકતો નથી.) આ આત્મા ઇંદ્રિયો અને મનથી પર છે તેવું અનેક ઉપનિષદો પણ જણાવે છે (જેમ કે મુંડક ઉપનિષદ ૩.૧.૮, ૧.૬ તૈત્તિરીય ઉપનિષદ ૨.૪.૧ = ૨.૯.૧ = તેજો બિંદુ ઉપનિષદ ૨૦; કેન ઉપનિષદ ૧.૩; ઉપરાંત કઠ ઉપનિષદ ૨.૬.૧૨, ૯૦, બૌદ્ધદર્શનના સંદર્ભમાં જુઓ શ્રાડર પૃ.૩૯-૪૨).

લોકસારનું આ અંતિમ સૂત્ર આત્મતત્ત્વનું વર્ણન આગળ ચલાવે છેઃ (ओए अप्पइट्ठाणस्स खेयन्ने) તે ઓજસ્ - રાગદ્વેષથી પર - અપ્રતિષ્ઠાનનું ક્ષેત્રજ્ઞ છે" *ઠાકરના મન્તવ્ય મુજબ વૈદિક પરંપરા*ના તપસ્વિઓનાં તપના પરિણામે તેઓમાં દેખાતી એ પ્રકારની તેજસ્વિતા સાથે ઓજસની તુલના થઈ શકે. આચાર-બ્રહ્મચર્યમાં સમ્યગ્-દર્શનવાળા ક્ષેત્રજ્ઞ માટે ઓજસ શબ્દ તેજ-જ્યોતિ-ના અર્થમાં રૂઢ થયો લાગે છે (જુઓ આચાર ૬.૫.૧૯૬; ૭.૩.૨૦૯, ૨૧૦; ૭.૬.૨૨૪. - સરખાવો - આચાર II.૧૬.૮૦૦ - विमुक्कस्स विसुज्झति...रुप्पमलं व जोतिणा – અગ્નિથી શુદ્ધ રૂપાની જેમ વિમુક્ત શુદ્ધ થાય છે...).[૧૬] "તે (ઓજસ ? આત્મતત્ત્વ) દીર્ઘ નથી-હ્રસ્વ નથી,...લોહિત (લાલ) નથી,...શીત નથી-ઉષ્ણ નથી, સ્નિગ્ધ નથી-શુષ્ક નથી, નથી કાય (શરીર)-નથી બીજાંકુર (रुह), નથી સંગ, નથી સ્ત્રી કે નથી પુરુષ કે નથી અન્યથા (બીજું કાંઈ, નપુંસક?)" (से न दीहे–न हस्से, "न लोहिए,...न सीए–न उण्हे, न निद्धे–न लुक्खे, न काउ–न रुहे, न संगे, न इत्थी न पुरिसे न अन्नहा. સૂત્ર ૫.૬.૧૭૬ ચાલુ). લોકસારના આ વિચારો પણ ઉપનિષદોના વિચારો સાથે સામ્ય ધરાવે છે. શ્વેતાશ્વતર ઉપનિષદ (૫.૧૦) કહે છે કે नैव स्त्री न पुमानेष न चैवायं नपुंसकः (એ-આત્મા - સ્ત્રી નથી કે પુરુષ નથી કે એ નપુંસક પણ નથી. સરખાવો - તેજોબિંદુ ઉપનિષદ ૬.૨૮ - न स्त्री न योषिन्नो वृद्धा न कन्या न वितंतुता – તે સ્ત્રી નથી, યોષિત્ (પરિણીતા, બાલિકા) નથી, વૃદ્ધા નથી, કન્યા નથી, વિધવા (પણું) નથી (?), બૃહદારણ્યક ઉપનિષદ (૩.૮.૮) - एतदक्षरं... अस्थूलम् – अनणु – अह्रस्वम् – अदीर्घम् – अलोहितम् – अस्नेहम्... असंगम् – अरसम् – अगन्धम्... (તે અક્ષર તત્ત્વ સ્થૂલ નથી-અણુ નથી, હ્રસ્વ નથી-દીર્ઘ નથી, લોહિત નથી, સ્નેહ (સ્નિગ્ધ નથી, સંગ નથી, રસ નથી, ગંધ નથી...) આ આત્માને પાણી ભીંજવતું નથી, વાયુ સૂકવતો નથી (ગીતા ૨.૨૩,૨૪).

લોકસાર આખરે જણાવે છે કે "તે પરિજ્ઞ (બધું જાણનાર) અને સંજ્ઞમાં[૧૭] (સંજ્ઞા-સ્વરૂપ ? યોગ્ય જાણનાર) ઉપમા નથી હોતી. તે રૂપરહિત સત્તામાત્ર છે. તે અપદને (શબ્દ કે સ્થાનથી પર) પદ નથી. તે નથી શબ્દ, નથી રૂપ, નથી ગંધ, નથી રસ, નથી સ્પર્શ, એમ એટલું જ. (परिण्णे सण्णे उवमा न विज्जइ. अरूवी सत्ता, अपयस्स पयं तत्थि. से न सद्दे, न रूपे, न गंधे, न रसे, न फासे, इच्चेयावंति – સૂત્ર ૫.૬.૧૭૬). કઠ ઉપનિષદ (૩.૧૫) પણ આત્માનું વર્ણન કરતાં જણાવે છે કે આત્મતત્ત્વ अशब्दम्–अस्पर्शम्–अरूपम्–अरसम्–अगन्धवत्–च यत છાંદોગ્ય ઉપનિષદ (૭.૨૪.૧) કહે છે કે यत्र न–अन्यत् पश्यति न–अन्यत्–शृणोति...स भूमा (જ્યાં બીજું જોતો નથી, બીજું સાંભળતો નથી તે ભૂમા છે.)

## § ૧.૬ આચાર-બ્રહ્મચર્ય - અધ્યયન ૬-૯.

બ્રહ્મચર્ય શ્રુતસ્કંધનાં ૬ થી ૯ અધ્યયનોનાં વિષયવસ્તુ પ્રસ્તુત સંશોધન લેખના વિષયથી જુદાં હોવાને લીધે તે અધ્યયનોમાંથી અહીં કેટલીક જરૂરી નોંધ જ લેવામાં આવી છે. વળી, ધૂત નામે છઠ્ઠા અધ્યયન પછી આવતું મહાપરિજ્ઞા નામે સાતમું અધ્યયન શ્વેતાંબર જૈન પરંપરા મુજબ લુપ્ત થયું છે (જુઓ ભટ્ટ ૧૯૮૭), તેથી ધૂતની વિચારણા પછી વિમોક્ષ નામે આઠમા અધ્યયનની વિચારણા કરવામાં આવી છે. ઉપરાંત, ઉપધાનશ્રુત નામે નવમા અધ્યયનનું વિષયવસ્તુ (મહાવીરનું જીવનવૃત્તાંત, ઈત્યાદિ) તો ધૂત અને વિમોક્ષ અધ્યયનોનાં વિષય વસ્તુ કરતાંય વળી તદ્દન ભિન્ન હોવાથી તેની ચર્ચા-વિચારણાને આ લેખમાં સ્થાન આપ્યું નથી.

### § ૧.૬.૧. આચાર-બ્રહ્મચર્ય-ધૂત (આચાર-૬, ઉદ્દેશો ૧.૫)

ધૂત અધ્યયનનાં પૂર્વવર્તી અધ્યયનોમાં **धूणे कम्मसरीरगं** (૨.૬.૯૯ = ૫.૩.૧૬૧ અને ૪.૩.૧૪૧) જેવાં વિધાનો ઉપરાંત મૃત્યુકાળની અપેક્ષા રાખવાનું જણાવતાં કેટલાંક વિધાનો (§ ૧.૪) આવે છે, એ બધાંના આધારે ધૂત અધ્યયનમાં ધૂત-વિષય (કર્મ કે શરીર છોડી દેવું, સંસારત્યાગ, સંલેખના, ઈ.) પર ભાર મૂક્યો છે, તે તેના પહેલા ઉદ્દેશમાં આવતા ધૂત શબ્દ (૬.૧.૧૮૧) ઉપરથી સ્પષ્ટ થાય છે. આ કારણોથી આ અધ્યયનનું નામ ધૂત રાખ્યું છે. તેમાં રોગોનાં નામ ગણાવતા શ્લોકો (૬.૧.૧૭૯) શ્લોકો ૧૩-૧૫ અને **अट्टे से...परितावए** : ૬.૧.૧૮૦) સહિતનાં સૂત્ર ૬.૧.૧૭૯ થી સૂત્ર ૬.૧.૧૮૧ સુધીના કુલ ત્રણ સૂત્રો પ્રક્ષિપ્ત છે (જુઓ શૂબ્રીંગ-આચાર પૃ.૫૫). વળી, "**सत्ता कामेहिं माणवा**" (૬.૧.૧૮૦) સૂત્રપંક્તિ સૂત્રકૃતાંગ ૧.૧.૬ સાથે, તથા **समाहिमाघात... वयंति** (૬.૪.૧૯૦) પદ પંક્તિ સૂત્રકૃતાંગ I ૧૩.૨ સમાંતર જાય છે. ધૂત અધ્યયનના બીજા તથા ત્રીજા ઉદ્દેશોમાં અચેલ (૬.૨.૧૮૪) અને નગ્ન (૬.૨.૧૮૫) ઉપરાંત કેટલાક સાધુઓનાં વિહાર, વસ્ત્રો, વગેરેનું વર્ણન આવે છે. તેના ચોથા અને પાંચમા ઉદ્દેશોમાં ખાસ ધ્યાન ખેંચે એવા કોઈ વિચાર નથી. તેની અંતિમ પંક્તિઓમાં (૬.૫.૧૯૮) શરીર-ભેદ, કાય-વિઘાત (**फलगावतट्ठी**) ઈત્યાદિ શબ્દોથી સંલેખનાનું સૂચન થયું છે. તેનાં ઘણાં સૂત્રો કેટલાંક અધ્યયનોનાં સૂત્રો સાથે સમાંતર જાય છે, તે બધાંની અહીં નોંધ લેવી આવશ્યક નથી, દા.ત. સૂત્ર ૬.૩.૧૮૭ (...अचेले लाघवं...समभिजाणिया.) = ૮ :-૨.૨૧૪;૫.૨૧૭,૨૧૯;૬.૨૨૧-૨૨૩;૭.૨૨૬-૨૨૭. **સૂત્ર** ૬.૨.૧૮૬ (**ते फासे पुट्ठो...अधियासेज्जाति** = ૬.૫.૧૯૬) = આચાર ૫.૨.૧૫૩, સૂત્ર. ૬.૪.૧૯૫ (...**निट्ठियट्ठे...परक्कमेज्जासि**...) = આચાર ૫.૬.૧૭૩, સૂત્ર ૬.૫.૧૯૬ (**संतिं विरतिं उवसमं निव्वाणं**) = સૂત્રકૃતાંગ II.૧.૧૫-મૂળ સૂત્રકૃતાંગ ૩.૪.૧૯-૨૦ માંથી લેવામાં આવ્યું છે (જુઓ બોલ્લે. II પૃ.૧૩૯), સરખાવો - **शांतिं निर्वाणपरमां**...ગીતા ૬.૧૫.

### § ૧.૬.૨. આચાર-બ્રહ્મચર્ય-વિમોક્ષ (આચાર ૮, ઉદ્દેશો ૧-૮)

બ્રહ્મચર્યના આઠમા અધ્યયનમાં ૪-૭ ઉદ્દેશોના અંતે તથા ઉદ્દેશ ૮ના પહેલા શ્લોકમાં આવતા **विमोह** શબ્દના લીધે આ અધ્યયનનું નામ વિમોક્ષ રાખ્યું લાગે છે. (વિમોહ નામ વધારે યોગ્ય લાગે છે !). તેમાં મહાવીર માટે "બુદ્ધિશાળી બ્રાહ્મણ" (**माहणेण मईमता** ૮.૧.૨૦૨, ૮.૨.૨૦૮) અને "આશુપ્રજ્ઞ" (૮.૧.૨૦૧=સૂત્રકૃતાંગ I.૬.૭) જેવાં નામ નવાં છે. તેના ૨-૭ ગદ્યમય ઉદ્દેશોમાં ભિક્ષુઓને (**समणा**) સંબોધીને તેમનાં ખાનપાન, વસ્ત્ર, વ. વિષયનું વર્ણન કર્યું છે. તેના પદ્યમય આઠમા ઉદ્દેશમાં (૨૫ શ્લોકો) પણ આ જ વિષયનું વિવેચન થયું છે (દા.ત. ૮.૬.૨૨૪, ૮.૭.૨૨૮).

વિમોક્ષ અધ્યયનમાં સંલેખના કે ભિક્ષાના નિયમો સંબંધી જે કાંઈ પરિભાષા યોજી હોય (જુઓ ઉપર § ૧.૪, § ૧.૬.૧) તે સિવાય ઈતર નવા શબ્દપ્રયોગો પણ જોવા મળે છે, જેમ કે ગુપ્તિ (૮.૨.૨૦૬), તપસ્વી (૮.૪.૨૧૫) સત્ય, સત્યવાદી (૮.૬.૨૨૪, ૮.૭.૨૨૮), નિર્જરા (૮.૮.શ્લોક ૫), કષાય (૮.૭.૨૨૮, ૮.૮

શ્લોક ૩) સર્વ - ગાત્ર - નિરોધ (૮.૮ શ્લોક ૧૯), પરીષહ-ઉપસર્ગ (૮.૮.શ્લોક ૨૨), ઇત્યાદિ. વળી, ૮.૮. શ્લોક ૬ સૂત્રકૃતાંગ I.૮.૧૫ સાથે અને ૮.૮. શ્લોક ૨૪ સૂત્રકૃતાંગ I.૧.૨.૧૨ સાથે સરખાવી શકાય. વિમોક્ષ અધ્યયનનાં વિષયવસ્તુ - સૂત્રો ખૂબ અસ્તવ્યસ્ત થઈ ગયાં છે, છતાં પણ તેનાં વિષયવસ્તુની સમાંતર જતી વૈદિક વિચારસરણીનાં એક-બે ઉદાહરણો અહીં ખૂબ ધ્યાન ખેંચે એવાં છે સૂત્ર ૮.૨.૨૦૪ જણાવે છે કે ભિક્ષુએ શ્મશાને કે સૂના ઘરમાં કે વૃક્ષ નીચે કે પર્વતની ગુફામાં કે કાંઈ કુંભાર-વાસ (ઘર)માં રહેવું (से भिक्खू...सुसाणंसि वा सुन्नागारंसि वा रुक्खमूलंसि वा गिरिगुहंसि वा कुंभारायतणंसि वा...= આચાર ૯.૨.૨૭૯, ઉત્તરાધ્યયન ૨.૨૦; ૩૫.૬). પરમહંસપરિવ્રાજક ઉપનિષદ અને નારદપરિવ્રાજક ઉપનિષદ (૩.૮૬) પણ તેવુંજ જણાવે છેઃ...यथा निर्ग्रन्थो..शून्यागार..वृक्षमूल-कुलालशाला..गिरिकुहर-कंदर-कोटर..स्थंडिलेषु तेषु-अनिकेतवास्य-प्रयत्न=...देहत्यागं करोति = જાબાલ ઉપનિષદ ૬ = ભિક્ષુક ઉપનિષદ; વળી સરખાવો- रुक्खमूलं सुसाने वा पब्बतानं गुहासु वा...સુત્તનિપાત ૫૪.૪). આ બધાં ઉપનિષદોમાં સંલેખનાનું જ વર્ણન થયું છે (તે સંદર્ભમાં જુઓ "देहत्यागं करोति" - "દેહત્યાગ કરે છે" જેવા શબ્દો!). ઉપરાંત, વિમોક્ષ ૮.૮ શ્લોક ૪ (जीवियं नाभिकंखेज्जा मरणं णो वि पत्थए - જીવિતની ઇચ્છા ન કરવી અને મરણ પણ ન માગવું) સાથે નારદપરિવ્રાજક ઉપનિષદ ૩. ૬૦-૬૧ (मृत्युं च नाभिनंदेत जीवितं वा कथंचन...नाभिनंदेत मरणं नाभिनंदेत जीवित्तम्) સરખાવી શકાય.

### § ૧.૬.૩. આચાર-બ્રહ્મચર્ય-ઉપધાનશ્રુત (આચાર ૯, ઉદ્દેશો ૧-૪)

તપ કે વ્રત જેવાં ધાર્મિક આચરણ માટે ઉપધાન શબ્દ વપરાય છે. બ્રહ્મચર્યના આ છેલ્લા અધ્યયનમાં મહાવીરે પોતાના જીવનકાળ દરમિયાન સાધેલાં તપશ્ચર્યા, તિતિક્ષા, ધ્યાન, વ્રતો, ભિક્ષાવિહાર, ઇત્યાદિનું વર્ણન આવે છે, તેથી તેને ઉપધાનશ્રુત (કે ઉપધાનસૂત્ર) નામ આપ્યું છે. આ અધ્યયન સંપૂર્ણ પદ્યમય (આર્ષ-આર્યા) રચાયું છે, અને બ્રહ્મચર્યનાં બધાં અધ્યયનોથી ભિન્ન તરી આવે છે. આ અધ્યયન વિષેના સંશોધનાત્મક વિવેચન માટે જુઓ શૂબ્રીંગ-આચાર પૃ.૫૧, ૫૯-૬૩. અહીં તેનું વિવેચન યોગ્ય નથી.

### § ૧.૭ આચાર-બ્રહ્મચર્ય : વિભાગ ૧-૨

બ્રહ્મચર્યનાં ઉપર જણાવેલાં છેલ્લાં ત્રણ અધ્યયનોનાં વિષયવસ્તુ (ભિક્ષુઓનાં ખાનપાન, વસ્ત્ર, ઇત્યાદિ) તેમનાં પૂર્વવર્તી ૨-૫ અધ્યયનોમાં આવતાં શસ્ત્રપરિજ્ઞાને અનુરૂપ સામાન્ય વિવેચનોથી ભિન્ન તરી આવે છે. તે બધાં તેમનાં પૂર્વવર્તી ૧-૫ અધ્યયનો કરતાં સમયમર્યાદાની દૃષ્ટિએ પણ "નવાં" છે, તેવા સંકેતો કંઈક લોકસાર અધ્યયનમાં (§ ૧.૫) પણ જોવા મળે છે. આથી, ૧-૫ અધ્યયનો ૬-૯ અધ્યયનો કરતાં કંઈક પ્રાચીન ગણાય. ૬-૯ અધ્યયનોમાં વિમોક્ષ કરતાં ઉપધાનશ્રુત પ્રાચીન ગણી શકાય. ધૂત, વિમોક્ષ, જેવાં અધ્યયનોમાં મળતા ભિક્ષુઓની દૈનિક ચર્યા, વગેરે માટેના નિયમો મહદંશે બ્રાહ્મણ પરંપરામાંથી અપનાવવામાં આવ્યા છે. આવા વિષયના જૈન આગમગ્રંથો ઉપર શૂબ્રીંગનું પ્રદાન મહત્વનું છે.[૧૮] વળી જૈનદર્શનમાં સંલેખના જેવાં જૈન તપ પણ બ્રાહ્મણ પરંપરાની અસર નીચે વિકસ્યાં છે તે ઉપર કૂર્ત ફૉન કામ્પત્ઝ (über die sterbefasten...આમરણ અનશનવ્રત ઉપર..., હામ્બૂર્ગ ૧૯૨૯) અને મેડમ કેયાનાં વિશિષ્ટ પ્રદાન થયાં છે (Fasting Unto Death According to the Jaina Tradition Acta Orientalia ૧૯૭૭; વળી જુઓ પેટ્રીક ઓલીવેલ્લેનું Ritual Suicide...વીએના જર્નલ ૧૯૭૮, પૃ. ૧૯-૪૪).

બ્રહ્મચર્યનાં ૨-૫ અધ્યયનોમાં પહેલા અધ્યયન શસ્ત્રપરિજ્ઞાની વિચારસરણીનો આદર્શ લઈ જીવ-આત્મા, લોક-સંસાર, કર્મ પરિજ્ઞા અને મોક્ષ જેવા વિષયોની ચર્ચા થઈ છે. તે પછીનાં ૬-૯ અધ્યયનોમાં ભિક્ષુઓનાં વિહાર, ચર્યા, નીતિનિયમો (અધ્યયનો ૬,૮, મહાપરિજ્ઞા નામનું સાતમું અધ્યયન લુપ્ત થયું ગણાય છે) તથા મહાવીરની ચર્યા (અધ્યયન ૯) પર વધારે ભાર મૂક્યો છે. આથી આપણે સમગ્ર બ્રહ્મચર્ય શ્રુતસ્કંધને બે વિભાગોમાં વહેંચી શકીએ; વિભાગ ૧ (અધ્યયનો ૧-૫) અને વિભાગ ૨ (અધ્યયનો ૬-૯).

§ ૧.૭.૧. આચાર-બ્રહ્મચર્ય વિભાગ ૧ નું મૌલિક તત્ત્વચિંતન

ઉપર્યુક્ત વિવેચનના આધારે બ્રહ્મચર્ય વિભાગ ૧ ના (અધ્યયન ૧-૫) વિચારો સંક્ષેપમાં નીચે મુજબ ગોઠવી શકાય :

(૧) ગુણો-વિષયો ઇંદ્રિયોને આકર્ષે છે અને પાપ કર્મ તરફ દોરે છે; પરિણામે જીવને (આત્માને) બાંધે છે, તેને જન્મમરણના ફેરામાં અટવાવું પડે છે (જુઓ ફ્રાઉવાલ્નર ૧,પૃ.૧૧૦થી આગળ).

(૨) તેથી મન, વચન અને કાય દ્વારા અધ્યાત્મમાં - અંતરાત્મામાં ચિત્ત સંકેલી (સ્થિર થઈ) પાપ કર્મોનો ત્યાગ કરવો,

(૩) અને ગૃહત્યાગ કરી, લૌકિક વ્યવહાર ત્યજી ધર્મનું આચરણ કરવું, તથા આવી પડતા સર્વ સ્પર્શો સહન કરવા.

(૪) આથી આ લોક સાથે તેને બંધન (સંધિ-ગ્રંથ) રહેતું નથી, અને તે સંસારથી મુક્ત થાય છે.

બ્રાહ્મણ પરંપરાની વિચારધારામાં આત્મજ્ઞાનને મહત્ત્વ આપ્યું છે. તે વિચારો જણાવે છે કે અવિદ્યા-અજ્ઞાનથી (આત્મજ્ઞાનના અભાવે) જીવાત્માને સંસારનું બંધન રહે છે. એને પરિણામે તે દુ:ખ અનુભવે છે, જન્મમરણના સંસારચક્રમાં ફર્યા કરે છે. પણ ગૃહત્યાગ કરી - સંન્યાસ સ્વીકારી - રાગદ્વેષાદિ ઇંદ્રિયોના વિષયોથી થતાં સુખદુ:ખ આસક્તિ વગર સહન કરવાં અને આત્મરત - આત્મનિષ્ઠ રહેવું. આથી તેને સંસારનું બંધન રહેતું નથી; તેને મોક્ષપ્રાપ્તિ થાય છે. વ્યક્તિગત જીવાત્માને કેંદ્રીભૂત કરતી આવી (microcosm) વિચારપ્રણાલીની સમાંતર ચાલી આવતી વિશ્વબ્રહ્મની, સમગ્ર વિશ્વ બ્રહ્મ છે એવી (macrocosm) વિચારપ્રણાલીએ જીવાત્માની વિચારપ્રણાલીમાં ક્રાંતિ સર્જી. પરિણામે, તે બંને પ્રણાલીઓના તાદાત્મ્યથી - ''હું - જીવાત્મા - બ્રહ્મ છું'' કે ''તે-બ્રહ્મ હું છું'' - એવા તાદાત્મ્ય જ્ઞાનથી જીવાત્મા મુક્ત થાય છે, તેવા વિચારો પ્રચલિત થયા (જુઓ ફ્રાઉવાલ્નર I. પૃ.૭૨થી આગળ, તથા હ્યુમ-પ્રકરણ ૫, પૃ.૨૩-૩૨, હાઈમાન પૃ.૨૦૧-૨૦૭).

આચાર-બ્રહ્મચર્ય વિભાગ ૧માં વિશ્વબ્રહ્મની વિચારપ્રણાલી (macrocosm) મળતી નથી, પણ જીવાત્માની વિચારપ્રણાલી (microcosm) હતી તે ઉપર્યુક્ત વિવેચનોથી સ્પષ્ટ થાય છે. પરંતુ તેમાં પાપકર્મની-શસ્ત્રની પરિજ્ઞા-જ્ઞાન-વિવેકને મહત્ત્વ આપ્યું છે. ગુણો-વિષયોથી જીવાત્મા આકર્ષાય છે અને પરિણામે બંધન (સંધિ) અનુભવે છે. ઉત્તરકાલીન જૈનઆગમોમાં સંધિ-ગ્રંથિ શબ્દનું સ્થાન યોગ શબ્દે લીધું.

મહાવીરના સમયમાં ધર્મના નામે અનેક પાપકર્મો થતાં હતાં. મહાવીરે તે દૂર કરવાની પ્રાથમિક ફરજ સમજી અને પાપકર્મોનો-હિંસાનો વિરોધ કર્યો. આમ, અહિંસાને મહત્ત્વ આપતાં મહાવીરે આત્મતત્ત્વના જ્ઞાનની ચર્ચા પ્રત્યે લક્ષ્ય ન આપ્યું (બુદ્ધે પણ તે રીતે આત્મતત્ત્વ પ્રત્યે ઉપેક્ષા દર્શાવી હતી), પણ પાપકર્મના વિવેકને-પરિજ્ઞાને પ્રાધાન્ય આપ્યું. એમાં જીવાત્માની મુક્તિનો પ્રશ્ન પણ ઉકલી જતો હતો. બ્રાહ્મણ વિચારધારા અને બ્રહ્મચર્યની વિચારધારામાં ધ્યેય - આત્મમુક્તિ - સમાન છે, એક જ છે; પણ બંનેના વિચારોના ફલક જુદા છે, બ્રાહ્મણ વિચારધારામાં આત્મજ્ઞાન, બ્રહ્મચર્યની વિચારધારામાં પાપ કર્મનું જ્ઞાન - શસ્ત્રપરિજ્ઞા. મહાવીરે અલોભથી લોભ જીતવાનો અને અનાયાસે -સ્વયં ફળીભૂત થતી કામનાઓને પણ ગ્રહણ નહીં કરવાનો આદેશ આપ્યો (આચાર ૨.૧.૭૧). તેવા જીવાત્માને હર્ષ પણ નથી કે ક્રોધ પણ નથી (૨.૨.૭૫). તેનાં કર્મો ઉપશમ્યાં છે (૨.૬.૯૭). હિંસા કરવા છતાં (૨.૬.૧૦૩) તે તેનાથી લેપાતો નથી (૨.૧.૭૪, ૨.૫.૮૯). તેને તેનો ''રાગ'' થતો નથી (૨.૬.૯૮). ઉપનિષદો પણ કહે છે કે તિતિક્ષુ પાપકર્મથી લેપાતો નથી (દા.ત. બૃહદારણ્યક ઉપનિષદ, ૪.૪૨૮, સરખાવો છાંદોગ્ય ઉપનિષદ, ૪.૧૪.૩, ૫.૧૦-૧૦, તૈત્તિરીય ઉપનિષદ, ૨.૯; જુઓ ઉપર § ૧.૨). આવાં વિધાનો પાછળ કોઈ અધર્મ-આચરણનો આશય હોતો નથી (જુઓ પાઉલ-હાકર. Topos. પૃ. ૩૯૬-૩૯૭). વળી, આચાર. ૨.૧.૭૧ જણાવે છે કે કર્મ સ્વયં બંધન કરતું નથી, પણ તેની પાછળ રહેલા ગુણો-

વિષયો (કામ, લોભ, વ.) બંધન કરે છે. ગુણો કર્મનું મૂળ છે; તે આવર્તનું પુનર્જન્મનું મૂળ છે (સરખાવો - આચાર ૧.૫.૪૧; ૨.૧.૬૩; ૨.૨.૬૯; ૩.૧.૧૧૧). મન, વાણી અને કાયને બહિર્મુખ થતાં રોકી-આંતરમાં સંકેલી લઈ, સર્વ ગાત્રોનો નિરોધ કરી જે કાંઈ વિષયસ્પર્શથી સુખદુઃખનો અનુભવ થાય તે સહન કરતા રહેવું (આચાર ૮.૮.૨૪૬-૨૪૭ = શ્લોક ૧૮-૧૯), આવી જ પ્રક્રિયા મહાવીરે પણ અપનાવી હતી (જુઓ ૮.૮.૨૪૦ શ્લોક ૧૨). બ્રહ્મચર્યનું ત્રીજું અધ્યયન શીતોષ્ણીય પણ જણાવે છે કે આત્મપ્રાપ્તિથી દુઃખમુક્ત થવાય છે (૩.૩.૧૨૬). આ વ્યક્તિ પરિજ્ઞાતકર્મ, ક્ષેત્રજ્ઞ, નૈષ્કર્મદર્શી (૩.૨.૧૧૫, ૪.૪.૧૪૫), પરમદર્શી, આત્મવિદ (૩.૧.૧૦૭), આત્મગુપ્ત (૩.૨.૧૨૩), આત્મસમાહિત (૪.૩.૧૪૧), આત્મોપરત (૪.૪.૧૪૬) અને વિમુક્ત છે. ઇંદ્રિયો ''ગુપ્ત'' કે ''સંવૃત'' થતાં તે વ્યક્તિ દુઃખમાંથી છૂટી જાય છેઃ તેને પછી બીજી કો ઈ સાધનાની આવશ્યકતા હોતી નથી, (૩.૨.૧૨૬). સૂત્રકૃતાંગ પણ જણાવે છે કે **अत्तत्ताए परिव्वए** (I.૩.૩.૭ = I.૧૧.૩૨, જુઓ બોલ્લે II.પૃ.૧૧૫)-તે આત્માર્થે સંસાર ત્યજે છે, તે આત્માર્થે સંવૃત થયો છે (સૂત્રકૃતાંગ II.૨.૨૯). તે ઉપશાંત છે, પરિનિર્વૃત છે, તેને ઇતર કાંઈ કર્મ રહેતું નથી.

બ્રહ્મચર્યની અને વિશેષ તો તેના વિભાગ ૧ની (૧-૫ અધ્યયનો) વિચારપ્રક્રિયામાં સળંગસૂત્રતા કે અખંડિતતા જળવાઈ નથી, પણ તે તૂટક દશામાં મળે છે. કારણ કે મૂળે બ્રહ્મચર્ય શ્રુતસ્કંધનાં ઘણાં સૂત્રો ખંડિત અને અસ્તવ્યસ્ત છે; તેઓના ગદ્યાંશ કે પદ્યાંશ એકમેક થઈ ગયા છે અને તેમની ગોઠવણી કંઈક ક્રમબદ્ધ પણ નથી. એમાં મળતાં પાપકર્મો, અસક્તિ, નિર્લેપ, નૈષ્કર્મ્ય વગેરે જેવાં વિધાનો ઉપનિષદો, મહાભારત કે ગીતાની કર્મ, આસક્તિ અને રાગની વિચારસરણી વ્યક્ત કરે છે. આચાર બ્રહ્મચર્યની આવી જીવ, કર્મ અને લોકની વિચારસરણી તત્કાલીન અવિકસિત દશાના લોકધર્મના વિચારોમાંથી ઊતરી આવી હોય એમ લાગે છે. આચારાંગ પછીનાં કેટલાંક આગમોમાં પણ આચાર બ્રહ્મચર્યની આવી વિચારધારાના દૃષ્ટિગોચર થતા કેટલાક અંશોનો કંઈક પરિચય આગળ આપવામાં આવ્યો છે.

### § ૧.૭.૨. મુક્તાત્માની સ્થિતિ - વૈદિક ઉલ્લેખ

હાન્સ પેટર શ્મીદ્દતે જૈન પરંપરામાં માન્ય મુક્તાત્માની સ્થિતિ અને તેનાં આદિમૂળ વૈદિક પરંપરામાંથી શોધ્યાં છે (જુઓ ઉપર પા.ટી.૨.). પ્રસ્તુત સંશોધન લેખ પ્રાચીન જૈન આગમો પૂરતો મર્યાદિત હોવા છતાં મુક્તાત્માની સ્થિતિનો આ આખો મુદ્દો તદ્દન નવો અને અમારા આ લેખના ઉદ્દેશ્ય સાથે સંવાદિત થતો હોવાથી અહીં તેનું વિવરણ ઉપકારક અને આવશ્યક ગણાશે.

છાંદોગ્ય ઉપનિષદમાં ઘોર આંગિરસનું તત્ત્વદર્શન (૩.૧૭.૧-૭) બુદ્ધ અને મહાવીરના અસ્તિત્વ પહેલાંનું અને અતિપ્રાચીન છે. તે કર્મ અને આત્મતત્ત્વ વિષેના વિચારોથી હજી અપરિચિત રહ્યું લાગે છે. તેમાં પહેલી વાર અહિંસા એક નવા સિદ્ધાંતરૂપે દૃષ્ટિગોચર થાય છે. તેમાં પિતા પુત્ર રૂપે જન્મે છે એવા શતપથ બ્રાહ્મણના વિચારોની પુષ્ટિ કરતાં છાંદોગ્ય ઉપનિષદ (૩.૧૭.૫) જણાવે છે કે - **सोष्यति - असोष्टा - इति, पुनरुत्पादन - मेवास्य;** ''તે સોમ સવન કરશે (= તેની પત્ની પ્રસવ કરશે), તેણે સોમ સવન કર્યું (= તેની પત્નીએ જન્મ આપ્યો). એ જ તેનો પુનર્જન્મ છે.'' અહીં શ્લેષનો પ્રયોગ કરી **सोष्यति - असोष्टा** નો મૂળ અર્થ અસ્પષ્ટ (અવ્યક્ત) કેમ રાખ્યો હશે તે સમજવું મુશ્કેલ છે. વળી, તે આગળ જણાવે છે કે **अपिपास एव स बभूव, सोऽन्तवेलायामेतत् त्रयं प्रतिपद्येत. अक्षितमसि, अच्युतमसि. प्राणसंशितमसीति.** ''તે તૃષારહિત થયો (મુક્ત થયો). મૃત્યુવેળાએ તે આ ત્રણ પામે છેઃ 'તું અક્ષય છે', 'તું અચ્યુત છે' 'તું પ્રાણના - જીવનના - શિખરે છે'' (જુઓ અથર્વવેદ ૩.૧૯.). આના સમર્થન માટે ઋગ્વેદની બે ઋચાઓ પણ આપી છે, જેમકે

**आद् इत् प्रत्नस्य रेतसो, - ज्योति = पश्यन्ति वासरम् - परो यद् इध्यते दिवि** (ઋગ્વેદ ૮-૬-૩૦) - ''તેઓ પુરાતન રેતસમાંથી જન્મેલી પ્રાતઃકાલીન જ્યોતિ જુએ છે, જે દિવ (આકાશ)માં સામે પાર પ્રજ્વળી રહી છે.'' (= સામવેદ ૧.૨.૧૦).

उद् वयं तमसस्परि - ज्योतिः पश्यन्त उत्तरम् - सुवः पश्यन्त उत्तरं - देवं देवत्रा सूरियम् - अगन्म ज्योतिरुत्तमम् - इति - ज्योतिरुत्तमम् - इति. (ઋગ્વેદ ૧.૫૦.૧૦) ''અમે, ઊંચે તમસની પાર-ઉત્તર (વધુ ઊંચી) જ્યોતિ નીહાળતા - ઉત્તર (વધુ ઊંચો) પ્રકાશ નીહાળતા - દેવોના દેવ સૂર્યને - ઉત્તમ (સૌથી ઊંચી) જ્યોતિને પ્રાપ્ત થયા.-ઉત્તમ જ્યોતિને પ્રાપ્ત થયા.''[૧૯]

ઘોર આંગિરસના મતે ઋગ્વેદની આ બંને ઋચાઓમાં મોક્ષનું સ્થાન ''પ્રત્નરેતસ'' છે. તે સમગ્ર વિશ્વનું આદિકારણ છે, મૂળ તત્ત્વ છે. હાઇનરીશ લ્યૂડર્સે (જુઓ ''વરુણ..'' ગ્યોટીંગન ૧૯૫૯) તેને ઋત સાથે સરખાવ્યું છે. બૃહદારણ્યક ઉપનિષદમાં વળી તેને હિરણ્મયપાત્ર (=સૂર્ય) કહ્યું છે - જેમકે, हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् (૫.૧૫.૧ = ઈશ ઉપનિષદ ૧૫- ''સુવર્ણપાત્રથી સત્યનું મુખ ઢંકાયેલું છે''). - અંતકાળ નજીક આવ્યો હોય એવી વ્યક્તિઓ સમક્ષ પ્રાર્થનામાં પણ ઋગ્વેદની ઉપર્યુક્ત બે ઋચાઓનું ઉચ્ચારણ કરવામાં આવે છે, જેથી તે વ્યક્તિને મુક્તિ મળે એમ મનાય છે.

આ રેતસ આકાશ મંડળથી - દિવથી પણ પર છે, અને ઉત્તમ છે. તે ઋત છે. તે પ્રાણ-સંશિત છે, જીવનના સૌથી ઊંચા શિખરે છે. મોક્ષની આવી સ્થિતિમાં મુક્ત જીવાત્મા સંપૂર્ણ રીતે ઋતમાં ઓતપ્રોત થઈ જાય છે કે તેનું જુદું અસ્તિત્વ ટકી રહે છે, તેનો નિર્ણય કરવો મુશ્કેલ છે (વિસ્તાર માટે જુઓ શ્મીદૂત ઉપર પા.ટી.૨ : પૃ. ૬૫૨-૬૫૪)

આ સંદર્ભમાં આચાર-બ્રહ્મચર્ય શ્રુતસ્કંધમાં મળી આવતાં મુક્ત જીવાત્મા સંબંધી કેટલાંક વિધાનો તપાસી શકાય; જેમકે ''મુક્તાત્મા દ્યુતિમાનનું ક્ષેત્રજ્ઞ છે'' (૮.૩.૨૦૯). અંતકાળે મોક્ષની અભિલાષા રાખનારને મોક્ષ પ્રાપ્તિ થાય છે તેવા આશયના વિચારો પણ બ્રહ્મચર્યમાં મળે છે, જેમ કે कंखेज्ज कालं जाव शरीरभेदो (જીવ શરીરથી છૂટે ત્યાં સુધી કાળની આકાંક્ષા રાખવી. ૬.૫.૧૯૮), परेण परं जंति नावकंखंति जीवितं (પરથી પર પ્રાપ્ત કરે છે અને જીવનની આકાંક્ષા રાખતા નથી ૩.૪.૧૨૯), एगमप्पाणं संपेहाए धूणे शरीरं (એક આત્માને નીરખીને શરીર ખંખેરી દેવું-છોડી દેવું ૪.૩.૧૪૧). નારદપરિવ્રાજક ઉપનિષદ (૩.૬૧) પણ કહે છે કે कालमेव प्रतीक्षेत यावदायु = समाप्यते (આયુષ્ય પૂરું થાય ત્યાં સુધી કાળની જ રાહ જોવી), અને ગીતા (૮.૫) જણાવે છે કે अंतकाले च मामेव स्मरन् मुक्त्वा कलेवरम्...! જૈનદર્શનમાં આર્ય અંતિમ આકાંક્ષાને નિદાન કહે છે.

મોક્ષનું કે મુક્તાત્માની (સિદ્ધ જીવાત્માની) સ્થિતિનું સળંગ સ્પષ્ટ વર્ણન પ્રાચીન જૈન આગમોમાં મળતું નથી. તે ફક્ત ઉત્તરકાલીન વિકસેલા આગમોમાં જ, અને તે પણ કોઈ ચાલી આવતા વર્ણનોના સંદર્ભમાં-ગૌણરૂપે તૂટક તૂટક મળે છે, જે ભાગ્યે સંકલિત કરી શકાય છે. આવાં વર્ણનોમાંથી મોક્ષ કે મુક્તાત્મા વિષેના વિચારોનું અહીં સમીક્ષાત્મક વિવેચન કરવું આવશ્યક નથી. પણ તે ઉપરથી સંક્ષેપમાં કહી શકાય કે જૈનો મુક્તાત્માને સિદ્ધ કહે છે (આ શબ્દ આચાર-બ્રહ્મચર્યમાં મળતો નથી.). સિદ્ધાવસ્થામાં જીવો ઈષીપબ્ભાર (ઈષત્પ્રભાર - ''જરાક આગળ'') નામે સિદ્ધક્ષેત્રમાં રહે છે (ઉત્તરાધ્યયન ૩૬.૫૭-૫૮થી આગળ) સમવાયાંગ ૨૧માં તેનાં બાર નામો ગણાવ્યાં છે, તેમાં આ સિદ્ધાલય કે સિદ્ધક્ષેત્રનું એક નામ બ્રહ્મ છે (જુઓ શુબ્રીંગ § ૧૮૭). જૈનો તેને ઈષીપબ્ભાર (ઈષત્-પ્રભાર-''વિશ્વથી જરાક આગળ''-''લોકાગ્ર'', સરખાવો ઔપપાતિક § ૧૬૯ = ઉત્તરાધ્યયન ૩૬.૫૭, જુઓ ઉત્તરાધ્યયન ૨૩. ૮૧-૮૫) કહે છે. મુક્ત જીવાત્માની સ્થિતિ કોઈ ધામ વિશેષમાં હોય છે તેમ ઉપનિષદો પણ માને છે. તેઓ કોઈવાર તેને એક ''પદ''-સ્થાન તરીકે જણાવે છે (કઠ ઉપનિષદ ૧.૩.૮), કોઈવાર ''વિષ્ણુના પરમપદ'' તરીકે (કઠ ઉપનિષદ ૧.૩.૯), તો કોઈવાર ''બ્રહ્મપુર'' તરીકે (છાંદોગ્ય ઉપનિષદ ૮.૧.૫), તો ઘણીવાર ''બ્રહ્મલોક'' તરીકે તેનો ઉલ્લેખ કરે છે.[૨૦] ઔપનિષદ વિચારધારામાં મુક્તિના ધામરૂપ બ્રહ્મલોક, અને જૈનોના સિદ્ધક્ષેત્ર - ઈષીપબ્ભાર - એ બંનેનાં આદિમૂળ ઘોર આંગિરસના તત્ત્વદર્શનમાં કે તે સંદર્ભમાં ઉલ્લેખેલી ઋગ્વેદની ઋચાઓમાં મળે છે. (સરખાવો - વેબર : ભાગવતી : ૫૧-૩૦૫ અને રામતાપની ૩૫)

મુંડક ઉપનિષદમાં મળી આવતા મુક્તાત્માની સ્થિતિ વિષેના વિચારો અને જૈન દર્શનમાં મળતા તેવા વિચારોની કાંઈક તુલના કરવા હેર્ટેલે, તથા માક્સ મ્યૂલર (SBE 15, પૃ.૨૭), વિલિબાલ્ડ કિર્ફેલ (Kosmographic der Inder ''ભારતીઓની વિશ્વરચના-વિધાન'' પૃ.૫, ૨૧૦, ૩૦૬), હેલ્મૂથ ફોન ગ્લાસેનપ્પ (Die Lehre von Karman ''કર્મનો સિદ્ધાંત'' પૃ.૧૦૫) તથા હેરમાન યાકોબી (ઉમાસ્વાતિનું તત્ત્વાર્થાધિગમસૂત્ર, પૃ.૩૨૩) ઇત્યાદિએ પ્રકાશિત કરેલા ઉત્તરકાલીન, વિકસિત પરિસ્થિતિના જૈન ગ્રંથોનો આધાર લીધો છે, પણ પ્રાચીન જૈન આગમોનો (આચાર I, સૂત્રકૃતાંગ I, ઇત્યાદિ) આધાર લીધો નથી. હેર્ટેલે ઉઠાવેલા મુદ્દાનું અને તે આધારે રજૂ કરેલાં કેટલાંક વિધાનોનું આજની સંશોધન પરિસ્થિતિની અપેક્ષાએ કંઈપણ મૂલ્યાંકન કરી શકાય નહીં. આ સંદર્ભમાં સૅલોમનના (પૃ.૧૦૧-૧૦૩) વિચારો ખાસ નોંધવા યોગ્ય છે.

**§ ૧.૮ બ્રહ્મચર્ય શ્રુતસ્કંધ - કેટલાક વિશિષ્ટ મુદ્દા પર પ્રકાશ**

**§ ૧.૮.૧. લોકભાષા** - મહાવીર અને બુદ્ધના જન્મ પહેલાં - ઈ.સ.પૂર્વે ૫મી-૬ઠ્ઠી સદીથી પણ પ્રાચીન પ્રાકૃત લોકભાષાઓમાં પણ ધર્મ અને નીતિનિયમોના વિચારો વિકસ્યા હતા. તેના કેટલાક અંશો મૂળ જાતકકથાઓ અને ધમ્મપદોમાં (ઈ.સ.પૂ.૮-૭મી સદી?) જળવાયા છે. એ વિચારોમાં વૈદિક વિચારોની અસર પણ સ્વાભાવિક હતી. વૈદિક વિચારધારા આ સમય દરમિયાન મધ્યભારતથી પૂર્વભારતમાં પ્રચલિત થઈ ચૂકી હતી (જુઓ આગળ મુદ્દો ૯.). આ પ્રકારના સાહિત્યના લેખક કે વિચારો ફેલાવનાર વ્યક્તિઓ કોણ હશે એ વિષે કોઈ નક્કર સંકેતો કે ઇતિહાસ મળતો નથી. આમાંની કેટલીક જાતકકથાઓને જૈનસ્વાંગ અને બૌદ્ધ સ્વાંગ આપી પ્રાચીન જૈન-બૌદ્ધ શાસ્ત્રોમાં વણી લીધી છે, તે વિષય અહીં પ્રસ્તુત નથી (વિસ્તાર માટે જુઓ આલ્સદોર્ફ-આર્યા...)[૨૧]. પરંતુ તે સમયે લોકસમાજમાં તેવા વિચારોનો પ્રચાર કરવાનું શ્રેય તો (બુદ્ધ અને) મહાવીરને જાય છે. બ્રહ્મચર્ય શ્રુતસ્કંધના વિભાગ ૧ માં દૃષ્ટિગોચર થતા આવા મૌલિક વિચારો મહાવીરની જન્મભૂમિ પૂર્વભારતથી મધ્યભારત સુધી ફેલાતા એકાદ બે સદી વીતી ગઈ હશે.

**§ ૧.૮.૨. મહાવીર, વિચાર-પ્રવર્તક :**

આચાર બ્રહ્મચર્યના વિભાગ ૧માં (અધ્યયન ૧-૫) ધર્મની કે આત્મતત્ત્વની તદ્દન સહજ રીતે વિચારણા રજૂ થઈ છે. તે વિચારો હજી કોઈ વ્યક્તિ-વિશેષના (દા.ત. મહાવીરના) નામે ચઢ્યા નથી. બહુ બહુ તો વીર (મહાવીરના અર્થમાં નહીં !, દા.ત. ૨.૫.૮૫), આર્ય (દા.ત. ૨.૫.૮૯, ૪.૨.૧૩૭) કે એવા કેટલાક સામાન્ય શબ્દપ્રયોગોથી વિચાર વિનિમય થયો છે. અહીં તેમ જ અન્યત્ર જૈન આગમ ગ્રંથોમાં કોઈ કોઈ સ્થળે **से/त्ति बेमि** (એમ હું કહું છું...)કે **भगवया पवेइयं (परिण्णा पवेइया** - ભગવાને જણાવ્યું છે - પરિજ્ઞા જણાવી છે, દા.ત. ૧.૧.૭, ૧.૭.૫૮, ૨.૫.૮૯) જેવા પ્રયોગો આ સંદર્ભમાં મહત્ત્વના નથી. જૈન આગમ ગ્રંથોની ત્રણ-ચાર વાર થયેલી વિવિધ વાચનાઓ દરમિયાન પણ તેવા સુધારાવધારાને સ્થાન આપ્યું હતું; તે ભાષાશાસ્ત્રીય જેવી અને અન્ય સંશોધન પ્રક્રિયાથી સિદ્ધ થઈ શકયું છે.[૨૨]

આચાર ૨.૬.૧૦૧માં સૌ પ્રથમ વાર આવતા **नाए** (જ્ઞાત, ન્યાય) શબ્દમાં મહાવીરના જ્ઞાતા કુળનું સૂચન થતું હોય એમ લાગે છે, અને તે શબ્દ મહાવીરના નામનું સૂચન કરે છે. પરંતુ અહીં આસપાસના સંદર્ભમાં તે શબ્દ ન્યાયના અર્થમાં યોગ્ય લાગે છે. ઉપરાંત, **तमेव सच्चं नीसंकं जं जिणेहिं पवेइयं** (૫.૫.૧૬૮ - જે જિનોએ* જણાવ્યું છે તે જ સાચું અને શંકારહિત છે, શૂબ્રીંગે-વો.મ.પૃ.૯૫- જિન શબ્દ એક વચનમાં લીધો છે તે અયોગ્ય છે!). આ આખું સૂત્ર અહીં પ્રક્ષિપ્ત લાગે છે. કારણ કે, આ પ્રાચીન સમયમાં મહાવીર માટે જિન શબ્દ હજી અસ્તિત્વમાં નહોતો આવ્યો, અને ૨૪ તીર્થંકરોની કલ્પના કે સાંપ્રદાયિક ભાવના પણ નહોતી જન્મી ત્યાં ઘણા ''જિનોએ જણાવેલું જ સાચું...'' એવા ભાવનું આ સૂત્ર પ્રક્ષિપ્ત છે અને અસ્થાને છે. (સરખાવો ''જિનશાસન'', સૂત્રકૃતાંગ I.૩.૪.૯). વળી ધૂત અધ્યયનમાં (**सदा वीरे आगमेणं परक्कमेज्जा** ૫.૬.૧૭૩ = મૂળ ૬.૪.૧૯૫, વીરે હંમેશાં આગમથી-જ્ઞાનથી વિચરવું જોઈએ) આવતા આગમ શબ્દનો અર્થ ''શાસ્ત્ર'' નહીં, પણ ''જ્ઞાન'' થાય

(* જિન = સામાન્ય મુક્તાત્મા).
(જુઓ વેબર-ભાગ૦ પા.૧૫૪)

છે (સરખાવો - આગમ = સર્વજ્ઞોએ જણાવેલો આચાર/ઉપદેશ, આચાર-શીલાંક પૃ.૧૫૩,૧૬૯,તથા શૂબ્રીંગ વો.મ. પૃ.૯૬) આમ. બ્રહ્મચર્ય વિભાગ ૧ માં અધ્યયનોમાં કયાંય મહાવીરનું નામ મળતું નથી કે સૂચિત થતું નથી. સમગ્ર દૃષ્ટિ બિંદુઓના સંબંધથી એમ કહી શકાય કે તત્કાલીન કેટલાક વિચાર પ્રવર્તકોમાં મહાવીર પણ એક હતા, અને તે વિચાર બ્રહ્મચર્ય-વિભાગ ૧માં કંઈક સંકલિત થયા છે. આ વિચારો નવા ન હતા, પણ તેની રજૂઆત નવી હતી. (અહીં એ પણ નોંધવા યોગ્ય છે કે સમગ્ર બ્રહ્મચર્ય શ્રુતસ્કંધમાં "બુદ્ધિ" શબ્દનો પ્રયોગ મળતો નથી !).

સમયના પ્રવાહની સાથે સાથે બ્રહ્મચર્ય વિભાગ ૧ ના વિચારોના આધારે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા ઇતર વિચારો પણ મહાવીરના નામે ચઢાવવામાં આવતા ગયા, જેથી તે વિચારોની પણ વિભાગ ૧ના વિચારો જેટલી જ પ્રાચીનતા, પ્રમાણભૂતતા અને મહત્ત્વ લાગ્યા કરે. આના કાંઈક સંકેત આપણને બ્રહ્મચર્યના વિભાગ ૨માં મળે છે. અહીં પ્રથમ જ્ઞાત (કુળના પુત્ર તરીકે વિમોક્ષ અધ્યયનમાં (૮.૮.૨૪૦, શ્લોક ૧૨) તથા ઉપધાનશ્રુતમાં (૯.૧.૨૬૩, શ્લોક ૧૪, બે વાર) મહાવીરનું નામ સૂચિત થયું છે. અહીંયાં તેમ જ અન્યત્ર પણ મહાવીર માટે બ્રાહ્મણ (૮.૧.૨૦૨, ૮.૨.૨૦૮, અને ઉપધાનશ્રુતના દરેક ઉદ્દેશના અંતે, ઉપરાંત સરખાવો - સૂત્રકૃતાંગ I.૯.૧; I.૧૧.૧; ઉત્તરાધ્યયન ૨૮.૧૧) અને કોઈવાર શ્રમણ (દા.ત. ઉપધાનશ્રુત ૯.૧. શ્લોક ૧) શબ્દનો પ્રયોગ કર્યો છે. બ્રાહ્મણ (બ્રહ્મને જાણનાર, ઉત્તરકાલીન વૈદિક કર્મકાંડ કે યજ્ઞયાગાદિક સાથે જોડાયેલી બ્રાહ્મણ વર્ણની કોઈ વ્યક્તિ નહીં !) અને શ્રમણ શબ્દ પર્યાયવાચી છે.[૨૩] આ વિચારો વ્યક્તિવિશેષના નામે ચઢતા ગયા તેમાં ભાવિ સાંપ્રદાયિકતાનાં મૂળ રહ્યાં છે એમ કહી શકાય.

### § ૧.૮.૩ સત્ય - પરમ તત્ત્વ :

જૈન આગમોમાં પાંચ મહાવ્રતોની પરિભાષામાં સત્ય નામનું વ્રત વિશેષ મૃષાવાદવિરમણના નામથી પરિચિત છે; સત્ય શબ્દથી તેનું વર્ણન ભાગ્યે જ કોઈ સ્થળે દૃષ્ટિગોચર થાય છે. આચાર-બ્રહ્મચર્ય શ્રુતસ્કંધમાં સત્ય શબ્દનો વિશેષણ તરીકે પ્રયોગ થયો છે (દા.ત. तं सच्चं, सच्चवादी सोए तिण्णे...તે સત્ય છે, સત્યવાદી શોક તરી ગયો છે; ૮.૭.૨૨૪ = ૮.૭.૨૨૮) ઉપરાંત - જ્યાં "ભાષા"-સમિતિની ચર્ચા હોય ત્યાં અનેક વાર સત્યનો પ્રયોગ થયો છે. તેમ છતાં બ્રહ્મચર્યના વિભાગ ૧માં એક તત્ત્વ તરીકે થયેલો સત્ય શબ્દનો વિશિષ્ટ પ્રયોગ ભિન્ન તરી આવે છે; જેમકે सच्चम्मि धिइं कुव्वहा (સત્ય - તત્ત્વમાં ધૃતિ કરો; સત્યતત્ત્વને વળગી રહો, ૩.૨.૧૧૭). सच्चमेव समभिजाणाहि! सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरइ (સત્યને જ ઓળખ, સત્યના જ્ઞાને - આદેશથી ઉપસ્થિત મેધાવી મૃત્યુ તરી જાય છે. ૩.૩.૧૨૭), તથા ...आओवरया...लोगं उवेहमाणा,...सच्चंसि परिविचिट्ठिंसु,...(...આત્મોપરત...લોકની ઉપેક્ષા કરતા...સત્યમાં સ્થિર રહ્યા,...૪.૪.૧૪૬. અહીં સત્ય = ઋત, જુઓ શીલાંક-આચાર પૃ.૧૩૦). સૂત્રકૃતાંગમાં પણ सच्चे तत्थ करेज्जुवक्कमं (I.૨.૩.૧૪), આચાર ૫.૬.૧૬૮ (तमेव सच्चं...) ક્ષેપક છે તેનું ઉપર વિવેચન કર્યું છે.*

ઉપનિષદોમાં સત્ય તત્ત્વનું વર્ણન કાંઈ આ રીતનું છે :- तस्य ह वा एतस्य ब्रह्मणो नाम सत्यमिति (છાંદોગ્ય ઉપનિષદ ૮.૫.૪), तस्य उपनिषत् - सत्यस्य सत्यमिति, प्राणा वै सत्यं तेषामेष सत्यम् (બૃહદારણ્યક ઉપનિષદ ૨.૧.૨૩ = મૈત્રાયણિ ઉપનિષદ ૬.૩૨ = શતપથ બ્રાહ્મણ ૧૪.૫.૧.૨૩; શતપથ બ્રાહ્મણ ૧૪.૫.૩.૧૧ = બૃહદારણ્યક ઉપનિષદ ૨.૩.૧૧). અહીંયાં "સત્યનું સત્ય" એટલે વ્યવહાર-અવસ્થાના સત્યથી પર એવું પરમાર્થ-અવસ્થાનું સત્ય; જેને શ્વેતાશ્વતર ઉપનિષદમાં (૬.૩) તત્ત્વનું પણ તત્ત્વ કહ્યું છે. ઉત્તરકાલીન વૈદિક સાહિત્યમાં સત્ય અને ઋત પર્યાયવાચી ગણાતા.[૨૪]

### § ૧.૮.૪. બ્રહ્મચર્ય અને બ્રહ્મવિદ :

આચારના પહેલા શ્રુતસ્કંધનું નામ બ્રહ્મચર્ય પણ વૈદિક વિચારધારામાંથી ઊતરી આવ્યું છે. પ્રાચીન વૈદિક સાહિત્યમાં બ્રહ્મ યજ્ઞ કે ઉત્તમ તત્ત્વના અર્થમાં વપરાતો, અને ઉત્તરકાલીન સાહિત્યમાં બ્રહ્મચર્ય શબ્દ બ્રાહ્મણ-ક્ષત્રિય-

* જુઓ: उक्कोहणे सच्चरए तवस्सी અને से य सच्चे सुआहिए --- सया सच्चेण संपन्ने (સૂત્ર૦ I.૧૦-૧૨ અને I.૧૫-૩).

વૈશ્યોના જીવનકાળમાં પ્રથમ વિદ્યાર્થીજીવનના આશ્રમ - બ્રહ્મચર્ય-આશ્રમ-તરીકે રૂઢ થયો. તેના મૂળમાં કામ કે રતિના સંયમનો અર્થ સમાયેલો છે. આમ, બ્રહ્મચર્ય શબ્દ ત્રણ અર્થ સૂચવે છેઃ (૧) બ્રહ્મ કે ઉત્તમ તત્ત્વમાં ચર્યા, (૨) બ્રહ્મચર્ય-આશ્રમ વિદ્યાભ્યાસ, દીક્ષા અને (૩) કામ-રતિ-સંયમ. પરંતુ કેટલાક લોકો બ્રહ્મચર્ય-આશ્રમની મર્યાદા પૂરી કરી ગૃહસ્થી જીવન જીવવું પસંદ નહીં કરતાં, આજીવન બ્રહ્મચર્ય અપનાવતા. તેમાં ઉત્તમ તત્ત્વમાં ચર્યા-આચરણ-કરવાનો તેમનો મુખ્ય આશય હતો (વિસ્તાર માટે - હેષ્ટરમાન-સમાવર્તન, અને ભટ્ટ - ૧૯૯૫ પ્રકરણ ૨).

જૈન આગમોમાં બ્રહ્મચર્યના કામ-રતિ-સંયમ જેવા અર્થને પાંચ મહાવ્રતો પૂરતો મર્યાદિત કરી તેને મૈથુન-વિરમણની નવી સંજ્ઞા આપી. પરંતુ બ્રહ્મચર્ય-આશ્રમ અને આજીવન-બ્રહ્મચર્યનો કોઈ પર્યાય વિશેષ મુશ્કેલ હતો, તેથી તે સંજ્ઞાઓ તે જ અર્થમાં યોજાતી ગઈ. તેનો ગૌણ અર્થ વિદ્યાભ્યાસ ઇત્યાદિ, અને મુખ્ય અર્થ આજીવન બ્રહ્મચર્ય-અનગાર જીવન અથવા અગૃહસ્થી કે મુનિનું જીવન. તેમાં મૈથુન-વિરમણનું વ્રતપાલન સમાઈ જાય છે.

પહેલા શ્રુતસ્કંધ - બ્રહ્મચર્યનો અર્થ હવે સ્પષ્ટ છે, તેમાં આજીવન બ્રહ્મચર્ય ઉત્તમ તત્ત્વ બ્રહ્મમાં આચરણ કરવાનો મુખ્ય અર્થ છે. બ્રહ્મચર્ય વિભાગ - ૧માં જણાવ્યું છે કે **वसित्ता बंभचेरंसि**...(બ્રહ્મચર્યમાં - આજીવન - વાસ કરીને ... ૪.૪.૧૪૩=૬.૨.૧૮૩=૬.૪.૧૯૦, સરખાવો ૫.૨.૧૧૫). આચારચૂર્ણિ (પૃ.૧૫૦,૧૭૦,૨૦૯,૨૨૯) અહીં બ્રહ્મચર્યનો કામ-રતિ-સંયમ જેવો અર્થ કરે છે તે અતિ-સંકુચિત અર્થ છે. છાંદોગ્ય ઉપનિષદ જણાવે છે...**अथ यन्मौनमित्याचक्षते ब्रह्मचर्यमेव तत्, ब्रह्मचर्येण ह्येवात्मानमनुविद्य मनुते**...(જેને મુનિનું આચરણ કહે છે તે બ્રહ્મચર્ય જ છે, બ્રહ્મચર્યથી જ આત્માને પામીને તે વિચારે છે; ૮.૫.૨, બ્રહ્મચર્યના આવા અર્થ માટે છાંદોગ્ય ઉપનિષદ ૮.૪ અને ૮.૫ જુઓ !). ઉત્તરકાલીન જૈન આગમોમાં બ્રહ્મચર્ય શબ્દ જૈન-આગમોના અભ્યાસકાળની સ્થિતિ (વિદ્યાર્થી-આશ્રમ) પૂરતો મર્યાદિત કર્યો અને કોઈવાર ન છૂટકે સંયમ, તપ કે ચારિત્રના અર્થમાં ઘટાવ્યો (જુઓ આચાર-ચૂર્ણિ પૃ.૧૫૦,૧૭૦,૨૦૯,૨૨૯, શીલાંક-આચાર પૃ.૬,૧૨૯,૧૩૯,૧૬૦,૧૬૭).

વળી, બ્રહ્મ તત્ત્વને જે જાણે છે તેને ઉપનિષદોમાં બ્રહ્મવિદ કહે છે, જેમકે **ब्रह्मविदाप्नोति परम्** (તૈત્તિરીય ઉપનિષદ ૨.૧ ''બ્રહ્મવિદ પર તત્ત્વ-પામે છે''), **द्वे विद्ये वेदितव्ये-इति ह स्म यद् ब्रह्मविदो वदन्ति** (મુંડક ઉપનિષદ ૧.૧.૫-''બે વિદ્યા જાણવી જોઈએ એમ જે બ્રહ્મવિદોએ જણાવ્યું છે'';અને ''બ્રહ્મ જાણનાર બ્રહ્મ થાય છે''. મુંડક ઉપનિષદ ૩.૨.૯). શીતોષ્ણીય અધ્યયનમાં પણ કહ્યું છે કે...**से आयवी...वेयवी...बंभवी पण्णाणेहिं परिजाणइ लोगं** (૩.૧.૧૦૭, તે આત્મવિદ-વેદવિદ-બ્રહ્મવિદ પ્રજ્ઞાનથી લોકને સંપૂર્ણ જાણે છે, સરખાવો બૃહદારણ્યક ઉપનિષદ ૩.૭.૧, જુઓ § ૧.૩, અહીં **-विद्** ને બદલે - **वत्** પાઠાન્તર યોગ્ય નથી. (જુઓ શૂબ્રીંગ-વો.મ.પૃ.૮૧, ટિ.૩). બ્રહ્મવિદ શબ્દ આચારાંગમાં ફક્ત અહીં જ વપરાયો છે. શીલાંકને અહીં બ્રહ્મ શબ્દનો અર્થ (શેષ,-મલ,-કલંક,-વિકલ વિનાનું યોગિ-શર્મ-યોગીઓનો આશ્રય યોગીઓનું સુખ, પૃ.૧૦૩) જુદો કરવો પડયો છે! કારણ કે બ્રહ્મ શબ્દ એક ઉત્તમ તત્ત્વના અર્થમાં બ્રાહ્મણ વિચારધારામાં પ્રચલિત થયો છે. જૈન આગમોમાં બ્રહ્મવિદ શબ્દ ક્યાંય બીજે વપરાયો નથી ! પરંતુ, બ્રહ્મવિદ શબ્દ ઉપનિષદોમાં ઘણીવાર આવે છે.

### § ૧.૮.૫. वेदविद :

ઉપર્યુક્ત વિવેચનમાં આપણે જોયું કે શીતોષ્ણીય અધ્યયનમાં (૩.૧.૧૦૭) આત્મવિદ અને વેદવિદ શબ્દો પણ યોજાયા છે. વળી, ૪.૪.૧૪૫ જણાવે છે કે **पालिच्छिदिय बाहिरगं च सोयं निक्कम्मदंसी इह मच्चिएसु कम्मुणा सफलं दट्ठूण तओ निज्जाइ वेयवी** (મર્ત્ય-મનુષ્યોમાં નૈષ્કર્મ્યદર્શી વેદવિદ બાહ્ય સંસાર પ્રવાહ છેદી, કર્મને પરિણામી જાણી તેમાંથી છૂટી જાય - વિરામ પામે છે, જુઓ આચાર-ચૂર્ણિ પૃ.૧૫૨), અને ૫.૪.૧૬૩ પણ કહે છે કે **एवं से अप्पमाएण विवेकं किट्टइ वेयवी** (આમ તે વેદવિદ અપ્રમાદથી વિવેકનું કીર્તન કરે છે). તથા **आवट्टमेयं तु पेहाए एत्थ विरमेज्ज वेयवी** (૫.૬.૧૭૪, એ આવર્ત - પુનર્જન્મ જાણીને એમાંથી વેદવિદ અટકે).

બ્રાહ્મણ પરંપરાના સાહિત્યમાં વેદવિદ જેવા શબ્દપ્રયોગમાં આવતો વેદ શબ્દ સંદર્ભ-અનુસાર ભિન્ન ભિન્ન અર્થમાં યોજાય છે, જેમકે (अ) ગ્રંથપરક, વેદ કે વૈદિક ઋચાઓની સંહિતાના અર્થમાં, યજ્ઞયાગાદિક કર્મકાંડની વિધિપરક. અહીં વેદવિદ એટલે વેદની ઋચાઓના કે તેના વિનિમયનો જાણકાર. આ અર્થ વૈદિક વિષયવસ્તુને અનુલક્ષીને છે અને તેમાં સાચેસાચ વેદોના અધ્યયનની અપેક્ષા રહે છે. (ब) પરમ તત્ત્વ-બ્રહ્મમાંથી સર્જાયેલું અપૌરુષેય-અલૌકિક રહસ્યમય શાસ્ત્ર (સરખાવો...अस्य महतो भूतस्य निःश्वसितमेतद्यद्-ऋग्वेदः...उपनिषदः... "આ મહાન ભૂતનાં - બ્રહ્મનાં ઋગ્વેદ...ઉપનિષદો નિઃશ્વાસ છે" બૃહદારણ્યક ઉપનિષદ ૨.૪.૧૦, જુઓ शास्त्रयोनित्वात् બ્રહ્મસૂત્ર ૧.૧.૩ ઉપરનું શાંકરભાષ્ય). અહીં વેદવિદ એટલે આવા રહસ્યમય શાસ્ત્રને પણ જાણી શકનાર, સર્વજ્ઞ, મેધાવી, મુક્તાત્મા. પ્રાચીન ઉપનિષદોમાં વેદવિદ શબ્દપ્રયોગ જવલ્લે જ જોવા મળે છે (ફક્ત બૃહદારણ્યક ઉપનિષદ ૩.૭.૧., જુઓ ઉપર). અહીં આ અર્થ (अ) માં જણાવેલા અર્થથી સ્વતંત્ર વિકસ્યો છે. (क) સામાન્ય અર્થમાં, આત્મા અને સૃષ્ટિ સંબંધી ગંભીર અને રહસ્યમય વિચારો ધરાવતું ઔપનિષદ જ્ઞાન, અહીં વેદવિદ એટલે તત્ત્વજ્ઞ, આત્મજ્ઞાની, બ્રહ્મજ્ઞાની. આવો અર્થ (ब)માંથી વિકસ્યો લાગે છે, અને નિતાંત દાર્શનિક વિચારસરણીના સંદર્ભમાં યોજાયો છે અહીં વેદોના અધ્યયનની અપેક્ષા નથી. વળી, આ અર્થ પ્રાચીન ઔપનિષદ વિચારોની ભૂમિકા પર વિસ્તર્યો છે (જેમકે...यस्तं वेद स वेदवित् - જે તે જાણે છે એ વેદવિદ છે. ગીતા ૧૫.૧).

આ જ પરંપરામાં ઉદ્ભવેલી અને ફાલતી આચાર બ્રહ્મચર્યની વિચારધારામાં પણ વેદવિદ શબ્દ क ના અર્થમાં પ્રયોજાયો છે (સરખાવો विरए वेयवि-य-आयरक्खिए તે વિરત, વેદવિદ અને આત્મરક્ષિત છે - ઉત્તરાધ્યયન ૧૫.૨). - અહીં વેદવિદ શબ્દમાં ઉપર્યુક્ત - બ્રાહ્મણ પરંપરાનો क અર્થ સ્પષ્ટ છે; પણ તેવો અર્થ ટાળી, તેનાથી ભિન્ન સાંપ્રદાયિક અર્થ ઘટાવવા સૌ પ્રથમ આચાર ચૂર્ણિએ (ઈ.સ. આશરે ૬ઠ્ઠી-૭મી સદી) શરૂઆત કરી અને વેદ એટલે જૈન આગમો, સૂત્ર, પ્રવચન, જેવો અર્થ ઉપજાવ્યો. તેને અનુસરીને શીલાંકે (ઈ.સ.૯મીસદી) અને અન્ય ટીકાકારો એ પણ આવો નવો અર્થ માન્ય રાખ્યો.[૨૫] આચાર બ્રહ્મચર્યની પ્રાચીન વિચારસરણીના વિકાસ દરમિયાન જૈન આગમો (કે તે અર્થમાં સૂત્ર, પ્રવચન, ઇ.) અસ્તિત્વમાં આવ્યા નહોતા. આથી અહીં વેદવિદ શબ્દમાં વેદનો અર્થ જૈન સૂત્રો કે આગમો સંભવી શકતો નથી તથા સમગ્ર વેદવિદશબ્દનો - તીર્થંકર મહાવીર કે ગણધર જેવો અર્થ પણ ઘટી શકતો નથી. બ્રહ્મચર્યમાં તે શબ્દ સામાન્ય અર્થમાં (જેમકે વીર, મુનિ, આત્મવિદ, બ્રહ્મવિદ, ધર્મવિદ, વેદવિદ, ઇ) વપરાયો છે, કોઈ વ્યક્તિવિશેષ (જેમકે તીર્થંકર, મહાવીર, ગણધર, ઈ) માટે વપરાયો નથી. (ઉત્તરાધ્યયન ૧૪.૮.વેદવિદ - ૧૪.૯. વેદ શબ્દ ઉપર જણાવ્યા મુજબ अ અર્થમાં સ્પષ્ટ છે.) આચારમાં અને અન્ય પ્રાચીન જૈન આગમોમાં મળી આવતા વેદવિદ, બ્રહ્મવિદ, નૈષ્કર્મ્યદર્શી જેવા શબ્દપ્રયોગો ઉત્તરકાલીન જૈન આગમોમાંથી લુપ્ત થયા.

§ ૧.૮.૬ આર્ય :

આચાર બ્રહ્મચર્યમાં અને અન્યત્ર પણ આર્ય શબ્દ કોઈ વિદ્વાન કે ઉત્તમ કુળની વ્યક્તિ માટે વપરાયો છે. લોકવિચય અધ્યયનમાં કહ્યું છે કે કુશળ વ્યક્તિ પાપ કર્મથી ન લેપાય તેવો કર્મપરિજ્ઞાનો માર્ગ આર્યોએ ઉપદેશ્યો છે (૨.૫.૮૯, સરખાવો - અનાર્ય-આર્યવચન, ૪.૨.૧૩૭-૧૩૮, તથા ૫.૨.૧૫૨, ૫.૩.૧૫૭, ૬.૩.૧૮૯, ઇત્યાદિ). વૈદિક સાહિત્યમાં જે અર્થમાં આર્ય શબ્દપ્રયોગ થયો છે તે જ જૈન આગમોમાં પણ જળવાઈ રહ્યો છે. જો કે જૈન વિચારધારા (અને બૌદ્ધ વિચારધારા) આર્યેતર સંસ્કૃતિમાંથી ઊતરી આવી છે તેવો આગ્રહ પોષવા અદ્યતન સંશોધનકારો આર્ય શબ્દનો કોઈ ઇતર અર્થ શોધવા પ્રયાસ કરે છે.

§ ૧.૮.૭. શ્રમણ : બ્રાહ્મણ

બ્રાહ્મણ - બ્રહ્મચર્ય વિભાગ ૧નાં (૧-૫) અધ્યયનોમાં મુનિ શબ્દની સાથે કે વિકલ્પે કે પર્યાયાર્થમાં શ્રમણ શબ્દનો પ્રયોગ થયો નથી. અહીં અને અન્યત્ર પણ શ્રમણ અને બ્રાહ્મણ શબ્દો એકબીજાના પર્યાયવાચી શબ્દ તરીકે યોજાયા છે. સૂત્ર ૪.૨.૧૩૬માં તે બંનેને શસ્ત્રપરિજ્ઞાની વિચારસરણીની વિરુદ્ધ આચરતા લોકો (સાધુઓ) તરીકે ચીતર્યા છે (જુઓ § ૧.૪). વૈદિક કાળમાં બ્રાહ્મણ, શ્રમણ, પરિવ્રાજક, વગેરે અનેક પ્રકારના અનગાર (સંસાર/ગૃહ ત્યાગી) મુનિઓ વિહરતા રહેતા હતા. તે સૌની વિચારસરણી મહદંશે સમાન હતી. તેઓ સંસાર ત્યાગી, તપ અને વ્રત દ્વારા આત્મજ્ઞાન કે મુક્તિનો માર્ગ અપનાવતા. જૈન અને બૌદ્ધ સાહિત્યમાં શ્રમણ-બ્રાહ્મણ નામનો અનેક સ્થળે પ્રયોગ થયો છે. ઉત્તરકાલીન જૈન આગમોમાં અનેક સ્થળે મહાવીર માટે બ્રાહ્મણ શબ્દનો તો કોઈવાર શ્રમણ શબ્દનો પ્રયોગ થયો છે (જુઓ ઉપર). / विप्र શબ્દ પણ બ્રાહ્મણ શબ્દના અર્થમાં જ વિપ્ર ... વપરાયો છે.

કેટલાક સંશોધનકારો શ્રમણ શબ્દનું મૂળ ચીની કે હિમાલયની ઉત્તરે વસતી આર્યેતર જાતિની, સંસ્કૃતિમાં જણાવે છે. તેઓની વિચારસરણીમાં જાદુ, મારણ-તાડન, અભિચાર, ઈત્યાદિનું મહત્ત્વ હતું. તેઓ શ-મન તરીકે ઓળખાતા, જેનું પ્રાકૃતમાં સમણ અને સંસ્કૃતમાં શ્રમણ શબ્દથી રૂપાંતર થયું છે. વળી, મગધ સામ્રાજયમાં પુરોહિત તરીકે પણ કેટલાક ''શ્રમણો'' રહેતા. તેઓના વિચારોમાં હિમાલય પ્રદેશના બોન ધર્મની અસર હતી, એવું સ્કૂર્ઝાકનું મંતવ્ય છે (ALB 1967-68, પૃ.૨૦૨-૨૧૦). ઉપરાંત, તે જણાવે છે કે મુનિ ગૃહસ્થ પ્રણ હતા અને સંસારત્યાગી પણ હતા (જેમકે ઐતરેય બ્રાહ્મણ, ૪.૩૩.૧)! ભારતની આર્યેતર આદિ જાતિના મુંડા લોકોએ શ્રમણ વિધિની પરંપરા સ્વીકારી હતી તેવું વાલ્તેર રૂબેનનું માનવું છે

સાચો બ્રાહ્મણ ખરેખર તત્ત્વજ્ઞનાં લક્ષણો ધરાવતો હોય છે એવું ઉત્તરાધ્યયન ૨૫નું વર્ણન ઔપનિષદ વિચારણા સાથે સંવાદ ધરાવે છે.

§ ૧.૮.૮. નિર્વાણ :

સમગ્ર બ્રહ્મચર્ય શ્રુતસ્કંધમાં ફક્ત એકવાર જે નિર્વાણ શબ્દ આવે છે (૬.૫.૧૯૬......संति विरतिं उवसमं निव्वाणं...भिक्खूधम्ममाइक्खेज्जा શાંતિ, વિરતિ, ઉપશમ, નિર્માણ...ભિક્ષુધર્મ જણાવવો) તે સૂત્રાંશ સૂત્રકૃતાંગ II.૧.૧૫ માંથી અહીં લીધું છે. તે મૂળે સૂત્રકૃતાંગ I.૩.૪.૨૦ (सव्वत्थ विरइं कुज्जा संतिं निव्वाणमाहियं - સર્વત્ર વિરતિ કરવી; વિરતિ = શાંતિને નિર્વાણ કહ્યું છે) ઉપરથી આ બધા પર્યાયો સાથે સૂત્રકૃતાંગ II.૧.૧૫ માં વિસ્તાર પામીને આચારના ધૂત અધ્યયનમાં પ્રક્ષિપ્ત થયું (જુઓ શુબ્રીંગ વો.મ.પૃ.૧૪૪, ટિ.૮ અને બોલ્લે II. પૃ.૧૩૯, ઉપર § ૧.૬.૧.) ! આચાર I. ૧.૬.૪૯ માં પરિનિર્વાણ શબ્દ આવે છે. પણ તે સૂત્રાંશ પ્રક્ષિપ્ત છે (જુઓ § ૧.૧.૨).

આચારના બીજા શ્રુતસ્કંધમાં અને અન્ય આગમ ગ્રંથોમાં પણ નિર્વાણ શબ્દનો પ્રયોગ થયો છે તેમાં બૌદ્ધ વિચારસરણીની અસર થઈ હોય એમ લાગે છે. આચાર બ્રહ્મચર્યમાં શાંતિ (૧.૭.૫૬, ૨.૩.૮૫), વિરત (અનેકવાર) અને ઉપશમ કે ઉપશાંત (૩.૨.૧૧૬ = ૫.૪.૧૬૪) ઈત્યાદિ શબ્દપ્રયોગો પ્રાચીન છે. વળી, બ્રહ્મચર્ય પરિભાષામાં નિર્વૃત (निस्+वृ, ઢાંકવું, રક્ષવું, મુક્ત થવું, તો કોઈવાર સંતોષ કે સુખ પામવું, જુઓ પિશેલ §§ ૫૧, ૨૧૯.) શબ્દપ્રયોગ પણ મળે છે. (જુઓ § ૩.૧.)

પ્રાચીન બૌદ્ધદર્શનમાં નિર્વાણ શબ્દ અમૃતના અર્થમાં વપરાતો, અને અમૃત શબ્દ ઉપનિષદો જેવા વૈદિક સાહિત્યની અસર સૂચવે છે (જેમકે मृत्योर्माममृतं गमय, મૃત્યુમાંથી મને અમૃત તરફ દોર, બૃહદારણ્યક ઉપનિષદ ૧.૩.૨૮) એવું જાપાનના વિદ્વાન શોઝેન કુમોઈનું મંતવ્ય છે (જુઓ Der Nirvāṇa Begriff in den_____Texten des Buddhismus, ફ્રાઉવાલ્નેર અભિનંદન ગ્રંથ, વીએના ૧૯૬૮-૬૯, પૃ.૨૦૫-૨૧૩).

§ ૧.૮.૯. પુનર્જન્મ અને પાપ :

આચારમાં અનેક ઠેકાણે પુનર્જન્મ માટે જન્મમરણના ચક્રમાં અટવાયા કરવાનાં (દા.ત. जातीमरणं अनुपरियट्टमाणे...૨.૧.૭૭, ઇત્યાદિ) તથા પાપ કર્મનાં વિધાનો થયાં છે. આવી વિચારધારા નવી છે કે વૈદિક સાહિત્યમાં પણ તે હતી તેની સમીક્ષા અહીં આવશ્યક છે.

વિટ્ઝેલે આવી વિચારધારાના અભ્યાસ માટે વૈદિક સાહિત્યનું વિશ્લેષણ કરીને જણાવ્યું કે પુનર્જન્મનો વિચાર અગ્નિચયન વિધિમાંથી ઉદ્ભવ પામ્યો છે (સરખાવો-હાન્સ-પંતર-શ્મીદ્દ્ત પૃ.૬૫૦. જુઓ ઉપર પા.ટી.૨. તેના સંકેતો શતપથ બ્રાહ્મણ ૧૦માં મળે છે.).

પુનર્જન્મનો વિચાર બૃહદારણ્યક ઉપનિષદ (માધ્યંદિન અને કાઠક શાખા) દ્વારા પૂર્વ ભારતમાં ફેલાયો. તે જૈમિનીય ઉપનિષદ બ્રાહ્મણમાં ૧૮% બૃહદારણ્યક ઉપનિષદમાં (માધ્યંદિની શાખા) ૨૨% તથા બૃહદારણ્યક ઉપનિષદ (કાઠક શાખા) ૪૮% આ વિચારોનું મૂળ શતપથ બ્રાહ્મણ ૧૦ (શાંડિલ્ય)માં મળે છે. તેનો ફેલાવો પહેલાં પશ્ચિમ ભારતમાં તથા કાંઈક દક્ષિણ ભારતમાં થયો હતો. ત્યાર પછી પૂર્વ ભારતમાં અસ્તિત્વમાં આવેલા જૈન અને બૌદ્ધ દર્શનોમાં તેની અસર જોવા મળે છે (વિટ્ઝેલ પૃ.૨૦૧-૨૦૫).

પુનર્જન્મ કરતાંય પાપનો વિચાર વૈદિક સાહિત્યમાં વધારે પ્રાચીન છે. બ્રાહ્મણ સાહિત્યમાં પાપનાં વર્ણન વધારે પ્રમાણમાં મળે છે. પાપ શબ્દ પુનર્જન્મના સંબંધમાં વપરાતો. પૂર્વ ભારત તથા દક્ષિણ ભારતમાં વિકસિત સાહિત્યમાં પાપનાં વર્ણન વધારે પ્રમાણમાં મળે છે. પૂર્વ ભારતમાંથી તેનો પ્રચાર તૈત્તિરીય બ્રાહ્મણ ૩માં થયો (વિટ્ઝેલ પૃ. ૨૦૫-૨૦૭). વિટ્ઝેલ (પૃ.૨૦૮) આગળ જણાવે છે કે કેટલીયે પ્રાકૃત લોકભાષાઓમાં વૈદિક પદોના પ્રયોગોની પરંપરા ચાલુ રહી હતી.

અહિંસાની, સંસારત્યાગની વિચારસરણી પણ વૈદિક સાહિત્યમાં વિકસી હતી અને તે આર્યપ્રણાલી હતી (જુઓ હાન્સ-પેતર-શ્મીદ્દ્તનો લેખ ઉપર પા.ટી.૨ અને હેષ્ટરમાન.), કર્મવાદનું ચિંતન પણ વૈદિક પરંપરામાંથી મળી આવે છે (જુઓ હરમાન ડબલ્યૂ. ટૂલનું The Vedic Origins of Karma, ન્યૂ યૉર્ક પ્રેસ ૧૯૮૯, સમીક્ષા JAOS, 1, 1991, પૃ.૧૭૩-૧૭૪.). કેટલાક ભારતીય વિદ્વાનો શ્રમણ સંસ્કૃતિનું મૂળ વૈદિક સાહિત્યના વ્રાત્યમાં શોધે છે; પણ વ્રાત્યો આર્ય સંસ્કૃતિના - વૈદિક પરંપરાના હતા તેવું અદ્યતન સંશોધનકારોનું માનવું છે (જુઓ હેષ્ટરમાન - Vrātya and Sacrifice 11J.6, 1962, પૃ.૧-૩૭). આ બધા મુદ્દાનું વિવેચન અહીં અયોગ્ય છે પણ તેના વિસ્તાર માટે ઉપર્યુક્ત ગ્રંથો જોવા વિનંતી છે. (ઉપરાંત, જુઓ હાઈમાન પૃ.૨૧૧-૨૧૪, અને ભટ્ટ ૧૯૯૫.).

ઉત્તરકાલીન જૈન આગમોમાં ઘણા ફેરફાર થતા ગયા અને બ્રહ્મચર્ય વિભાગ ૧ની વિચારધારા સાથે વણાઈ ગયેલા કેટલાક વૈદિક પરંપરાની પરિભાષાના શબ્દો પણ તે તે જૈન આગમોમાંથી અદૃષ્ટ થતા ગયા, દા.ત. બ્રહ્મવિદ, વેદવિદ, નૈષ્કર્મ્યદર્શી, સત્ય-બ્રહ્મ (પરમ તત્ત્વ). આ શબ્દોના સહજ અર્થ સમજાવતાં ચૂર્ણિ કે ટીકાકારને મુશ્કેલી થાય છે તે સમજી શકાય છે. સાંપ્રદાયિક ભાવનાનાં બીજ અહીં રોપાતાં હોય એમ લાગે છે.

§ ૨ આચાર : બીજો શ્રુતસ્કંધ

આચારાંગનો બ્રહ્મચર્ય નામે પહેલો શ્રુતસ્કંધ તેના અગ્ર નામે બીજા શ્રુતસ્કંધ કરતાં પ્રાચીન છે. બીજા શ્રુતસ્કંધમાં આવતી કુલ ચાર ચૂલાઓમાં (પરિશિષ્ટો) તત્ત્વદર્શનની દૃષ્ટિએ કોઈ વર્ણન મળતું નથી. તેની પહેલી ચૂલામાં (અધ્યયન ૧-૭) તથા બીજી ચૂલામાં (અધ્યયન ૮-૧૪) ભિક્ષુઓનાં ભિક્ષાવૃત્તિ, દૈનિક જીવનચર્યાના નિયમો, ઇત્યાદિનું વિવરણ આવે છે. ભાવના નામે ત્રીજી ચૂલામાં (અધ્યયન ૧૫) મહાવીરચરિત અને પાંચ વ્રતોના (સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ) પાલનરક્ષણ માટે ૨૫ ભાવનાઓનું વર્ણન છે. વિમુક્તિ નામે ચોથી ચૂલામાં (અધ્યયન ૧૬) જગતી છંદના બાર શ્લોકોમાં સંસારત્યાગ કરી, સર્વ દુઃખો સહન કરતાં કરતાં, તપ અને ધ્યાન પરાયણ જીવન જીવતાં મુનિઓને આ લોકમાં કંઈ બંધન રહેતું નથી તેવું વર્ણન આવે છે.

આચારના બીજા શ્રુતસ્કંધમાં વિમુક્તિ નામે ચોથી ચૂલા મૂળે સૂત્રકૃતાંગ I ના ગાથા નામે સોળમા અધ્યયનનો એક વિભાગ હતો, અને તે ત્યાંથી છૂટો પડી આચારાંગમાં જોડાઈ ગયો છે તેવું શૂબ્રીંગ માને છે (જુઓ શૂબ્રીંગ Drei Chedasūtras des Jainakanans - ''જૈન આગમનાં ત્રણ છેદસૂત્રો'', હામ્બૂર્ગ ૧૯૬૬, પૃ.૪). પરંતુ આચારાંગમાં વિમુક્તિનું સ્થાન યોગ્ય અને મૌલિક છે તેવું બોલ્લેનું મંતવ્ય છે (જુઓ બોલ્લે I. પૃ.૪૭, ટિ.૧ તથા લેખ : Āyāranga 2.16 and Sūyagaḍa 1.16, JIP18, 1990 પૃ.૨૯-૫૨). આચાર-બીજા શ્રુતસ્કંધમાં ફક્ત ભાવના નામે ત્રીજી ચૂલા જ (અધ્યયન ૧૫) હતી; અને તે ચૂલાની શરૂઆતમાં આવતું મહાવીરચરિત્ર પાછળથી ઊમેરેલું છે અને તે રીતે ચૂલા ૧-૨ તથા ચૂલા ૪ (અધ્યયન ૧-૧૪, ૧૬) પણ આચારના બીજા શ્રુતસ્કંધમાં પાછળથી ઊમેરેલી છે. ઉપરાંત હાલ મળી આવતી ચૂલા ૩ ''ભાવના''નો (અધ્યયન ૧૫) પાઠ પણ તદ્દન જુદો-''નવો''છે. મૂળ ''ભાવના''નો પાઠ આચાર ચૂર્ણિમાં (પૃ.૩૭૭-૩૭૮) ગદ્ય અને ૧-૫ પદ્યરૂપે વણાઈ ગયો છે. આ પદ્યમય ''ભાવના'' આવશ્યક ચૂર્ણિમાં (ભાગ ૨, પૃ.૧૪૬-૧૪૭) અને આવશ્યક નિર્યુક્તિ ઉપર હરિભદ્રની ટીકામાં (પૃ.૬૫૮-૬૫૯) પણ મળી આવે છે (વિસ્તાર માટે જુઓ ભટ્ટ-૧૯૮૭-૮૮ અને ભટ્ટ-૧૯૯૩).

### § ૨.૧. આચાર - બીજો શ્રુતસ્કંધ, ભાવના (આચાર II. 15)

ઔપનિષદ વિચારધારામાં આત્મતત્ત્વની ચર્ચા મહત્વનો ભાગ ભજવે છે. તેમાં પ્રધાન સૂર એ જણાય છે કે સર્વત્ર આત્મા વસી રહ્યો છે તેમ જે જાણે છે તે પાપકર્મથી છૂટી જાય છે, મુક્તિ મેળવે છે.[૨૯] આચાર-બ્રહ્મચર્ય-વિભાગ ૧ની વિચારધારામાં પાપકર્મની ચર્ચા મહત્ત્વનો ભાગ ભજવે છે. આ સર્વ કાંઈ પાપકર્મથી ભરપૂર છે, અને પાપકર્મને જે જાણે છે તે તેમાંથી છૂટી જાય છે, મુક્તિ મેળવે છે, આ બ્રહ્મચર્ય વિચારણાનો પ્રધાન સૂર છે. આ બંને વિચારધારાઓ ફક્ત આદર્શ સ્થિતિનું વર્ણન કરે છે, પરંતુ પાપકર્મથી છૂટવા સાધકે પ્રાથમિક દશામાં શું શું કરવું એ વિષે ઉપનિષદો કે આચાર-બ્રહ્મચર્ય વિભાગ ૧ અસ્પષ્ટ રહ્યાં છે. આત્માને અનુલક્ષીને - આત્મજ્ઞાનને કેંદ્રમાં રાખી પાપકર્મથી બચવા યોગ જેવી પ્રક્રિયા કે અનાસક્તિ અથવા નિર્લેપની વિચારણા ઉપનિષદ પછીનાં શાસ્ત્રોમાં વિકસતી ગઈ. બ્રહ્મચર્ય વિચારધારામાં આત્મજ્ઞાનને નહીં, પણ પાપકર્મના જ્ઞાનને - શસ્ત્રપરિજ્ઞાને-મહત્ત્વ આપી, પાપકર્મને અનુલક્ષીને આત્મામાં સુરક્ષિત (આત્મગુપ્ત) થવાની વિચારણાએ આચાર II માં ૨૫ ભાવનાને જન્મ આપ્યો.

આચાર I, વિશેષ તો તેના વિભાગ ૧માં પાંચ (અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ) વ્રતોમાંથી અહિંસા (જુઓ શસ્ત્રપરિજ્ઞા § ૧.૧) અને બ્રહ્મચર્યની (=પરિવ્રજ્યા; वसित्ता बंभचेरंसि ૪.૪.૧૪૩ = ૬.૨.૧૮૩ = ૬.૪.૧૯૦, ઉપરાંત લોકવિચય § ૧.૨) સતત ચાલી આવતી વિચારણામાં પરોક્ષ રીતે અપરિગ્રહ (દા.ત. परिग्गहाओ अप्पाणं अवसक्केज्जा ૨.૫.૮૯) કે કંઈક અંશે સત્ય જેવાં વ્રતોમાં (§ ૧.૮.માં૩) ઘટાવી શકાય એવા ઉલ્લેખ મળી આવે છે, પણ અહિંસા, બ્રહ્મચર્ય સિવાયનાં બાકીનાં ત્રણ વ્રતો સ્પષ્ટ નથી મળતાં. આચાર નિર્યુક્તિ મુજબ આ વ્રતો સહેલાઈથી જાણી શકાય અને સમજાવી શકાય એવા આશયથી તેમને કુલ પાંચ વિભાગમાં સ્પષ્ટ કર્યાં (નિર્યુક્તિ ગાથા ૨૯૫ = વટ્ટકેરનું મૂલાચાર ૭.૩૩). તે બધાં વ્રતોના રક્ષણ-પાલન માટે સૌ પ્રથમ ૨૫ ભાવનાઓ અસ્તિત્વમાં આવી (નિર્યુક્તિ ગાથા ૨૯૬). આચાર I ની વિચારધારામાં મળતી અધ્યાત્મ સંવૃત (૫.૪.૧૬૫), આત્મગુપ્ત (૩.૧.૧૦૯, ૩.૩.૧૨૩, ૮.૨.૨૦૬), આત્મસમાહિત (૪.૩.૧૪૧) જેવી પરિભાષાઓનું વિશદ વ્યાખ્યાન આપણને આચાર II ની ૨૫ ભાવનાઓમાં મળે છે. દરેક વ્રત માટે પાંચ, એમ પાંચ વ્રત માટે કુલ ૨૫ ભાવનાઓ - વ્રતોને અનુકૂળ માનસિક કેળવણી - મુજબ આચરણ કરતાં મુનિ પાપ કર્મથી પોતાને બચાવી લે છે અને આત્મગુપ્ત બને છે. આ ભાવનાઓ સંક્ષેપમાં નીચે મુજબ ગણાવી શકાય. (૧) ચાલવામાં સાવધાની (इरियासमित), અન્ન-પાન-ભોજનની આલોચના, ભિક્ષુનાં પાત્રો ઇત્યાદિ લેવા-મૂકવામાં સાવધાની (आयाणमंडनिक्खेवणा) અને મન તથા વચનમાં સાવધાની રાખતાં હિંસાકર્મથી બચી જવાય છે. જૈન પરંપરામાં પાંચ સમિતિઓમાંથી ઈરિયાસમિતિ અને આયાણ-ભંડ-નિક્ખેવણા-સમિતિ, એ બે સમિતિઓ આ ભાવનામાંથી વિકસી છે.

(૨) હાસ્ય-પરિત્યાગ, બોલવામાં સાવધાની, તથા ક્રોધ, લોભ અને ભયનો ત્યાગ કરવાથી, અસત્યથી થતાં પાપકર્મોથી બચી શકાય છે. આમાંથી ભાષાસમિતિનો વિકાસ થયો. (દા.ત. દશવૈકાલિક ૭ ''વાક્યશુદ્ધિ'' અધ્યયન). (૩) અવગ્રહ-(વસતિસ્થાન, પાત્ર-ભાજન જેવી સામગ્રી, પિંડ-ગ્રહણ) વિષે સ્વયં વિચાર કરે, દાન (પિંડ-દાન,ઈ.) આપનારનાં વચન ઇ. વિષે પણ વિચારે, અવગ્રહ માટેની સ્પષ્ટ સીમા કે મર્યાદા રાખે. ગુરુની અનુજ્ઞા લઈને ભોજન-પાન કરે, પોતાના સાથીઓ માટેનો અવગ્રહ યોગ્ય સ્થાને રાખે, આમ કરવાથી ચોરીથી થતા દોષોથી - પાપ કર્મોથી બચી શકાય છે. (૪) તેલ-ઘીવાળા પદાર્થો ન ખાવા, શરીર શણગારવું નહીં, સ્ત્રીદર્શન ન કરવું, સ્ત્રીપ્રધાન સ્થાનોમાં જવું નહીં, સ્ત્રીવિષયક કે હલકા પ્રકારની કથા-વાર્તા ન કરવી. આ રીતે બ્રહ્મચર્યનું રક્ષણ થઈ શકે છે. આનો વિસ્તાર સૂત્રકૃતાંગ I (અધ્યયન ૪ इत्थिपरिण्णा), દશવૈકાલિક (૮.૫૨-૫૮) ઉત્તરાધ્યયન (૧૬ ''બ્રહ્મચર્ય-સમાધિ-સ્થાન'') જેવાં આગમોમાં મળે છે. (૫) શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ જેવા પાંચ વિષયોમાં આસક્તિ ન રાખતાં પરિગ્રહથી થતાં પાપકર્મોથી પોતાને બચાવી શકાય છે. આનો વિસ્તાર પણ દશવૈકાલિક (૮.૧૯-૨૭, ૧૧-ગાથા ૧-૧૦). ઉત્તરાધ્યયન (૩૨ ''પ્રમાદસ્થાન'') જેવાં આગમોમાં દૃષ્ટિગોચર થાય છે.

જૈન વિચારધારામાં પાપકર્મનું જ્ઞાન કેંદ્રમાં રહ્યું છે તેથી અહિંસાની વિશિષ્ટ ચર્ચા-વિચારણા ભિક્ષુઓની જીવનચર્યાના નીતિ-નિયમોના ઝીણવટભર્યા ચિંતનમાં વિસ્તારથી દૃષ્ટિગોચર થાય છે. આના પરિણામે જૈન તત્ત્વદર્શન કે આત્મતત્ત્વનું ચિંતન કંઈક સ્થગિત થઈ ગયું, ઉપેક્ષિત રહ્યું. આ મુદ્દાનું વિવેચન આગળ કરવામાં આવ્યું છે.

### § ૩ અન્ય પ્રાચીન આગમો અને બ્રહ્મચર્ય વિચારધારા :

આચારાંગ પછી વિકસેલા જૈન આગમોમાં (અંગ ગ્રંથોમાં) સૂત્રકૃતાંગ, (અને મૂલસૂત્રોમાં) દશવૈકાલિક તથા ઉત્તરાધ્યયન મુખ્ય છે. આ ત્રણ આગમો સમગ્ર દૃષ્ટિએ અને ઇતર જૈન આગમોની અપેક્ષાએ પ્રાચીન છે. તેમાં સૂત્રકૃતાંગનો પહેલો શ્રુતસ્કંધ (=સૂત્રકૃતાંગ I, અધ્યયનો ૧-૧૬) તેના બીજા શ્રુતસ્કંધની (=સૂત્રકૃતાંગ II, અધ્યયનો ૧-૭) અપેક્ષાએ પ્રાચીન છે. તે પદ્યમય છે. તેની કેટલીક ગાથાઓ પ્રાચીન છંદમાં રચાયેલી છે. જૈન પરંપરામાં આવી ગાથાઓનો પણ તેમાં બીજી ગાથાઓ પ્રક્ષિપ્ત થતાં વિસ્તાર વધતો ગયો. આ રીતે દશવૈકાલિક તથા ઉત્તરાધ્યયનની ગાથાઓ વૃદ્ધિ પામતી ગઈ. આ ત્રણે આગમોમાં મળી આવતી આચાર-બ્રહ્મચર્યની વિચારધારાની પૃષ્ઠભૂમિકામાં ઔપનિષદ ચિંતનની અસર અહીં સંક્ષેપમાં દર્શાવવામાં આવી છે.

આચાર-બ્રહ્મચર્ય વિભાગ ૧માં વપરાતો પ્રાણ શબ્દ જીવના અર્થમાં સૂત્રકૃતાંગ I (૧.૪.૮, ૬.૪, ૮.૧૯), અને દશવૈકાલિકમાં (૪.૧.૬) પણ કંઈક પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વ જેવા ''શબ્દાડંબર'' (cliche) વગર વપરાયો છે. છ-જીવ-નિકાયોની કલ્પના આ આગમોમાં પ્રતિષ્ઠા પામી ચૂકી છે (દા.ત. સૂત્રકૃતાંગ I ૯.૮.૯, ઉત્તરાધ્યયન ૧૨.૪૧, દશવૈકાલિક માટે જુઓ આગળ). ઓઘ (પ્રવાહ, સંસાર) શબ્દ પણ સૂત્રકૃતાંગ I (૩.૪.૧૪, ૧૧.૧), દશવૈકાલિક (૯.૨.૨૩), ઉત્તરાધ્યયનમાં (૫.૧, ૨૩.૭૦, ૩૨.૩૩, ઈ.) દૃષ્ટિગોચર થાય છે. ક્ષેત્રજ્ઞ (खेयन्न) શબ્દ સૂત્રકૃતાંગ I માં ફક્ત બે વાર (૬.૩, ૧૫.૧૩) આવે છે, અને તે લુપ્ત થતો જતો હોય એમ લાગે છે. સંગ-અસંગ (અસક્તિ) અને લેપ-નિર્લેપ જેવી અન્ય બ્રાહ્મણ વિચારધારાની પરિભાષા આચાર-બ્રહ્મચર્યની (૨.૧.૭૪ = ૨.૫.૮૯, ૨.૬.૧૦૩, ૩.૧.૧૦૭, ૫.૨.૧૫૩, ઈ.) જેમ સૂત્રકૃતાંગ I માં (૧.૨.૨૮, ૭.૨૭ = ૧૨.૨૨, ૧૦.૧૦, ઈ.) અને ઉત્તરાધ્યયનમાં (૮.૪, ૧૪.૬, ૨૦.૬, ૨૫.૨૦, ૨૬, ઈ.) વિશેષ દૃષ્ટિગોચર થાય છે. પરંતુ, આચાર II માં (૧૧.૬૮૭ = ૧૫.૭૯૦). તેમ જ સૂત્રકૃતાંગ II (અધ્યયન ૬) અને દશવૈકાલિકમાં (ફક્ત બે વાર - ૧૦.૧૬, ૧૧.૧૦) આવા પ્રકારની પરિભાષાનો પ્રયોગ લુપ્તપ્રાય થતો ગયો છે.

(૧) સૂત્રકૃતાંગ I અહિંસા-સમય (૧.૪.૧૦ = ૧૧.૧૦) શબ્દથી આચાર-બ્રહ્મચર્ય અથવા શસ્ત્રપરિજ્ઞાનું સૂચન કરે છે (જુઓ § ૧.૪, સરખાવો સૂત્રકૃતાંગ I.૧૧ માં માર્ગ-સાર તરીકે આચાર-બ્રહ્મચર્યનો સાર !). આ સંદર્ભમાં સમય = સમતા, એવો બોલ્લેએ કરેલો અર્થ યોગ્ય નથી (જુઓ બોલ્લે I પૃ.૧૨૭). કર્મની ઉપાધિ જેવી

પરિભાષા આચાર- I માં મળતી (૩.૧.૧૧૦ : પશ્યકને ઉપાધિ હોતી નથી, ૩.૪.૧૩૧ = ૪.૪.૧૪૬) તે સૂત્રકૃતાંગ I માં ફક્ત એકવાર (૨.૨.૨૭ **उवहिं धुणित्तए** - ઉપાધિ દૂર કરવી) દૃષ્ટિગોચર થાય છે. આ પરિભાષા જૈન આગમોમાંથી લુપ્ત થતી હોય એમ લાગે છે. બુદ્ધિ જેવો શબ્દ પ્રયોગ આચાર- I- વિભાગ ૧માં તેમ સૂત્રકૃતાંગ I માં પણ મળતો નથી. કર્મથી છૂટવા ઇંદ્રિયો અંદર સંકેલી લઈ - રાગદ્વેષથી દૂર થઈ - આત્મરત, આત્મસમાહિત થવાની - અંતર્મુખ થવાની વિચારણા (જુઓ § ૧.૭.૧) હજી સૂત્રકૃતાંગ I માં ચાલુ રહી છે. પાંચ મહાવ્રતો, રાત્રીભોજનત્યાગ અને ભાવના પણ સૂત્રકૃતાંગ I માં (૩.૯) મળી આવે છે.

સૂત્રકૃતાંગ I માં વ્યક્ત થતા વિચારો, જેમ કે **अंधो अंधं पहं णिंतो** (૧.૨.૧૯. આંધળાને રસ્તે દોરતો આંધળો), **अंधं व णेयारमणुस्सरित्ता** (૭.૧૬ આંધળા નેતાને અનુસરી.), **जहा हि अंधे सह जोतिणा वि रूवाइ णो पस्सइ हीणनेत्ते** (૧૨.૮ જેમ આંખ વગરના આંધળાને પ્રકાશથી પણ રૂપ વગેરે-ઘટ-પટ વગેરે દેખાતાં નથી..) **णेता जहा अंधकारंसि राओ मग्गं ण जाणाति अपस्समाणे** (૧૪.૧૨ રાત્રે અંધારામાં નહીં દેખી શકનાર નેતા રસ્તો જાણતો નથી) - તેમ મૂઢ - આંધળા લોકો પણ પોતાને જ્ઞાન થયા વગર બીજાને (અંધારામાં જ) દોરી જાય છે અને ગંતવ્ય પામતા નથી, વ. ઔપનિષદ વિચારો સાથે સરખાવી શકાય; જેમકે **दंद्रम्यमाणाः** (પાઠાંતરઃ **जंघन्यमानाः**) **परियन्ति मूढा अन्धेनेव नीयमाना यथान्धाः** (કઠ ઉપનિષદ ૧.૨.૫ = મુંડક ઉપનિષદ ૧.૨.૮ આંધળાથી દોરાતા આંધળા લોકોની જેમ મૂઢ લોકો સતત અટવાયા (અથડાયા) કરતા પરિભ્રમણ કર્યા કરે છે). મહાભારત (૨.૩૮.૩.) પણ કહે છે કે **यथान्धो वान्धमन्वीयात्** (અથવા જેમ આંધળો આંધળા પાછળ જાય : બોલ્લે I પૃ.૯૬ ઉપરથી).

સૂત્રકૃતાંગ I આગળ જણાવે છે કે જેમ શકુનિ (ગીધ, સમડી, કાગડો ?) પાંજરું તોડી શકતું નથી તેમ ધર્મ કે અધર્મના જ્ઞાન વગર કોઈ વ્યક્તિ દુઃખો દૂર કરી શકતી નથી (જુઓ **दुक्खं ते नाइतुट्टंति सउणी पंजरं जहा** ૧.૨.૨૨)[૨૭]. છાંદોગ્ય ઉપનિષદ પણ કહે છે કે **स तथा शकुनिः सूत्रेण प्रबद्धः ...बंधनमेवोपश्रयत एवमेव ...प्राणबंधनं हि...मन इति** (૬.૮.૨ દોરે બંધાયેલું કોઈ શકુનિ જેમ બંધનને જ આશરે દોરે જ વળગી - રહે છે તેમ જ મન પ્રાણના બંધનવાળું છે. સરખાવો - **रज्ज्वा यद्वत्सुसंबद्धः पक्षी तद्वदिदं मनः** પક્ષી જેમ દોરે બંધાયેલું છે તેમ મન પ્રાણથી બંધાયેલું છે. યોગશિખા ઉપનિષદ ૫૯, ઉપરાંત **पाशं छित्त्वा यथा हंसो...खमुत्क्रमेत्...छिन्नपाशस्तथा जीवः संसारं तरते सदा.** પાશ છેદી જેમ હંસ આકાશ ઓળંગી જાય તેમ બંધનમુક્ત જીવ હંમેશાં સંસાર તરી જાય છે. ક્ષુરિકા ઉપનિષદ ૨૨). **तयसं व जहाइ से रयं इति संखाय मुणी न मज्जई** (તે રજ - પાપ - કર્મ સાપની કાંચળીની જેમ ત્યજી દે છે એમ જાણી મુનિ - રજ - ત્યાગનો - ગર્વ કરતો નથી).[૨૮] સૂત્રકૃતાંગ I ના (૨.૨.૧) આ વિચારો સાથે વરાહ ઉપનિષદના (૬૭-૬૮) વિચારો લગભગ સમાંતર જાય છે, જેમ કે **अहिनिर्ल्वयनी सर्पनिर्मोको जीववर्जितः, वल्मीके पतितस्तिष्ठेत्तं सर्पो नाभिमन्यते, एवं...शरीरं नाभिमन्यते.** (સાપની જીવ વિહોણી કાંચળી જેમ રાફડે પડી રહે, અને સાપ તેને બહુ ગણતો નથી,- તેની દરકાર કરતો નથી - તેમ વિદ્વાન શરીરને બહુ ગણતો નથી.) આ શ્લોક બૃહદારણ્યક ઉપનિષદના આધારે રચાયો છેઃ **यद् यथा – अहिनिर्ल्वयनी वल्मीके मृता प्रत्यस्ता शयीत – एवमेवेदं शरीरं शेते – अथायमशरीरोऽमृतः प्राणो ब्रह्मैव...**(૪.૪.૮ જેમ સાપની કાંચળી રાફડામાં મૃત, ફેંકી દીધેલી પડી રહે તેમ આ શરીર પડી રહે છે અને આ અશરીરી પ્રાણ અમૃત છે, તે બ્રહ્મ જ છે). પ્રશ્ન ઉપનિષદ (૫.૫) પણ કહે છે કે. **यथा पादोदरस्त्वचा विनिर्मुच्यत एवं ह वै स पाप्मना विनिर्मुक्तः** (જેમ સાપ કાંચળીથી મુક્ત થાય છે એમ તે પાપથી મુક્ત થયો). અગ્નિએ ઇંદ્રનાં બધાં પાપ બાળી નાખ્યાં તે, જૈમિનીય બ્રાહ્મણ (૨.૧૩૪) પણ આ રીતે જણાવે છે કે **स यथाहिः - अहिच्छव्यै निर्मुच्येत, यथा मुंजादिषीका विवृहेत्, एवमेव सर्वस्मात् पाप्मनो निरमुच्यत** (જેમ સાપ કાંચળી

ત્યજી દે અને જેમ મુંજમાંથી ઈષીકા છૂટી પડે, તેમ તે બધાં પાપમાંથી મુક્ત થયો)[૨૯] બે ભિન્ન ગ્રંથોનાં કોઈ કોઈ વિધાનોમાં રૂપક, ઉપમા કે એવા અલંકારના લીધે પ્રાપ્ત થતી સમાનતાથી તે બંને ગ્રંથાંશ કે વિધાનો વચ્ચે કાંઈ નિકટનો સંબંધ સ્થાપી શકાતો નથી (જુઓ હોર્શ. પૃ. ૪૭૫.).

તે - ધીર, મુનિ - આત્મામાંથી સર્વ લોક જુએ છે. (સૂત્રકૃતાંગ I. ૧૨.૧૮...ते आत्तओ पासइ सव्वलोए, જુઓ § ૧.૩).[૩૦] છાંદોગ્ય ઉપનિષદ પ્રમાણે પણ આ સર્વ (જગત આત્મા જ છે. તે (આત્માદ્રષ્ટા) આમ જોતાં આત્મરતિ અને આત્માનંદ થાય છે. આ રીતે જોતા તેનું (આત્મદ્રષ્ટાનું) આ સર્વ (જગત) આત્મામાંથી જ છે (...आत्मैवेदं सर्वमिति स वा-एष एवं पश्यन्...आत्मरतिः...आत्मानंदः...भवति. ૭.૨૫.૨. तस्य ह वा एतस्य पश्यतः...आत्मत् एवेदं सर्वमिति. ૭.૨૬.૧). સૂત્રકૃતાંગ I આ મુદ્દાનું ઠેકઠેકાણે પુનરાવર્તન કરે છે, જેમ કે आयतुलं पाणेहि संजए (૨.૩.૧૨. જીવો સાથે આત્મરૂપે સંયમિત થવું), कम्मं च छंद च विगिंच धीरे विणएज्ज उ सव्वओ आयभावं (૧૩.૨૧ કર્મ અને છંદ - ઇચ્છા/કામના પ્રત્યે નિર્વેદ રાખી ધીર પુરુષે સર્વત્ર આત્મભાવ કેળવવો), अत्तत्ताए परिव्वए (૩.૩.૭ = ૧૧.૩૨. આત્મત્વ - સર્વ કાંઈ આત્મા છે તેવા ભાવ-માટે પરિવ્રજ્ય સ્વીકારવી. વિસ્તાર માટે જુઓ બોલ્લે II પૃ.૧૧૫). અન્યત્ર ભિક્ષુને આત્મતત્વની ખાતર સંવૃત-(ઇંદ્રિયો સંકેલી લીધી છે) કહ્યો છે (સૂત્રકૃતાંગ II 2.29. इह खलु अत्तत्ताए संवुऽस्स अणगारस्स...). સૂત્રકૃતાંગ I આગળ જણાવે છે કે તે વિદ્વાન, વિરત અને આત્મગુપ્ત છે, જિતેંદ્રિય છે, સદા દમનશીલ - ઇંદ્રિયો પર કાબૂ રાખે-છે (...विउ विरतो आयगुत्ते ૭.૨૦, आयगुत्त ज़िइंदिए ૧૧.૧૬, आयगुत्ते सया दंते ૧૧.૨૪). આચાર બ્રહ્મચર્યના આત્મસમાહિત (૪.૩.૧૪૧) કે આત્મોપરત (૪.૪.૧૪૬) સાથે સૂત્રકૃતાંગ I ના આત્મગુપ્તની તુલના થઈ શકે. આત્મસમાહિત ઈહા વગરનો છે, આત્મોપરત છે, ઉપાધિ વગરનો છે (બ્રહ્મચર્ય ૪.૩.૧૪૧, ૪.૪.૧૪૬), અધ્યાત્મ-સંવૃત છે, ઉપશાંતરતિ સંસાર સ્રોતમાં સર્વત્ર ગુપ્ત છે (બ્રહ્મચર્ય ૫.૪.૧૬૫, ૫.૫.૧૬૬).

જેવી રીતે સ્વયં પોતે (આત્મા) છે તેવી રીતે સર્વ પ્રાણીઓ છે, આમ સર્વ પ્રાણીઓને સ્વયં તુલ્ય માનીને વિરત મુનિએ દઢમનથી પરિવ્રજ્યા સ્વીકારવી એવું સૂત્રકૃતાંગ I. પણ ઔપનિષદ વિચારોની જેમ જ રજૂ કરે છે; જેમકે विरए गामधम्मेहिं जे केई जगई जगा, तेसिं अत्तुवमायाए थामं कुव्वं परिव्वए (સૂત્રકૃતાંગ I. ૧૧.૩૩) ''વિષયવાસનાઓ - કામથી વિરત મુનિએ પૃથ્વી ઉપર જે કોઈ પ્રાણીઓ છે તેમનો આત્મા તે પોતાનો આત્મા છે એવી તુલનાથી (કે તુલના માટે) હિંમત (દઢનિશ્ચય) કરી પરિવ્રજ્યા સ્વીકારવી. અહીં ઈશ ઉપનિષદની (ગાથા ૧) અસર સ્પષ્ટ થાય છેઃ ईशावास्यमिदं सर्वं यत् किं च जगत्यां जगत्, तेन त्यक्तेन भुंजीथा मा गृधः कस्य-स्विद् धनम् - ''પૃથ્વી ઉપર જે કાંઈ ગતિશીલ (=પ્રાણી) છે તે ઇશ્વરથી રહેવા લાયક છે (=તેમાં ઇશ્વર વસ્યો છે)? આથી તું ત્યજી દીધેલાથી (ભિક્ષાવૃત્તિ, ઉંછ) આહારવિહાર કર. તું કોઈના ધનની લાલસા ન રાખ. અહીં સૂત્રકૃતાંગમાં અને ઇશ ઉપનિષદમાં સર્વ પ્રાણીઓનાં સ્વયં પોતે જ વસી રહ્યો છે એવી આત્મદષ્ટિ (જુઓ तेसिं अत्तुवमायाए, અને ईशावास्यमिदं सर्वम्), વિષયોથી વિરતિ (બ્રહ્મચર્ય) કે પરિવ્રજ્યા (જુઓ विरए गाम धम्मेहिं...परिव्वए અને तेन त्यक्तेन भुंजीथाः) જેવા વિચારો તરી આવે છે. ઉપરાંત તે જણાવે છે કે સર્વ પ્રાણીઓમાં આત્મા-ઇશ વસી રહ્યો છે તેથી કોઈપણ પ્રાણીની હિંસા ન કરવી કે તેના પ્રાણ ઝૂંટવી ન લેવા. ફક્ત સ્વેચ્છાએ ત્યક્તથી (ભૈક્ષ કે ઉંછ) જીવન વીતાવવું. સૂત્રકૃતાંગ I. ૨.૩.૧૪ (उंछं...विसुद्धमाहरे), ઉત્તરાધ્યયન ૩૫.૧૬ (उंछमेसिज्जा), દશવૈકાલિક ૧૦.૧૭ (उंछं चरे) પણ એવી ભિક્ષાવૃત્તિનું વર્ણન કરે છે, અને કોઈનું ''ધન'' પચાવી લેવું નહીં તેમ જણાવે છે (न य भोयणम्मि गिद्धो चरे उंछं अयंपिरो દશવૈકાલિક ૮.૨૩ અને मा गृधः कस्य स्विद् धनम् ઈશ ઉપનિષદ).[૩૧]

સૂત્રકૃતાંગ I ના આઠમા અધ્યયનમાં આત્મસમાહિત કે આત્મોપરત કે આત્મગુપ્તના ચિંતનનો મુખ્ય વિષય રહ્યો છે. તેમાં શરૂઆતમાં અસંયમી અજ્ઞાનીઓ રાગદ્વેષપૂર્વક કામ ભોગ અને માયામાં લપટાઈ પાપાચરણ કરે છે અને પરિણામે જન્મમરણનું દુઃખ (સંપરાય) બાંધે છે (ગાથા ૧-૯) એમ જણાવીને આવાં પાપકર્મોનું શલ્ય પંડિતો કેવી રીતે કાપી નાખે - તેમનાં બંધનો કેવી રીતે કપાઈ જાય (ગાથા ૧૦) તે જણાવવા આગળ ધર્મના સારભૂત ''પાપકર્મોનો ત્યાગ'' કરવાની પ્રક્રિયા દર્શાવી છે (ગાથા ૧૪-૨૧, જૈન દર્શનના ગુપ્તિ-સિદ્ધાંતના આદિ-મૂળનાં અહીં દર્શન થાય છે. ગાથા ૧૧-૧૩ માં ગાથા ૧૦ માટે સામાન્ય વિસ્તાર કર્યો છે.) તે વિદ્વાને હાથપગ (=''કાય''), મન-પાંચ ઇંદ્રિયો (=''મન''), પાપ અને ભાષાદોષ (''વચન'')-એ સર્વ આત્મામાં સમેટી લેવાં (ગાથા ૧૭ સરખાવો-શીલાંક પૃ.૧૧૫ - मनोवाक्कायगुप्तः सन् અને જુઓ દશવૈકાલિક ૧૦.૧૫ આગળ). અને માન, માયા વિષે સંપૂર્ણ જાણીને શાંતિના ગૌરવને લક્ષ્યમાં રાખી ઉપશાંત અને સ્પૃહા વગર વિહરવું (ગાથા ૧૮). અહિંસા, અસ્તેય અને અમૃષાવાદના ધર્મને વળગી રહી (ગાથા ૧૯) મન કે વચનથી પણ તે તેનું ઉલ્લંઘન ન કરે અને સર્વત્ર સંવૃત (ગુપ્ત) અને દંત (ઇંદ્રિયનિગ્રહ કરી) થઈ આદાનને (आयाण, કર્મનું ઉપાદાન) સમેટી લેવું-દૂર કરવું (ગાથા ૨૦). તે વિદ્વાનને કૃત, ક્રિયમાણ કે ભાવિ પાપ (કર્મ) સંમત નથી, તે આત્મગુપ્ત અને જિતેંદ્રિય છે (ગાથા ૨૧). જે આવા જ્ઞાની, મહાભાગ્યશાળી, વીર અને સમ્યક્ત્વદર્શી છે તેમનાં આચરણ-કર્મ શુદ્ધ છે અને (બંધનરૂપ) પરિણામ વગરનાં હોય છે (ગાથા ૨૩). આવી આત્મગુપ્ત થવાની પ્રક્રિયાને કાચબાનું દૃષ્ટાંત આપીને સ્પષ્ટ કરી છે કે जहा कुम्मे स अंगाइं सए देहे समाहरे, एवं पावाइं मेधावी अज्झप्पेण समाहरे (ગાથા ૧૬: કાચબો જેમ પોતાનાં અંગો પોતાના દેહમાં સંકેલી લે-પોતાના દેહથી અંદર ખેંચી લે-તેમ મેધાવી પુરુષ અધ્યાત્મથી - ઇંદ્રિયોને અંદર આત્મામાં સંકેલી લઈ - પાપકર્મો સમેટી લે - દૂર કરે). દશવૈકાલિકમાં (कुम्मो व्व अल्लीण-पल्लीन गुत्तो ૮-૪૦ અને अल्लीणगुत्तो ૮.૪૪) અને ભગવતીમાં (कुम्मो इव गुत्तिदिए अल्लीणे पल्लीणे चिट्ठइ...૨૫.૭.૮૦૧) પણ આવા દૃષ્ટાંતનું પુનરાવર્તન થયું છે. અધ્યાત્મસંવૃતનું આવું ચિંતન બ્રાહ્મણ પરંપરામાં પણ મળે છે. નારદપરિવ્રાજક ઉપનિષદ (૭૪) જણાવે છે કે अपापमशठं वृत्तमजिह्मं नित्यमाचरेत्, इंद्रियाणि समाहृत्य कूर्मोऽङ्गानीव सर्वशः (કાચબો જેમ અંગો-દેહમાં સમેટી લે-તેમ વિદ્વાને ઇંદ્રિયો અંદર સમેટી લઈ હમેશાં પાપરહિત, નીતિમય સરળ વર્તન કરવું. સરખાવો - कूर्मोऽङ्गानीव संहृत्य मनो। हृदि निरुध्य च... કાચબાની જેમ અંગો - ઇંદ્રિયો - સમેટી લઈ અને હૃદયમાં મનનો નિરોધ કરી...ક્ષુરિકા ઉપનિષદ ૩; અને यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः, इंद्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता. કાચબો સર્વ રીતે જેમ પોતાનાં અંગો ખેંચી લે તેમ આ જ્યારે ઇંદ્રિયોને ઇંદ્રિયોના અર્થમાંથી સંકેલી લે છે ત્યારે તેની પ્રજ્ઞા (જ્ઞાન, બુદ્ધિ) પ્રતિષ્ઠિત-કહેવાય છે. ગીતા ૨.૫૮, ઉપરાંત જુઓ સંવુત્તનિકાય ૧.૭). સૂત્રકૃતાંગ I મુજબ સર્વ ઇંદ્રિયોથી નિર્વૃત-સંવૃત અને સર્વત્ર મુક્ત મુનિ લોકોમાં વિહાર કરે (૧૦.૪) અને સંપૂર્ણ જગત સમત્વથી પેખીને કોઈનું પ્રિય અને અપ્રિય ન કરે००००० (सव्वं जगं तू समयाणुपेही पियमप्पियं कस्सइ णो करेज्जा ૧૦.૭ = ૧૩.૨૨). તે જીવન મરણની આશા રાખ્યા વિના અને (આવાગમનનાં) વર્તુળથી મુક્ત વિહાર કરે (णो जीवियं णो मरणाभिकंखी चरेज्ज भिक्खू वलया विमुक्के ૧૦.૨૪ = ૧૨.૨૨ = ૧૩.૨૩, જુઓ ૨.૨.૧૬). રાગદ્વેષથી પર થતાં કર્મનો નિર્લેપ (આસક્તિ) રહેતો નથી, કર્મનું બંધન રહેતું નથી, અકર્મક-કર્માભાવની સ્થિતિ રહે છે (સરખાવો શીલાંક कषायाभावो हि कर्माभावस्य कारणमिति. પૃ.૪૧). સિદ્ધ-મુક્તાત્મા વિરક્ત, રાગદ્વેષથી પર, અલિપ્ત કે સંવૃત (ગુપ્ત) હોવાથી તેના કર્મનું બીજ નાશ પામ્યું છે, તે રાગદ્વેષ જન્માવતું નથી, લેપાયમાન કરતું નથી, પુનર્જન્મના કારણરૂપ થતું નથી તેમ દશાશ્રુતસ્કંધ જણાવે છે (૫.૧૨૩- जहा दड्ढाणं बीयाणं न जायंति पुणंकुरा, कम्मबीएसु दड्ढेसु न जायंति भवंकुरा - સરખાવો ઔપપાતિક § ૧૧૫). મુક્તોનું અવ્યાબાધ સુખ દેવો કે મનુષ્યનાં સુખની અપેક્ષાએ અનંતગણું વધારે છે (સરખાવો ण वि अत्थि माणुसाणं तं सोक्खं ण विय सव्वदेवाणं, जं सिद्धाणं सोक्खं

अव्वाबाहं उवगयाणं. ઔપપાતિક § ૧૮૦) તૈત્તિરીય ઉપનિષદ (૨.૮ = બૃહદારણ્યક ઉપનિષદ ૪.૩.૩૨) પણ કહે છે કે ते ये शतं मानुषा आनंदाः...ते ये शतं पितृणां...शतं देवानां...स एको ब्रह्मण आनंदः) સિદ્ધાત્માનું સુખ અનુપમ છે - ઉપમા વગરનું છે (इय सिद्धाणं सोक्खं अणोवमं, णत्थि तस्स ओवम्मं) એમ ઔપપાતિક (§ ૧૮૪) પણ જણાવે છે અને મૈત્રાયણિ ઉપનિષદ પણ જણાવે છે (आत्मनि यत्सुखं लभेत्, न शक्यते वर्णयितुं गिरा. ૪.૯ આત્મામાં જે સુખ મળે તેનું વાણીથી વર્ણન કરી શકાતું નથી). જિનોએ કહેલા આ-અર્થનો (આદેશ) વિચાર કરી ભિક્ષુએ નિર્મમ અને નિરહંકાર થઈ વિહરવું (एयमट्ठं...निम्ममो निरहंकारो चरे भिक्खू जिणाहियं સૂત્રકૃતાંગ I. ૯.૬ = સરખાવો...चरति...निर्ममो निरहंकारः...ગીતા ૨.૭૧).

સૂત્રકૃતાંગ I નાં અને બ્રાહ્મણ પરંપરાનાં કેટલાંક વિધાનો સાહિત્યની કે એવી કોઈ દૃષ્ટિએ સમાંતર જતાં હોય છે, તેવાં કેટલાંક વિધાનોની અહીં ફક્ત નોંધ લેવામાં આવે છે. સૂત્રકૃતાંગ I ૪માં (તથા દશવૈકાલિક ૮.૫૦-૫૮ માં) મળતા સ્ત્રીવિષયક કેટલાક નિયમો કે ઉલ્લેખો મહાઉપનિષદ ૩.૩૫-૫૭ સાથે સરખાવી શકાય. સૂત્રકૃતાંગ I. ૧.૨.૧૫ માં મ્લેચ્છ વિષેનો ઉલ્લેખ (સરખાવો ઔપપાતિક § ૧૮૩, કુંદકુંદ-સમયસાર ગાથા ૮, આર્યદેવ-ચતુશ્શતક ૮.૧૯) સાથે વિષ્ણુધર્મોત્તર પુરાણ ૪.૮ અને મહાભારત ૮.૩૬ સાથે સરખાવી શકાય. સૂત્રકૃતાંગ I ૫.૧.૧૧ (आसूरियं नाम...अंधं तमं), જુઓ ઇશ ઉપનિષદ ૩ (असूर्या नाम...अंधेन तमसावृताः, આ સાથે સરખાવો સૂત્રકૃતાંગ I ૨.૩.૯ કયા ૧૯૮૯-૯૦ પૃ.૩૯ મુજબ). સૂત્રકૃતાંગ I.૮.૧,

...किं नु वीरस्स वीरत्तं ?,. ઋગ્વેદ किं नु इन्द्रस्य वीर्यम् ની યાદ આપે છે. આ ઉપરાંત સૂત્રકૃતાંગ I ની કેટલીક ગાથાઓ ગીતાના કેટલાક શ્લોકો સાથે સરખાવી શકાય, જેમકે

| | | | | |
|---|---|---|---|---|
| ૩.૪.૩ | आसिले देविले...दीवायण | -સરખાવોઃ | असितो देवलो व्यासः | (१०-१३) |
| ६.६. | अणुत्तरं तप्पइ सूरिए वा | -સરખાવોઃ | दीप्तानलार्कद्युतिः | (११.१७) |
| ६.७. | इंदेव देवाण | -સરખાવોઃ | देवानाम्...वासवः | (१०.२२) |
| ६.८ | महोदही वापि अणंतपारे | -સરખાવોઃ | सरसाम्...सागरः | (१०.२४) |
| ६.११ | पुट्ठे नभे चिट्ठइ भूमि व ट्ठिए | -સરખાવોઃ | द्यावापृथिव्योरिदम्...व्याप्तम्(११.२०) | |
| | | | नभःस्पृशम् | (११.२४) |
| ६.१८ | रुक्खेसु...जह सामली वा | -સરખાવોઃ | अश्वत्थः सर्ववृक्षाणाम् | (१०.२६) |
| ६.१९ | चंदो व ताराण | -સરખાવોઃ | नक्षत्राणाम्...शशी | (१०.२१) |
| ६.२० | नागेसु वा धरणिंदमाहु | -સરખાવોઃ | अनन्तश्च...नागानाम् | (१०.२९) |
| ६.२१ | हत्थीसु एरावणमाहु | -સરખાવોઃ | ऐरावतं गजेन्द्राणाम् | (१०.२७) |
| | सिहो मिगाण | -સરખાવોઃ | मृगाणं च मृगेन्द्रः | (१०.३०) |
| | सलिलाण गंगा | -સરખાવોઃ | स्रोतसाम्...जाह्नवी | (१०.३१) |
| | पक्खीसु वा गरुले वेणुदेवो | -સરખાવોઃ | वैनतेयश्च पक्षिणाम् | (१०.३०) |

(જુઓ બોલ્લે IT.1988, પૃ.૧૫૭).

ધર્મસૂત્ર કે ધર્મશાસ્ત્રમાંથી અને રામાયણ, મહાભારત કે પુરાણોમાંથી પણ આ પ્રમાણેના સૂત્રકૃતાંગ I ની કેટલીક ગાથાઓ સાથે શબ્દશઃ સમાંતર જતા વિચારો પ્રાપ્ત થઈ શકે, પણ અહીં તેથી વિષયાંતર થતું હોવાથી અને તે વિસ્તાર માગી લેતા હોવાથી તેમની નોંધ લીધી નથી. . સૂત્રકૃતાંગ I ના વિચારોમાં પાંચ મહાવ્રતો અને રાત્રી-

ભોજન-ત્યાગને વિશેષ મહત્ત્વ આપ્યું છે, અને કોઈક સ્થળોએ ૨૫ ભાવનાઓને વણી લીધી છે; આ રીતે આચાર-બ્રહ્મચર્યની વિચારધારાનો વિસ્તાર કર્યો છે; જેમ કે સૂત્રકૃતાંગ I અધ્યયનો ૩,૯ (ભિક્ષુના નિયમો વ., ઉપરાંત ૧.૧૦.૫, ૧.૧૫.૫.ઈ.). સમગ્ર દૃષ્ટિએ સૂત્રકૃતાંગ I માં જૈન સાંપ્રદાયિક ભાવના હજી મંદ સ્વરૂપે દેખાય છે. તેમાં સાંખ્ય, બૌદ્ધ, ન્યાય-વૈશેષિક, મીમાંસા, ચાર્વાક, વગેરેના મતોનું વિશ્લેષણ કર્યું છે (જુઓ સૂત્રકૃતાંગ I અધ્યયનો ૧,૧૨, તથા શ્રાડર પૃ.૧૧,૧૪,૩૩,૩૫,૪૧,૪૯- ટિ.૩, ૫૨-૫૩ અને બોલ્લે I પૃ. ૫૩-૧૬૪)[૩૨]. અમૈથુન વ્રત-બ્રહ્મચર્યવ્રતની ભાવનાઓ (§ ૨.૧). લક્ષ્યમાં લઈ સૂત્રકૃતાંગ I.4 (સ્ત્રીપરિજ્ઞા) રચાયું હોય એમ લાગે છે. આ રીતે ભોજન-પાનના નિયમો (અધ્યયન ૭, ૯-૧૦) સાથે પણ ભાવનાઓ વણી લીધી છે. સૂત્રકૃતાંગ I.૧૧ માં (માર્ગસાર) આચાર I નો (જુઓ "अहिंसा-समय" ११.१०) સાર આપ્યો છે. સૂત્રકૃતાંગ I.6 માં મહાવીરની સ્તુતિ છે.

સૂત્રકૃતાંગ I નાં અધ્યયનોમાં નવી પરિભાષાની આસપાસ નવી વિચારણા રજૂ થતી જાય છે, જેમ કે પાંચ મહાભૂતો (૧.૧.૭), પાંચ સ્કંધ (૧.૧.૧૭), ચાર ધાતુ (૧.૧.૧૮), કર્મ ખપાવવાં (૨.૧.૧૫, ૧૨.૧૫, ઈ.), સામાયિક (૨.૨.૨૦, ૩૧, ૧૬.૪), કૃત-કલિ-ત્રેતા-દ્વાપર (૨.૨.૨૩), અનુત્તરજ્ઞાની-અનુત્તરદર્શી, અનુત્તરજ્ઞાનદર્શનધર (૨.૩.૨૨, સરખાવો ૯.૨૪), પરિષહ-ઉપસર્ગોની પ્રાથમિક ભૂમિકા (૩, સરખાવો ૧૬-૩), સ્ત્રીવેદ (૪.૧.૨૦,૨૩, આ પરિભાષા બ્રાહ્મણ પરંપરામાંથી ઉદ્ભવી છે, જુઓ બોલ્લે II પૃ.૧૫૯), પ્રત્યાખ્યાત-પાપ (૮.૧૪), કર્મી (૯.૪). સમવસરણ (૧૨), તથ્યાતથ્ય, પોગ્ગલ (૧૩.૧૫), આસ્રવ-સંવર-નિર્જર (૧૨.૨૧, સરખાવો सव्वे संगा महासवा ३.२.१३ અને निज्जंतए १४.७), મોહનીય-કર્મ (मोहणिज्जेण कडेण कम्मुणा २.३.१२), દર્શનાવરણીય-કર્મ (સરખાવો - दंसणावरणंतए १५.१), ઇત્યાદિ. આવા અને બીજા વિકસતી કોટિના સ્તરોના સંકેતો અહીંથી મળી શકે છે.

(૨) ઉત્તરાધ્યયન-(કુલ ૧-૩૬ અધ્યયનો) વૈરાગ્યલક્ષી કાવ્ય રચનાનો એક ગ્રંથ છે. તેના અધ્યયન ૨માં તથા ૧૬માં પ્રથમ ગદ્ય અને પછી ગાથાઓ રચાઈ છે, પણ તેનું અધ્યયન ૨૯મું સંપૂર્ણ ગદ્યમય છે. ઉત્તરાધ્યયનનાં લગભગ ૧૧ અધ્યયનો (૯, ૧૨-૧૪, ૧૮-૨૩, ૨૫) સંવાદમય કાવ્યરચના છે. તેનાં કેટલાંક અધ્યયનોમાં (દા.ત. ૭,૮,૧૦,૩૨,૩૫) પાંચ મહાવ્રતો અને ભાવનાઓ (§ ૨.૧) પણ વણી લીધી છે. ઉત્તરાધ્યયનમાં આચાર-બ્રહ્મચર્યના વિચારો (જેવા કે: પાપકર્મ આચરનાર, પાપકર્મનું આચરણ કરાવનાર, પાપકર્મને અનુમોદન આપનાર, ઈ.) પણ મળે છે, જેમ કે, "गुत्त" સાથે ૬.૧૧, ૮.૧૦, ૧૨.૩, વ., "संवुड" અને "तिविहेण" સાથે ૧૫.૧૨, છ-જીવ-નિકાયો વિકસિત અર્થમાં (૪.૪, ૧૦.૫-૧૩, ૩૫.૧-૨), પાંચ મહાવ્રતો (૧.૪૭). ઉત્તરાધ્યયન ૧ અને દશવૈકાલિક ૯, બંનેનાં વિષયવસ્તુ (ગુરુશિષ્ય વિનય) સરખાં છે, ઉપરાંત ઉત્તરાધ્યયન ૧૫ અને દશવૈકાલિક ૧૦નાં કાવ્યશીર્ષક અને ધ્રુવપંક્તિઓ (स-भिक्खू) સરખાં જાય છે (જુઓ આલ્સદોર્ફ Kl.Sch. પૃ.૨૩૦-૨૩૧).[૩૩]

ઉત્તરાધ્યયનમાં નવી પરિભાષા પણ વ્યક્ત થાય છે. તેના અધ્યયન ૬માં, ભિક્ષુઓના આચાર-નિયમોમાં અપ્રત્યાખ્યાત-પાપ (ગાથા ૮, સરખાવો-પ્રત્યાખ્યાત-પાપ, સૂત્રકૃતાંગ I ૮.૧૪), અધ્યયન ૫માં સામાયિક, અંગ (=જૈન આગમ, ગાથા ૨૩, જુઓ ૧૧-૨૬), અધ્યયન ૧૧માં શંખ-ચક્ર-ગદા ધારણ કરનાર વાસુદેવ (ગાથા ૨૧, આવો ઉલ્લેખ ગુપ્ત સમયનું સૂચન કરે છે, જુઓ બોલ્લે IT. 1988, પૃ.૧૫૪) ઇત્યાદિ પરિભાષાઓ નવી છે. ઉત્તરાધ્યયનનાં ઘણાં અધ્યયનો (દા.ત. ૨,૪, ૧૬, ૨૪, ૨૬, ૨૮-૩૧, ૩૩-૩૪, ૩૬) જૈન વિચારધારાની પરિપક્વ ભૂમિકા વ્યક્ત કરે છે. આ વિષે આગળ વિવરણ કરવામાં આવ્યું છે. તેનાં કેટલાંક અધ્યયનોમાં છ-જીવ નિકાયોનું વિકસિત વર્ણન પણ મળે છે (જુઓ ૪.૪, ૧૦.૫-૧૩, ૩૫.૧-૧૨). ઉત્તરાધ્યયન ૧.૪૭માં પાંચ મહાવ્રતોનું નિદર્શન થયું છે.

આ ૧-૩૬ માંથી કેટલાંક કાવ્યો પ્રાચીન જાતકકથાઓમાંથી જન્મ પામ્યાં છે અને ઉત્તરાધ્યયનમાં તેને જૈન વિચારોનો સ્વાંગ આપ્યો છે. (જુઓ § ૧.૮). સમય જતાં તેની ઘણી ગાથાઓ ક્ષેપ-પ્રક્ષેપના લીધે વિસ્તાર પામી. ઉત્તરાધ્યયનમાં પ્રાચીન સમયથી ચાલી આવતી જૈન વિચારોની પરંપરાના ઇતિહાસની કાંઈ રૂપરેખા પણ મળે છે. પરંતુ તે વિશેષ સંવાદમય ગ્રંથ હોવાથી તેમાં તત્ત્વવિચારણાની દૃષ્ટિએ આવશ્યક માહિતી ભાગ્યે જ મળી રહે છે. અહીં તેવી બાબતોનો કાંઈ પરિચય આપવામાં આવ્યો છે.

ઉત્તરાધ્યયન જણાવે છે કે જીવનો નાશ હોતો નથી (૨.૨૭ - આ ગાથા શારપેન્ટીયરે પ્રક્ષિપ્ત માની છે), ઉપનિષદો પણ જણાવે છે કે જીવ મરતો નથી (न जीवो म्रियते છાંદોગ્ય ઉપનિષદ ૬.૧૨.૨) અથવા આત્મા અવિનાશી છે (अविनाशी वा अरे-अयमात्मा બૃહદારણ્યક ઉપનિષદ ૪.૫.૧૪).

ઇતર વિચારસરણી (આત્મા શરીરમાં વધે છે, નાશ પામે છે, પણ રહેતો નથી...)દર્શાવતી ઉત્તરાધ્યયની ૧૪.૧૮ ગાથા સ્પષ્ટ કરે છે કે જેમ અરણિમાં અગ્નિ, દૂધમાં ઘી અને તલમાં તેલ ''અસત્'' (અમૂર્ત ?) છે તેમ જીવાત્મા ''અસત્'' છે, તેના જવાબરૂપે આગળ ૧૪.૧૯ ગાથા સિદ્ધાંત રજૂ કરે છે કે આત્મા ઇંદ્રિયગ્રાહ્ય નથી; અમૂર્તભાવે છે, અને અમૂર્તભાવ હોવા છતાં ય તે નિત્ય છે (जहा य अग्गी अरणी असन्तो खीरे घयं तेल्लमहा तिलेसु...ગાથા ૧૮, नो इंदियग्गेज्झ अमुत्तभावा अगुत्तभावा वि य होइ निच्चो ગાથા ૧૯). શ્વેતાશ્વતર ઉપનિષદ (૧.૧૫) પણ કહે છે કે तिलेषु तैलं दधनीव सर्पिः...अरणीषु अग्निः, एवमात्मात्मनि गृह्यते (તલમાં તેલ, દૂધમાં ઘી...અને અરણિમાં અગ્નિ, એમ આત્મામાં -પોતામાં - આત્માને જાણી શકાય - ગ્રહી શકાય, સરખાવો अरण्यो र्निहितो जातवेदा...एतद् वै तत् કઠ ઉપનિષદ ૨.૪.૮). આત્મા અગૃહ્ય છે (आत्मा अगृह्यो न गृह्यते બૃહદારણ્યક ઉપનિષદ ૪.૨.૪), આત્મા અજ, નિત્ય અને શાશ્વત છે (अजो नित्यः शाश्वतोऽयं...કઠ ઉપનિષદ ૧.૨.૧૮).

ઉત્તરાધ્યયન જણાવે છે કે જિતેંદ્રિય સર્વતઃ મુક્ત (૧૫.૧૬) અને સર્વ સંગરહિત છેઃ તે કર્મ-રજ વગરનો અને સિદ્ધ છે (૧૮.૫૪ : શારપેંટીયરના મતે પ્રક્ષિપ્ત). તે સર્વ ભૂતોમાં કે શત્રુ-મિત્રોમાં, લાભ-અલાભમાં, સુખ-દુઃખમાં, નિંદા-પ્રશંસામાં, માન-અપમાનમાં સમતા રાખે છે (समया सव्वभूएसु सत्तुमित्तेसु वा ૧૯.૨૫, लाभालाभे सुहे दुक्खे...समो निंदा पसंसासु तहा माणावमाणओ ૧૯.૯૦, સરખાવો અનુક્રમે ગીતા - समः शत्रौ च मित्रे च ૧૨.૧૮, सुखदुःखे समे कृत्वा लाभालाभौ...૨.૩૮, समः...मानापमानयोः ૧૨.૧૮, तुल्यनिंदास्तुतिः ૨૧.૧૯, વળી જુઓ ગીતા ૧૪. ૨૪-૨૫). ઉપરાંત તે વિરકતે સર્વ આરંભો ત્યજી દીધા છે (૧૯.૨૯ सव्वारंभपरिच्चाओ = सर्वारंभपरित्यागी ગીતા ૧૨.૧૬) અને તેને માટી, (પત્થર) અને સોનું સરખાં છે (૩૫.૧૩ - समलेट्ठुकंचणे = समलोष्टाश्मकांचनः ગીતા ૧૪.૨૪; ઉત્તરાધ્યયન ૩૫.૧૩ છંદભંગ થાય છે). ઉત્તરાધ્યયનના એક સંવાદ કાવ્યમાં તપના આચરણને તલવારની ધાર પર ચાલવા જેવું દુષ્કર જણાવ્યું છે (असिधारागमणं चेव दुक्करं चरिउं तवो ૧૯,૩૭) કઠઉપનિષદ પણ જણાવે છે કે क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत् कवयो वदंति (૧.૩.૧૪ કવિઓ કહે છે કે અસ્ત્રાની તીક્ષ્ણ ધાર પર ચાલવાનું મુશ્કેલ છે, તે રસ્તો ખેડવો કઠણ છે).

વળી ઉત્તરાધ્યયન આગળ જણાવે છે કે રાગ અને દ્વેષ કર્મનું બીજ છે, કર્મ મોહથી ઉપજે છે, કર્મ જન્મમરણનું મૂળ છે (૩૨.૭). રાગ દ્વેષના નાશથી મોક્ષનું સુખ મળે છે (૩૨.૨) શારીરિક-માનસિક દુઃખો દૂર કરવા રાગ છોડવો જરૂરી છે (जं काइयं माणसियं च किं-चि तस्सन्तगं गच्छइ वीयरागो ३२.१९). ઇંદ્રિયોના અર્થમાંથી મન દૂર કરી લેવું (૩૨.૨૦, ૩૯, ૫૨, ૬૫, ૭૮, ૯૧). વિરાગીને કોઈ કર્મ લેપાયમાન નથી (૩૨.૩૬ સરખાવો जितेन्द्रियः...कुर्वन्नपि न लिप्यते ગીતા ૫.૭). પાણીમાં રહેવા છતાં કમળનું પાંદડું જેમ પાણીથી લેપાતું નથી તેમ જે વ્યક્તિ રૂપ, રસ, ઇત્યાદિ વિષયોમાં વિરક્ત થઈ તે સંસારમાં રહે તો પણ દુઃખોના પૂરની પરંપરાથી લેપાતો નથી (સરખાવો - रुवे विरत्तो...न लिप्पए भवमज्झे वि संतो जलेण वा पोक्खरिणी-

पलासं ૩૨.૩૪, ૪૭, ૬૦, ૭૩, ૮૬, ૯૯). છાંદોગ્ય ઉપનિષદ (૪.૧૪.૩) પણ એ જ કહે છે કે **यथा पुष्करपलाश आपो न श्लिष्यन्त एवमेवंविदि पापं कर्म न श्लिष्यते** (કમળના પાંદડા પર જેમ પાણી લાગતું નથી - કમળના પાંદડાને જેમ પાણી ભીંજવતું નથી - તેમ આવા - બ્રહ્મ/આત્મ જ્ઞાનીને પાપકર્મ લાગતું નથી. સરખાવો आत्मवन्तं न कर्माणि निबध्नंति...ગીતા ૫.૪૧). ઉત્તરાધ્યયનમાં આવા વિચારો પુનરાવર્તન પામતા રહ્યા છે, જેમ કે जहा पोमं जले जायं नोवलिप्पइ वारिणा, एवं अलित्तं कामेहिं तं वयं बूम माहणा ૨૫.૨૭ (પાણીમાં ઊગેલું પદ્મ પાણીથી જેમ લેપાતું નથી તેમ જે કામથી અલિપ્ત છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ સરખાવો - लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ગીતા ૫.૧૦ અને पण्णे वारि यथा न लिप्पति સુત્તનિપાત ૪૪.૯, જુઓ ૪૪.૮).

ઉત્તરાધ્યયનની ૯.૧૪ ગાથા - **मिहिलाए डज्झमाणीए न मे डज्झइ किंचण** (મિથિલા સળગી રહી છે ત્યારે મારું કાંઈ બળતું નથી). બહુ જ પ્રખ્યાત છે અને તે લગભગ ઘણા ગ્રંથોમાં મળી આવે છે તેવું શારપેન્ટીયરે (પૃ.૩૧૪) નોંધ્યું છે (દા.ત. જાતકકથા ૫૩૯, સંયુત્તનિકાય ૧, મહાવસ્તુ ૩, મહાભારત ૧૨.૯૯૧૭ ઈ., જુઓ આલ્સદોર્ફ- Kl.Sch. પૃ.૨૨૧ : મહાભારત-જાતકકથાના આધારે આ ગાથા રચાઈ છે!). આવા વિરક્ત રાગદ્વેષથી પર વિદ્વાનને કાંઈ પ્રિય-અપ્રિય હોતું નથી. તે સર્વત્ર સમતાથી વર્તે છે (**पियं न विज्जई किंचि अप्पियं पि न विज्जई** – ઉત્તરાધ્યયન ૯.૧૫). છાંદોગ્ય ઉપનિષદ મુજબ તે મુક્ત અશરીરી હોતાં તેને પ્રિય-અપ્રિય સ્પર્શતાં નથી (अशरीरं वाव सन्तं न प्रियाप्रिये स्पृशतः ૮.૧૨.૧).

આજે પ્રાપ્ત થતા ઉત્તરાધ્યયનમાં મળી આવતી ક્ષેપક ગાથાઓની પૃષ્ઠ ભૂમિકામાં મૂળ પ્રાચીન ઉત્તરાધ્યયનની વૈરાગ્યલક્ષી કાવ્યરચનામાં શરૂ થતો જૈન પરંપરાનો એક પ્રાચીન ઇતિહાસ દૃષ્ટિગોચર થાય છે. આધુનિક જૈન દર્શનમાં સ્વીકારેલા ઘણા શાસ્ત્ર સિદ્ધાન્તો આજના ઉત્તરાધ્યયનમાં મળી રહે છે. પરંતુ આવી પરિસ્થિતિ આપણને દશવૈકાલિકમાં નથી મળતી.

(૩) દશવૈકાલિકનાં કુલ ૧-૧૨ અધ્યયનોમાં છેલ્લાં બે અધ્યયનો (૧૧-૧૨) ચૂલિકા કહેવાય છે. આ બધાં અધ્યયનોમાં આચારાંગ-વિચારધારા કંઈક જુદી રીતે રજૂ થઈ છે. તેમાં પણ સમદર્શી, દમનશીલને પાપકર્મ બાંધતું નથી એમ કહ્યું છે (જુઓ § ૧.૩). ભિક્ષામાં કાંઈ મળે કે ન મળે તો તેમાં તેણે હર્ષ કે શોક ન કરવો (૫.૨.૩૦ = આચાર I ૨.૫.૮૯, જુઓ § ૧.૨). ક્રોધ, માન, માયા, લોભ પુનર્ભવનાં મૂળ સિંચનારાં છે (૮.૩૯). કાચબાનાં અંગોની જેમ વિદ્વાને સર્વ ઇંદ્રિયોને અંદર (ચિત્તમાં) સંકેલી લેવી અને સાંસારિક વિષયોથી ગુપ્ત રહેવું (૮.૪૦, ૪૪, જુઓ ઉપર). દશવૈકાલિક જિતેંદ્રિય અને સત્યરત તપસ્વીને માનાર્હ અને પૂજ્ય ગણે છે (૯.૩.૧૩, સત્યરત માટે જુઓ § ૧.૮માં ૩).

દશવૈકાલિક ૪, આચાર I- શસ્ત્રપરિજ્ઞાની પૂર્વભૂમિકા પર રચાયું છે. તેમાં પાંચ વ્રતોના વિસ્તાર સાથે રાત્રી-ભોજન-ત્યાગ-પૂર્વક ભિક્ષુના નિયમો દર્શાવ્યા છે. તેમાં આવતા છ-જીવનિકા શબ્દથી પૃથ્વી, પાણી, ઇત્યાદિ છ પદાર્થોમાં કે તેની આસપાસ રહેતાં પ્રાણીઓનું વર્ણન છે (જુઓ **तयस्सिए** – ૬.૨૭, ૩૧, ૪૨, ૪૫, ૧૦૪, **तयस्सिए = तदाश्रित** – દશવૈકાલિક ચૂર્ણિ પૃ.૧૦૩ મુજબ જીવનિકા = નિવાસ જુઓ ઉપર §§ ૧.૧.૧ અને ૧.૧.૨). દશવૈકાલિક મુક્તાત્માને સર્વસંગરહિત (**सव्वसंगावगए** ૧૦.૧૬) કહે છે, તે સંવુડ છે, દમનશીલ છે (૯,૪-૧૦). દશવૈકાલિકે તેનાં અધ્યયનોમાં ભાવનાને ખૂબ મહત્ત્વ આપ્યું છે (દા.ત. ૧.૪.૧-૬, ૬.૯-૨૬, ૮.૨-૧૨, - સમગ્ર દૃષ્ટિએ જોતાં અધ્યયનો ૧-૩, ૫, ૮, ૧૦, ૧૨). તેમ તેનાં કેટલાંક અધ્યયનોમાં (દા.ત. ૪,૬) પાંચ મહાવ્રતો અને છ-જીવનિકાને અનુસરી તો કોઈવાર ભાવનાને અનુસરી (દા.ત. અધ્યયન ૭ - સત્યવ્રતની ભાવનાઓ, અને અધ્યયન ૧૧) વિવેચન કર્યું છે. દશવૈકાલિ ૯ અને ઉત્તરાધ્યયન ૧ નાં વિષયવસ્તુ (ગુરુ-શિષ્ય-વિનય) સરખાં જાય છે, તથા દશવૈકાલિક ૧૦ અને ઉત્તરાધ્યયન ૧૫, એ બંનેનાં શીર્ષક અને

ધ્રુવપંક્તિઓ (स-भिक्खू) સરખી જાય છે (જુઓ ઉપર, ૨માં). દશવૈકાલિકની માધુકરીભિક્ષાવૃત્તિ (महुकार-समा...नाणा-पिंड-रया...साहुणो ૧.૫ ભમરાની સમાન વિવિધ પિંડ - ભિક્ષાન્નમાં રત સાધુઓ) બ્રાહ્મણ પરંપરાના મુનિઓની માધુકર-ભૈક્ષ સાથે સરખાવી શકાય (દા.ત. સંન્યાસ ઉપનિષદ ૭૧ चरेन्माधुकरं भैक्षं यतिर्म्लेच्छकुलादपि - મ્લેચ્છોના કુટુંબમાંથી પણ યતિ ભમરાની જેમ - માધુકર - ભિક્ષાન્ન લે, અને નારદપરિવ્રાજક ઉપનિષદ ૭ - माधुकरवृत्याहारमाहरन् - માધુકરી - વૃત્તિથી - ભમરાની જેમ - આહાર કરતાં...) દશવૈકાલિક ૯ ના ચાર અભિગમો (વિનય-શ્રુત-તપ-આચાર) વટ્ટકેરના મૂલાચાર પ્ર સાથે સરખાવી શકાય.

સૂત્રકૃતાંગ I ની અપેક્ષાએ દશવૈકાલિકમાં જૈન દર્શનનાં કેટલાક તત્ત્વોની પરિપક્વ ભૂમિકા વ્યક્ત થાય છે, જેમ કે જૈન દર્શનનાં જીવ-અજીવ (૪.૧૨-૧૪), પાપ-પુણ્ય, બંધ-મોક્ષ (૪.૧૫-૧૬), સંવર (૪.૧૯), જેવાં તત્ત્વો, તથા જ્ઞાન-દર્શન (૪.૨૧-૨૨, ૬.૧), જૈન આગમોના અર્થમાં શ્રુત-સૂત્ર (૧.૬, ૯.૪). કદાચ, સૂત્રકૃતાંગ I અને દશવૈકાલિક, એમ બંનેની પ્રવૃત્તિ અને પ્રચારની ક્ષેત્રમર્યાદા ભિન્ન ભિન્ન પણ હોઈ શકે, અથવા દશવૈકાલિકમાં બીજાં અધ્યયનોની અપેક્ષાએ ૪થું અધ્યયન ''નવું'' હોય.

દશવૈકાલિક ૫-પિંડેસણાના કેટલાક નિયમો સંન્યાસ ઉપનિષદ ૫૯-૧૦૨, નારદપરિવ્રાજક ઉપનિષદ ૫.૮-૩૬ સાથે સરખાવી શકાય. ઉપરાંત દશવૈકાલિક ૪.૭ कहं चरे?...कहं आसे?...कहं...भासंतो, સરખાવો ગીતા ૨.૫૪ किं प्रभाषेत? किमासीत ? व्रजेत किम् ? અને દશવૈકાલિક ૯.૧.૧૫ जहा ससी...नक्खत्त-तारा-गण-परिवुडप्पा, खे सोहइ विमले अब्भ-मुक्के (નક્ષત્ર અને તારા ગણોથી ઘેરાયેલો ચંદ્ર જેમ વાદળાં વગરના વિમળ આકાશમાં શોભી રહે છે...), સરખાવો नक्षत्र-तारा-ग्रह-संकुलापि ज्योतिष्मती चंद्रमसैव रात्रिः કાલિદાસ-રઘુવંશ ૬.૨૨., વગેરે, વગેરે.[૩૪]

ઉપર જણાવ્યું તે આધારે સ્પષ્ટ થાય છે કે જૈન આગમોના પ્રાચીન સ્તરોમાં મળી આવતી અનેક પરિભાષાઓ ઔપનિષદ અથવા બ્રાહ્મણ વિચારધારા સાથે સરખાવી શકાય છે; અથવા ઔપનિષદ અને જૈન (તથા બૌદ્ધ) વિચારધારાઓ એક જ પરંપરામાંથી જન્મી છે એમ કહી શકાય છે. તેવી કેટલીક વિશિષ્ટ વિચારધારાઓની તો અહીં સંક્ષેપમાં નોંધ માત્ર લીધી છે, તે ઉપરાંત થોડીક નોંધ અહીં-આગળ- પ્રસ્તુત કરવામાં આવે છે.

આચાર-બ્રહ્મચર્યમાં લેપ-નિર્લેપ (૨.૨.૭૪, ૨.૫.૮૯, ૨.૬.૧૦૩) કરતાં સક્ત-અસક્તની પરિભાષા (દા.ત. ૧.૬.૭૨-સરખાવોઃ સૂત્રકૃતાંગ II ૬.૧૯.૨૭, ૩.૧.૧૦૭, ૫.૨.૧૫૩;૧૫૪, ૫.૬.૧૭૬, ૬.૧.૧૭૮;૧૮૦, વગેરે) વિશેષ જણાય છે. આ સાથે સરખાવોઃ છાંદોગ્ય ઉપનિષદ ૪.૧૪.૩, ૫.૧૦.૧૦, કઠ ઉપનિષદ ૨.૫.૧૫, બૃહદારણ્યક ઉપનિષદ ૪.૪.૨૪ તથા ૩.૮.૮, ૪.૪.૬, વગેરે. વળી, આચાર-શસ્ત્રપરિજ્ઞામાં ''સર્વમાં આત્મા છે''-તેવા પ્રકારના જ્ઞાનના સંદર્ભમાં વિકસિત શબ્દપ્રયોગો અને લેપ-નિર્લેપ કે સક્ત-અસક્તની પરિભાષા ઉપરાંત વિચરતા-વિહરતા ભિક્ષુઓ માટે પણ સાંસારિક વાતાવરણના સંદર્ભમાં કેટલાક નવા શબ્દપ્રયોગો જન્મ પામ્યા; જેમકેઃ યત-સંયમ, અપ્રમત્ત-પ્રમત્ત, વિરત, ઉપરત, ઉપશાંત, સમ્યક્ત્વદર્શી, ગુપ્ત-અગુપ્ત, વગેરે. આચાર-બ્રહ્મચર્યમાં હજી અંતઃકરણની ખાસ કોઈ પરિભાષાનો જન્મ થયો ન હતો. फास- સ્પર્શ એ ત્વચાનો વિષય ગણાયો નથી. ઇંદ્રિય-શબ્દ પણ આચાર-બ્રહ્મચર્યના ૮મા અધ્યયનમાં જ આવે છે, પણ આ અધ્યયન પ્રાચીન નથી. આચાર બ્રહ્મચર્યના કેટલાક શબ્દપ્રયોગો (જેમકેઃ વારંવાર આવતા ગુણ-શબ્દ ઉપરાંત, નટ-શબ્દઃ ૫.૧.૧૫૧, અને મધ્યસ્થ-શબ્દ ૮.૮.શ્લોક ૫, વગેરે) પ્રાચીન સાંખ્ય વિચારધારાની અસર સૂચવે છે. યાકોબી (45.SBE) અને શુબ્રીંગે (§§ ૧૦-૧૧) આ અંગે અનેક સૂચનો કર્યાં છે.

ધૂ ધાતુ પાપ કે કર્મ-શરીર ખંખેરી નાખવાના અર્થમાં જેમ આચાર-બ્રહ્મચર્યમાં (સૂત્ર= ૯૯, ૧૪૧, ૧૬૧, વગેરે) કે દશવૈકાલિકમાં (૯.૩.૧૫) વપરાયો છે તેમ તે છાંદોગ્ય ઉપનિષદ (૮.૧૩.૧. विधूय पापं, धूत्वा

शरीरम्), કૌષીતકિ ઉપનિષદ (૧.૪ सुकृत-दुष्कृते धूनुते), મૈત્રાયણિ ઉપનિષદ (૪.૯ निर्धूत-मल...), વગેરે ઉપનિષદોમાં પણ વપરાયો છે. ઉત્તરકાલીન વિકાસમાં પાપને ખંખેરી નાખવા કે ખપાવવા માટે (નિર્જરા) અને ''પૂર્વકૃત કર્મોની'' કલ્પના શરૂ થઈ, જેમકે દશવૈકાલિક ૬.૬૮, ૯.૩.૧૫, ૧૦.૭ તથા સૂત્રકૃતાંગ ૧.૧૫.૨૨, ઉત્તરાધ્યયન ૩.૨૦, આચાર II ૧૬.૮, વગેરે. આ રીતે જૈનદર્શનમાં કાળક્રમે પાંચજ્ઞાનનો વિકાસ થયો તથા નય, સપ્તભંગી જેવી પ્રક્રિયાઓ અસ્તિત્વમાં આવતી ગઈ.

આવા સમય દરમિયાન કર્મ-રજ, કર્મ-પ્રકૃતિ જેવી પરિભાષાઓ જૈન વિચારધારામાં જન્મ પામી. આમાં વિકસિત દશાના સાંખ્ય સિદ્ધાંતની અસર સ્પષ્ટ થાય છે. જૈનદર્શનમાં કર્મના નવા સિદ્ધાંતના આધારે મન-વચન-કાય જેવા ''યોગ''થી જીવમાં કર્મનો આસ્રવ થાય છે) પરિણામે જીવ કર્મ-કષાયથી કલુષિત બને છે એવા વિચારો જન્મ્યા. આવા કર્મના સિદ્ધાંતને લીધે પ્રાચીન જૈન આગમ-અંશોમાંથી મળી આવતાં જીવનાં સ્વાભાવિક લક્ષણો વિસરાતાં ગયાં - અંધારામાં ઓસરાતાં ગયાં. જીવ સ્વભાવે જ અસક્ત, નિર્લેપ ગણાતો, તે હવે ઘણા સ્વાભાવિક ગુણોવાળો બન્યો (જુઓ ગ્લાસેનપ પાનું ૧૮); જેમકે જીવ સ્વભાવે જ પરિવર્તનશીલ છે, પ્રવૃત્તિશીલ છે અને કલુષિત (કષાયયુક્ત) પણ બને છે. તેની જુદી જુદી લેશ્યાઓ પણ હોય છે (જુઓ ઉત્તરાધ્યયન ૩૪ અને આલ્સદોર્ફ - આર્યા પા. ૨૧૪, વિસ્તાર માટે જુઓ શૂબ્રીંગ – §§ ૯૭-૯૮). તે જુદા જુદા પ્રદેશો પણ ધરાવે છે (જુઓ દશવૈકાલિક નિર્યુક્તિ ૧૩૬). તે કર્તા પણ છે અને ભોક્તા પણ છે. તેનો અજીવ પદાર્થ સાથેનો સંબંધ કલ્પિત નથી, યથાર્થ છે. જીવ પરિમિત છે, શરીરના પરિમાણ જેવડો છે, વગેરે ઉત્તરકાલીન વિકસિત દશામાં અને આજે પણ પ્રચલિત થયેલા જૈનદર્શનમાં સહજ મળી આવતા જીવના ઉપર્યુક્ત સ્વાભાવિક ગુણોના સમર્થન માટે સંક્ષેપમાં નીચે આપેલી ગાથાઓ પર્યાપ્ત ઉદાહરણ પૂરું પાડે છે:

जदि सुहो व असुहो न हवदि आदा सयं सहावेण ।
संसारो वि न विज्जदि सव्वेसिं जीवकयाणं ।। (પ્રવચનસાર, ૧.૪૬)

''જો આત્મા નિજી સ્વભાવથી જ શુભ કે અશુભ ન થતો હોય તો સર્વે જીવોનો સંસાર પણ ન હોય ! (જુઓ ભટ્ટ, ZDMG). સરખાવો:

मिच्छा भवेतु सव्वत्था जे केई पारलोइया ।
कत्ता चोवभोत्ता य जदि जीवो ण विज्जई ॥
(દશવૈકાલિક, નિર્યુક્તિ, ૧૨૮).

ઉપનિષદોની તથા આચાર-શસ્ત્રપરિજ્ઞાની પ્રાચીન વિચારધારામાં કર્મ નહીં, પણ તેનાથી થતા રાગ-દ્વેષ - આસક્તિ - જ જીવને બંધનરૂપ હતાં, કર્મ ગૌણ હતું. પરંતુ હવે ''નવા'' જૈનદર્શનમાં રાગ-દ્વેષાદિને મુખ્ય બંધનરૂપ ગણ્યાં તો ખરાં, પણ તેના કરતાંય કર્મને વિશેષ પ્રાધાન્ય આપ્યું. રાગદ્વેષાદિને કષાયમાં આવરી લઈ જૈન વિચારકોએ સમગ્ર કર્મ-પ્રકૃતિનો સૂક્ષ્મ વિસ્તાર આદર્યો. કર્મનો આઠ પ્રકારે વિભાગ થયો. દરેકનાં પ્રકૃતિ-સ્થિતિ-અનુભાવ-પ્રદેશ કલ્પવામાં આવ્યાં. તેઓનાં અણુ પ્રદેશયુક્ત ગણાયાં. તેઓ પાપ-કર્મ અને શુભ-કર્મને, જ્ઞાન તથા દર્શનને, નામ તથા આયુને - સૌને - સમેટી લે છે.

આ અને આવા અનેક પ્રકારની નવી વિકસિત પ્રક્રિયા પાછળ શું કારણ હશે ? આચાર-શસ્ત્રપરિજ્ઞાની તૂટક - વેરવિખેર - ગહન વિચારધારાના ઊંડા અભ્યાસની રહી જવા પામેલી પરંપરાગત ઉપેક્ષા, કે શસ્ત્રપરિજ્ઞાના પર્યાપ્ત જ્ઞાનનો અભાવ પણ તેનું કારણ હોઈ શકે. અથવા તો, પ્રાચીન સાંખ્ય પરંપરામાંથી જ જૈનદર્શનમાં આવી કોઈ નવી વિકાસ-પ્રક્રિયા શરૂ થઈ હોય. અને આવાં બધાં કારણો જૈનદર્શનને પ્રાચીન ઔપનિષદ દર્શનથી ભિન્ન ગણાવવા કદાચ સહાયક થઈ પડયાં હોય.. જૈનદર્શનના અતિ પ્રાચીન મૌલિક સિદ્ધાંતો લગભગ તદ્દન અજ્ઞાત

અંધકારપટમાં રહી જવા પાછળ આ સર્વે કારણોએ એક સાથે વત્તા ઓછા અંશે મુખ્ય ભાગ ભજવ્યો હોય એમ લાગે છે.

ઉપનિષદોમાં પણ કોઈ અમુક વિચારધારાની સળંગસૂત્રતા જળવાઈ રહી નથી. તેમાં પણ કાળક્રમે વિકાસ થતો ગયો છે. તેમાં સાંખ્ય-યોગ, ન્યાય-વૈશેષિક, વેદાંત, વગેરે ઉત્તરકાલીન દાર્શનિક વિચારસરણીઓના સ્રોત મળે છે. આ દાર્શનિક વિચારસરણીના આધારે વિકસેલા અદ્વૈત, દ્વૈત, દ્વૈતાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, વગેરે મતમતાંતરો કે શૈવ, વૈષ્ણવ, વગેરે પ્રકારના સંપ્રદાયો-ધર્મોએ ઉપનિષદોને તો સમગ્રદષ્ટિએ પોતપોતાની વિચારણાના આદિ સ્રોતરૂપે સ્વીકાર્યાં પણ છે. આ સર્વે મતો-ધર્મોના વિકાસની કાંઈ પરાકાષ્ઠા આપણને પુરાણોમાંથી પ્રાપ્ત થાય છે, એમ કહી શકાય. આ સ્તરોને સૂચવવા અહીં ''હિંદુ'' શબ્દ રૂઢ થયો.[૩૫] હિંદુ-ધર્મ કોઈ એક બિશિષ્ટ ધર્મ નથી, પણ તે ઔપનિષદ વિચારધારામાંથી જન્મેલી સર્વ પ્રકારોની વિચારસરણીઓનો દ્યોતક,-સર્વને આવરી લેતો, એક સામાન્ય શબ્દ છે. આ પ્રકારોમાં જૈન (અને બૌદ્ધ) મત પણ સમાઈ જાય. પરંતુ જૈન વિચારકોએ તેમની વિચારધારાને ઔપનિષદ વિચારધારાથી ભિન્ન ગણાવવા કોશિશ કરી.[૩૬]

''શુભ અને અશુભ, જ્ઞાન અને અજ્ઞાન, નામ અને રૂપ,-તે બધું અવિદ્યા છે, અને જીવ મુક્તિ ન પામે ત્યાં લગી-બંધનદશા સુધી જ - તે સર્વેની જાળમાં ફસાયેલો રહે છે''-આવા પ્રકારના ઔપનિષદ વિચારધારાના સિદ્ધાંતોનું હાર્દ સૂચવતાં વિધાનો સાથે જૈનદર્શનના સિદ્ધાંતોનું હાર્દ સૂચવતાં વિધાનો-જેવાં કે.'' શુભ અને અશુભ, જ્ઞાન અને દર્શન, નામ અને ગોત્ર, વગેરે બધું કર્મપ્રકૃતિ કે કષાયના લીધે હોય છે, અને જીવ મુક્તિ ન પામે ત્યાં લગીજ તે સર્વેની જાળમાં ફસાયેલો રહે છે''-સાથે સરખાવી શકાય. આવાં બંને પ્રકારનાં વિધાનોમાં પરિભાષા જ ભિન્ન તરી આવે છે એટલું જ; પરંતુ તે સિવાય તેમાં ભાગ્યે જ કોઈ તાત્ત્વિક ભેદ જણાશે. પ્રાચીન વિચારધારામાં તેમ જ આચાર-શસ્ત્રપરિજ્ઞાની વિચારધારામાં જીવનાં લક્ષણો અનેક રીતે સમાન જતાં, પણ જૈનદર્શનને જૈનેતર-દર્શનથી ભિન્ન ચિતરવા કે કોઈ એવા આશયથી શિષ્ટસમયના ઉત્તરકાલીન (આશરે ઈ.સ. ૨-૩ સદી પછીના) જૈન વિચારકોએ કર્મ-કષાયના સિદ્ધાંતથી જીવનાં લક્ષણોની અન્યથા પુનઃવિચારણા કરી, તે લક્ષણોમાં ફેરફાર કર્યાં અને અંતે, તેઓ જીવને સંપૂર્ણ જૈન-લક્ષણોવાળો કરી મૂકીને વિરમ્યા. તેમણે જીવના પાયાનાં સ્વભાવગત લક્ષણોના વિચારો વહેતા મૂકનારા શસ્ત્રપરિજ્ઞાના મૌલિક સિદ્ધાંતો પર સખત ''આઘાત'' કર્યો. પરિણામે, જૈનદર્શનના મૌલિક સિદ્ધાંતો પાંગરે તે પહેલાંજ તે પર અંધકાર-પછેડો પડયો. આચાર-શસ્ત્રપરિજ્ઞાના મૌલિક સિદ્ધાંતોનું આ પ્રકરણ પ્રાચીન ભારતીય તત્ત્વજ્ઞાનના ઈતિહાસમાં હજી પણ તદ્દન અજાણ્યું અને અંધકારમય રહ્યું છે !

❑

## • પાદટીપ •

